25

# આફ્રિકાની

# એચ. એચ. આગાખાન શીયા ઈમામી ઈસ્માઈલીયા કાઉન્સીલોના

# બંધારણ, નિયમો

# અને

# કાયદાઓ.

# આફ્રિકાની હીઝ હાઇનેસ આગાખાન

ની

# શીયા ઇમામી ઇસ્માઇલીયા કાઉન્સીલો

ના

# બંધારણ, નિયમો

અને

# કાયદાઓ.

છપાવી પ્રસિધ્ધ કરનાર:-

હીઝ હાઇનેસ આગાખાન શીયા ઇમામી
ઇસ્માઇલીયા ફેડરલ કાઉન્સીલ ફોર આફ્રિકા.

ડીસેમ્બર, ૧૯૫૪. મોમ્બાસા.

# પ્રસ્તાવના

આફ્રિકાના શીયા ઈમામી ઇસ્માઇલીયા જમાતોના કાર્યોના બધી શીયા ઇમામી ઇસ્માઇલી જમાતોના હિતમાં નિયમીતરીતે અને પદ્ધતિસર વ્યવસ્થા કરવામાં અને સંચાલન કરવામાં આવે તથા સરકાર સાહેબી કારસાજી આખા આફ્રિકામાં યોગ્ય રીતે એકઠી કરવામાં આવે, એ ઇચ્છનિય હોઇને આ બનાવેલા કાયદાઓ અનુસાર, તેને લગતી સઘળી અગત્યની બાબતો અને વિગતો ઇસ્માઈલીયા કાઉન્સીલો સમક્ષ મજકૂર કાઉન્સીલોના ધોરણસર ભરવામાં આવતી બેઠકમાં તેના નિકાલ અને નિરાકરણ અર્થે પેશ કરવામાં આવશે.

તેથી મૌલાના હાઝર ઈમામ હીઝ હાઇનેસ ધી આગાખાન તરફથી કૃપાની રાહે સઘળી કાઉન્સીલોની ઈચ્છા અનુસાર, આફ્રિકાની હીઝ હાઇનેસ આગાખાન શીયા ઈમામી ઇસ્માઇલીયા કાઉન્સીલો માટે બંધારણ, કાયદા અને કાનુનો બનાવવા માટેની મંજૂરી ફરમાવી છે.

"કાઉન્સીલ" "આપણી કાઉન્સીલ", "ઇસ્માઇલીયા કાઉન્સીલ," વિગેરે, વિગેરે શબ્દોનો

ઉલ્લેખ જ્યાં સુધી આ નિયમો અને કાયદાઓ સબંધ ધરાવે છે ત્યાં સુધી આખા આફ્રિકામાં મૌલાના હાઝર ઈમામ હીઝ હાઇનેસ ધી આગાખાનના શીયા ઈમામી ઈસ્માઇલી મુરીદોના લાભાર્થે સ્થાપિત થયેલ કાઉન્સીલો ગણાશે.

"ઈસ્માઈલી" શબ્દનો આ કાયદામાં થયેલ ઉલ્લેખનો અર્થ, મૌલાના હાઝર ઈમામ હીઝ હાઈનેસ ધી આગાખાન અને તેવણની ઇમામતની ગાદીના હક્કદાર વારસના શીયા ઈમામી ઈસ્માઈલી મુરીદ થશે.

નીચેનાં કોઇપણ જાતના નામોના સબંધ અંગેનો અર્થ મૌલાના હાઝર ઇમામ હીઝ હાઈનેસ ધી રાઇટ ઓનરેબલ સર સુલતાન મહમ-દશાહ આગાખાન પી. સી. જી. સી. વી. ઓ. અને ઈમામતની ગાદીના તેમના હક્કદાર વારસ થાય છેઃ-

હઝરત મૌલાના ધણી સલામત દાતાર, પીર સલામત, સરકાર સાહેબ, સરકાર સાહેબી, હૂઝૂર, હાઝર ઇમામ, આગાખાન, આગા સાહેબ, સરકાર આગાખાન, નામદાર આગાખાન, ખુદાવંદ, શાહ પીર, પીર શાહ, ગુરપીર, સલામત દાતાર, મૌલાના, મૌલા અલી, ઈમામ હુસેન, શ્રી નકલંક વિગેરે, વિગેરેઃ-

# અનુક્રમણિકા.

## પ્રકરણ પહેલું

## ફેડરલ કાઉન્સીલને લગતા કાયદાઓ.


| | | |
|---|---|---|
| ૧. | ફેડરલ કાઉન્સીલની ઓળખ | પાનું ૧ |
| ૨. | ફેડરલ કાઉન્સીલની મેમ્બરશીપ | ,, ૧ |
| ૩. | ફેડરલ કાઉન્સીલની એકઝીકયુટીવ કમીટી | ,, ૧ |
| ૪. | ફેડરલ કાઉન્સીલની કામગીરી અને ફરજો વિગેરે | ,, ૧,૨,૩ |
| ૫. | ફેડરલ કાઉન્સીલની સેશનનો સમય | ,, ૩ |
| ૬. | ફેડરલ કાઉન્સીલનું કોરમ | ,, ૩,૪ |
| ૭. | ચુકાદામાં સહીઓ | ,, ૪ |
| ૮. | એકઝીકયુટીવ કમીટીની સત્તા | ,, ૪ |
| ૯. | ફેડરલ કાઉન્સીલના હોદ્દાની મુદત | ,, ૪ |
| ૧૦. | સેન્ટ્રલ ઓરફનેજ અંગેની કામગીરી | ,, ૪ |

૧૧. ફેડરલ કાઉન્સીલના સભ્યે કોઈ
અન્ય સુપ્રીમ કે પ્રોવીન્શીયલ કાઉન્સીલના
મેમ્બર ન થઇ શકવા બાબત પાનું ૪-૫

૧૨. નાદાર જાહેર થતાં આપોઆપ
સભ્યપણાંમાંથી કમી થવા બાબત ,, ૫

# પ્રકરણ બીજું

# સુપ્રીમ કાઉન્સીલોને લગતા કાયદાઓ.

૨. સુપ્રીમ કાઉન્સીલના નામકરણ બાબત પાનું ૬

એ. ટાંગાનીકા સુપ્રીમ કાઉન્સીલ તેની
મેમ્બરશીપ અને સેશનનું સ્થળ, વિગેરે ,, ૬

બી. કીનીયા સુપ્રીમ કાઉન્સીલ તેની
મેમ્બરશીપ અને સેશનનું સ્થળ, વિગેરે ,, ૮

સી. યુગાન્ડા સુપ્રીમ કાઉન્સીલ તેની
મેમ્બરશીપ અને સેશનનું સ્થળ વિગેરે ,, ૯

ડી. સાઉથ-પોર્ટુગીઝ ઇસ્ટ આફ્રિકા
સુપ્રીમ કાઉન્સીલ, તેની મેમ્બરશીપ
અને સેશનનું સ્થળ, વિગેરે. ,, ૧૦

ઈ. માડાગાસ્કર સુપ્રીમ કાઉન્સીલ, તેની મેમ્બરશીપ અને સેશનનું સ્થળ, વિગેરે પાનું ૧૧

૨. પ્રોવીન્શીયલ કાઉન્સીલના પ્રેસીડન્ટ અને સભ્ય પોતાની કાઉન્સીલને સ્પર્શતી બાબતમાં ભાગ ન લેવા કે વોટ ન આપવા બાબત પાનું ૧૨–૧૩

૩. સુપ્રીમ કાઉન્સીલના હોદ્દાની મુદત ,, ૧૩

૪. સુપ્રીમ કાઉન્સીલની સેશનનો સમય ,, ૧૩

એ. ટાંગાનીકા સુપ્રીમ કાઉન્સીલ ,, ૧૩

બી. કીન્યા સુપ્રીમ કાઉન્સીલ ,, ૧૩

સી. યુગાન્ડા સુપ્રીમ કાઉન્સીલ ,, ૧૩

ડી. સાઉથ-પોર્ટુગીઝ ઈસ્ટ આફ્રિકા સુપ્રીમ કાઉન્સીલ ,, ૧૪

ઈ. માડાગાસ્કર સુપ્રીમ કાઉન્સીલ ,, ૧૪

૫. એકઝીકયુટીવ કમીટીની સતાની મર્યાદા ,, ૧૫

૬. સુપ્રીમ કાઉન્સીલનું કોરમ ,, ૧૫

૭. સુપ્રીમ કાઉન્સીલના સભ્યોએ પોતાના ખર્ચે પ્રવાસ કરવા બાબત ,, ૧૫

—૭—

૮. હોદ્દાની મુદ્દતની પુર્ણાહુતી અને આપવાના
રાજીનામા બાબત પાનું ૧૫

૯. હોદ્દા ઉપરે આઠ વર્ષથી વધુ ન રહેવા
બાબત અને નવી નિમણુંક વખતે મૌલાના
હાઝર ઈમામને જાણ કરવા બાબત પાનું ૧૬

૧૦. સુપ્રીમ કાઉન્સીલના સભ્યોની
ગેરહાજરી બાબત ,, ૧૬

૧૧. સુપ્રીમ કાઉન્સીલની સત્તા, ફરજો અને
કામગીરી પાનું ૧૬-૧૭-૧૮

૧૨. આર્થીક પરિષદ બોલાવવા બાબત પાનું ૧૮

૧૩. સુપ્રીમ કાઉન્સીલે કોમના હિતાર્થે કરેલા
ઠરાવ વિરુધ્ધ સભ્યે અપીલ લેવા બાબત ,, ૧૮

૧૪. પોતાના વર્ચસ્વ હેઠળના ગામડાઓની
ફેરબદલી કરવા બાબત ,, ૧૮

૧૫. કોઈ પ્રોવીન્શીયલ કાઉન્સીલની
સ્થાપના કરવાની સત્તા બાબત ,, ૧૮

૧૬. સૂપ્રીમ કાઉન્સીલની કામગીરીનો
અહેવાલ ,, ૧૯

૧૭. સેક્રેટેરીયેટ સ્ટાફ બાબત પાનું ૧૯

૧૮. સુપ્રીમ અને પ્રોવીન્શીયલ કાઉન્સીલોના
ઓડીટરોની નીમણુંક ,, ૧૯

૧૯. સુપ્રીમ કાઉન્સીલનો કોઈ સભ્ય
પ્રોવીન્શીયલ કે બીજી કોઇ સંસ્થા કે
સોસાયટીનો એકી સાથે મેમ્બર ન થઈ
શકવા બાબત ,, ૧૯

૨૦. પ્રોવીન્શીયલ કાઉન્સીલો અને જમાતોએ
સુપ્રીમ કાઉન્સીલના હુકમો પાળવા
બાબત ,, ૧૯

૨૧. તાબા કાઉન્સીલોની કામગીરી
તપાસવા બાબત પાનું ૧૯–૨૦

૨૨. સુપ્રીમ કાઉન્સીલનો સભ્ય નાદાર
જાહેર થતાં સભ્યપણામાંથી કમી
થવા બાબત પાનું ૨૦

૨૩. સુપ્રીમ કે પ્રોવીન્શીયલ કાઉન્સીલના
સભ્ય તરફથી કાઉન્સીલની પ્રતીષ્ઠાને
આંચ આવે તેવી વર્તણુંક થકી
હોદ્દામાંથી રાજીનામું આપવા બાબત ,, ૨૦

૨૪. સુપ્રીમ કાઉન્સીલના સભ્યે ગામ બદલવા જગ્યા આપોઆપ ખાલી કરવા બાબત પાનું ૨૦
૨૫. સુપ્રીમ કાઉન્સીલો પૈકી અને જંગબાર તથા ઉઝૂમ્બુરાની કાઉન્સીલો વચ્ચે અરસપરસ તથા મતભેદના નિરાકરણ માટે ફેડરલ કાઉન્સીલ સમક્ષ વિગત રજુ કરવા બાબત ,, ૨૧
૨૬. સુપ્રીમ કાઉન્સીલો તેમજ જંગબાર અને ઉઝુમ્બુરાના કાઉન્સીલોએ પોતાના સરકયુલરની નકલ ફેડરલ કાઉન્સીલને મોકલવા બાબત ,, ૨૧

# પ્રકરણ ત્રીજું

# પ્રોવીન્શીયલ કાઉન્સીલોને લગતા કાયદાઓ.

૧. પ્રોવીન્શીયલ કાઉન્સીલનું નામકરણ અને જૂદી જુદી પ્રોવીન્શીયલ કાઉન્સીલોની નામાવલી. પાનું ૨૨ થી ૩૫
૨. પ્રોવીન્શીયલ કાઉન્સીલની મેમ્બરશીપ પાનું ૩૫

૩. પ્રોવીન્શીયલ કાઉન્સીલના હોદ્દાની મુદત પાનું ૩૬

૪. પ્રોવીન્શીયલ કાઉન્સીલની મીટીંગના
સમય બાબત ,, ૩૬

૫. અરજન્ટ મીટીંગ બોલાવવાની
પ્રથા બાબત ,, ૩૭

૬. પ્રોવીન્શીયલ કાઉન્સીલની મીટીંગનું કોરમ ,, ૩૭

૭. હોદ્દાની મુદતની પુર્ણાહુતી અને
રાજીનામા બાબત ,, ૩૭

૮. હોદ્દા ઉપરે આઠ વર્ષથી વધુ ન
રહેવા બાબત અને નવી નિમણુંક
વખતે મૌલાના હાજર ઇમામને
જાણ કરવા બાબત ,, ૩૮

૯. મેમ્બરોની ગેરહાજરી બાબત પાનું ૩૮-૩૯

૧૦. પ્રોવીન્શીયલ કાઉન્સીલની ફરજો
અને કામગીરી પાનું ૩૯-૪૦-૪૧

૧૧. પ્રોવીન્શીયલ કાઉન્સીલની
કામગીરીનો અહેવાલ ,, ૪૧

૧૨. પ્રોવીન્શીયલ કાઉન્સીલે પોતામેળ
સુપ્રીમ કાઉન્સીલને દરવર્ષે મોકલવા
બાબત પાનું ૪૧

૧૩. પ્રોવીન્શીયલ કાઉન્સીલને મુખી
કામડીયાની નવી નિમણુંકની જાણ
સુપ્રીમ કાઉન્સીલને કરવા બાબત પાનું ૪૧

૧૪. તાબા જમાતો ખાતે તપાસવાની
કામગીરી બાબત પાનું ૪૧–૪૨

૧૫. પ્રોવીન્શીયલ કાઉન્સીલનો મેમ્બર એકી સાથે
સુપ્રીમ કાઉન્સીલ અથવા તો બીજી કોઈ
સંસ્થા કે સોસાયટીનો મેમ્બર ન થઇ શકવા
બાબત પાનું ૪૩

૧૬. પ્રોવીન્શીયલ કાઉન્સીલનો સભ્ય નાદાર તરીકે
જાહેર થતાં આપોઆપ સભ્યપણામાંથી
કમી થવા બાબત પાનું ૪૩

૧૭. પ્રોવીન્શીયલ કાઉન્સીલના સભ્ય તરફથી
કાઉન્સીલની પ્રતીષ્ઠાને આંચ આવે તેવી
વર્તણુંક થકી હોદ્દામાંથી રાજીનામું
આપવા બાબત પાનું ૪૩

# પ્રકરણ ચોથું.

## કાઉન્સીલોની કાર્યપધ્ધતિને લગતા કાયદાઓ.


૧. કાઉન્સીલોની મીટીંગોનું વર્ગીકરણ પાનું ૪૪

૨. મેમ્બરોએ આપવાના વોટ બાબત ,, ૪૪

૩. કાઉન્સીલના એકસ ઓફીસ્યો સભ્યો સહીત મેમ્બરોએ વોટ અવશ્ય આપવા બાબત. પાનું ૪૫

૪. મેમ્બરે મીટીંગ દરમ્યાન પડપૂછ કરવા અને કાઉન્સીલને પત્રવહેવાર વિગેરે જોવા બાબત પાનું ૪૫

૫. મેમ્બરોએ પોતાની સતાનો અમુક મર્યાદામાં ઉપયોગ કરવા બાબત પાનું ૪૫-૪૬

૬. પત્રવહેવારની પ્હોંચ પંદર દીવસની અંદર અવશ્ય આપવા બાબત પાનું ૪૬

૭. કામકાજ શરૂ થયા કેડે આવનાર સભ્યને

કામકાજનું પુનરાવર્તન ન કરવા બાબત
પાનું ૪૬

૮. કામકાજ દરમ્યાન મેમ્બરે પ્રેસીડન્ટની પરવાનગીથી મીટીંગ છોડી ચાલ્યા જવા બાબત પાનું ૪૬

૯. પસાર થયેલા ઠરાવમાં, ફેરફાર કરવા અથવા રદ કરવા માટે પ્રથમ સભ્યોને સરક્યુલર દ્વારા જાણ કરવા બાબત પાનું ૪૬-૪૭

૧૦. બહારની વ્યકિતની સલાહ અંગેની પ્રથા બાબત પાનું ૪૭

૧૧. મેમ્બરે અપમાનકારક ભાષા વાપરતા તે દીશામાં કામ લેવાની પદ્ધતી બાબત પાનું ૪૭

૧૨. મેમ્બરો મીટીંગ છોડી જતાં કોરમ હોય ત્યાં સુધી મીટીંગ ચાલુ રાખવા બાબત ,, ૪૮

૧૩. સાધારણ મીટીંગને પ્રાઇવેટ મીટીંગમાં ફેરફાર માટેની પદ્ધતિ. પાનું ૪૮

૧૪. ખાનગી મીટીંગમાં કોઇપણ શખ્શે ભાગ લેવા બાબત પાનું ૪૮

૧૫. કાઉન્સીલના કામકાજોનો નિકાલ સવેળા કરવા બાબત. પાનું ૪૮-૪૯

૧૬. જુદા જુદા પત્રવહેવારોમાં સહી કરવાની પધ્ધતી બાબત પાનું ૪૯

૧૭. ધારાશાસ્ત્રીને રોકવા બાબત ,, ૪૯–૫૦

૧૮. ખાનગી સભાની બાબત બહાર નહિ પાડવા અને તે બહાર પાડવામાં આવતાં તેને લગતી કાર્ય પધ્ધતી. પાનું ૫૦

૧૯. જમાતના દીનદારોની સભા બોલાવવા બાબત પાનું ૫૧

૨૦. કાઉન્સીલમાં ગેરહાજરી અંગે મેમ્બરે જાણ કરવાની પદ્ધતી ,, ૫૧

૨૧. પ્રેસીડન્ટ અને/અથવા ઓનરરી સેક્રેટરીએ બહારગામ જતી વેળાએ કાઉન્સીલને લેખીત જાણ કરવા અને તે ગેરહાજરીના ગાળા દરમ્યાન પત્રવહેવારમાં સહી કરવાની પ્રથા બાબત પાનું ૫૧

૨૨. કાઉન્સીલના મેમ્બરે અને સ્ટાફે જમાતખાનામાં ખાનગી બાબતો બહાર નહિ પાડવા અંગેના સોગંદ લેવા બાબત પાનું ૫૨

૨૩. મીનીટસના વાંચન બાબત ,, ૫૩

૨૪. અસાધારણ સભામાં કાર્યક્રમ સિવાયના અન્ય કામકાજો ન ચલાવવા બાબત પાનું ૫૩
૨૫. કાઉન્સીલોની ઓફીશીયલ ભાષા ,, ૫૩
૨૬. આવતાં પત્રો ઈનવર્ડ રજીસ્ટરમાં એન્ટર કરી તેના ઘટિત પગલા લેવા બાબતમાં પાનું ૫૩
૨૭. ૨૦૦-૦૦થી વધુ કેશ પ્રાંત ન રાખવા બાબત પાનું ૫૪
૨૮. કાઉન્સીલોની કાર્ય પદ્ધતિના કાયદાઓ ફેડરલ, સુપ્રીમ અને પ્રોવીન્શીયલ કાઉન્સીલોને લાગુ પડવા બાબત પાનું ૫૪

# પ્રકરણ પાંચમું.

# કેસો ચલાવવાની પધ્ધતિને લગતા કાયદાઓ.

૧. અરજી દાખલ ફી બાબત પાનું ૫૫
૨. અરજીના સ્વીકારવાનો સમય ,, ૫૫
૩. અરજી મળતા તેને ગતિમાન કરવાની પધ્ધતિનું વર્ગીકરણ પાનું ૫૫ થી ૫૮

૪. કેસની યોગ્ય ખબર આપ્યા સિવાય
કોઇને સજા ન કરી શકવા બાબત પાનું ૫૮

૫. અરજીઓ ઉપરે ત્રણ સહીઓથી
વધુ ન હોવા બાબત ,, ૫૮

૬. ઇસ્માઈલીઓ વચ્ચેના વરવાંધાની
પતાવટ બાબત ,, ૫૮

૭. નાણાકિય વસુલાત અને વ્યહવારીક
બાબતની પતાવટ લવાદો નીમીને
કરવા બાબત ,, ૫૮

૮. ચુકાદો અપાઇ ગયેલ કેસની
પુનઃસુનાવણી ન થઈ શકવા બાબત ,, ૫૯

૯. કેસ વખતે સોગંદ લેવાની પધ્ધતી ,, ૫૯

૧૦. ચુકાદામાં હાજર મેમ્બરોએ સહી
કરવા બાબત ,, ૬૦

૧૧. કેસોની સૂનાવણીની અનુક્રમતા બાબત ,, ૬૦

૧૨. કેસ વખતે સાક્ષીની ગેરહાજરી
પરત્વેની પધ્ધતિ બાબત ,, ૬૦

૧૩. સાક્ષી ફી બાબત ,, ૬૦

૧૪. સાક્ષીની જુબાની કમીશન ઉપરે લેવાની
પ્રથા પાનું ૬૧

૧૫. સૂનાવણી પૂર્વે અરજદારનું નિવેદન
અંગે સુનાવણીનું અનુક્રમ ,, ૬૧-૬૨

૧૬. વાદી અથવા પ્રતિવાદીની ગેરહાજરી
વખતે કેસના નિર્ણય બાબત ,, ૬૨-૬૩

૧૭. સુનાવણી દરમ્યાન સબંધ ધરાવતા અન્ય
કોઇને દખલગીરી ન કરી શકવા બાબત ,, ૬૩

૧૮. કેસને સ્પર્શતા સવાલો પૂછી શકવા
બાબત ,, ૬૩

૧૯. એકનો એક સવાલ ફરી ફરીને હઠ–
પૂર્વક ન પુછવા અને જુબાનીનું
પુનરાવર્તન ન કરવા બાબત ,, ૬૪

૨૦. એકઝીબીટની ફી બાબત ,, ૬૪

૨૧. કેસના પુર્ણાહુતી અંતે વિવેચનો
કરવા બાબત ,, ૬૪

૨૨. કેસમાં પક્ષકારોને સબંધ ધરાવતા
મેમ્બરોને ભાગ ન લઇ શકવા બાબત ,,૬૪-૬૫

૨૩. હિમાયતી લાવવા બાબત ,, ૬૫

૨૪. કાઉન્સીલના સભ્યે પ્રત્યક્ષ કે પરોક્ષ ખાનગીમાં કેસ ન સાંભળવા બાબત પાનું ૬૫

૨૫. કેસ સબંધે અન્ય મેમ્બર સાથે કે બહારની વ્યકિતઓ સાથે કેસ પરત્વે મસલત ન કરવા બાબત ,, ૬૬

૨૬. પ્રોવીન્શીયલ કે સુપ્રીમ કાઉન્સીલના સભ્યને સાક્ષી તરીકે બોલાવવાની પધ્ધતિ બાબત પાનું ૬૬

૨૭. ખોટી જુબાની આપનારને સજા કરવા બાબત પાનું ૬૬

૨૮. ચુકાદો મુલતવી રાખવા બાબત ,, ૬૬

૨૯. કેસનો ચુકાદો લેખિત અને ટુંકાણમાં હોવા બાબત ,, ૬૭

૩૦. પ્રોસીક્યુટરની નિમણુંક ,, ૬૭

૩૧. કેસના ઓચરીયાની ફી ,, ૬૭

૩૨. કેસના પ્રકારો અને તેનૂં વર્ગી કરણ ,, ૬૭-૬૮

૩૩. નાતબહારની સજા સુપ્રીમ કાઉન્સીલે કરવા બાબત ,, ૬૮

૩૪. ગુનેહગારીની વસુલાત ,, ૬૮

૩૫. ગુનેહગારીની રકમની મર્યાદા ,, ૬૮

૩૬. જમાતખાના બંધની સજાની જાહેરાત ફેડરલ કાઉન્સીલ મારફતે કરાવવા બાબત પાનું ૬૯

૩૭. જમાતખાના બંધની સજાની જાહેરાત માત્ર જમાતખાનામાં કરવા બાબત પાનું ૬૯

૩૮. સજા થયા બાદ પસ્તાવો કરી માફીની યાચના બાબત પાનું ૬૯

૩૯. સજા કરવામાં આવેલ વ્યકિતની જામીન કોઈ મેમ્બરે ન આપવા બાબત પાનું ૭૦

૪૦. કેસ મુલતવી ફી ,, ૭૦

૪૧. કમીશનથી જુબાની બાબત ,, ૭૦

૪૨. હુકમનામાની તારીખથી સાત દીવસની અંદર રકમ ભરી આપવા બાબત પાનું ૭૦

૪૩. ચુકાદા પ્રમાણેની રકમ વસુલાત કરવા અને હુકમનામાનો અમલ કરવાની કાઉન્સીલની સતા બાબત પાનું ૭૧

૪૪. જમાતખાના બંધી થયેલ વ્યકિત પરત્વેનો વર્તાવ પાનું ૭૨

૪૫. નાતબહારની સજા પામેલ વ્યકિત પરત્વેનો વર્તાવ પાનું ૭૧-૭૨

૪૬. અપીલની ફી ,, ૭૨

૪૭. અપીલ લેવાની પદ્ધતી ,, ૭૨-૭૩

૪૮. અપીલ પેશ થયા બાદ બે મહિનાની
અંદર હુઝૂરમાંથી જવાબ ન આવતાં
અપીલ નામંજુર થવા બાબબ પાનું ૭૩-૭૪

૪૯. નાતબહારની સજાનો અમલ ,, ૭૪

૫૦. સબંધ ધરાવતા કાયદાઓ
ફેડરલ સુપ્રીમ અને પ્રોવીન્શીયલ
કાઉન્સીલો બાબત ,, ૭૪

# પ્રકરણ ૬ઠું.

# મુખી કામડીયાઓ અને જમાતી બાબતોને લગતા કાયદાઓ.

૧. જમાતના મુખી કામડીયાના હોદ્દાની મુદ્દત
અને રાજીનામાની પ્રથા પાનું ૭૫

૨. પ્રોવીન્શીયલ શહેરના મુખી
કામડીયાના રાજીનામા અને
નિમણુંક ,, ૭૫-૭૬

૩. જમાતી ઠામવાસણોની ટીપ ,, ૭૬

૪. જમાતી ચાવીઓ અને મુખી
કામડીયાની ટુંક ગેરહાજરી
બાબત ,, ૭૬

૫. તીજોરી ખોલવાની અને ચાવીઓ રાખવાની પ્રથા પાનું ૭૭
૬ જમાતખાના માટેના નોકરો હોદાના ચાલુ મુખી કામડીયાએ રોકવા બાબત પાનું ૭૭
૭. જમાતના મુખી કામડીયાની ફરજો ,, ૭૭
૮. જમાતના મુખી અને/અથવા કામડીયાની ગેરહાજરી દરમ્યાનની નિમણુંક પાનું ૭૭-૭૮
૯. જમાતી રૂઢી, રસમો અને રીતરીવાજોમાં ફેરફાર બાબત પાનું ૭૮
૧૦. જુદી જુદી મંડળીઓની નિમણુંકની પ્રથા પાનું ૭૯
૧૧. પંજેભાઈ મંડળીનું કાર્યક્રમ ,, ૭૯
૧૨. પ્રોવીન્શીયલ કાઉન્સીલની મંજુરી વિના ફંડ ફાળા ન ઉઘરાવી શકવા બાબત. તેવી રીતે અન્ય સંસ્થાએ ફાળો ન ઉઘરાવી શકવા બાબત એ. બી. અને સી. પાનું ૭૯
૧૩. ધોરણસરની રકમ વસુલ કરવા બાબત ,, ૮૧
૧૪. ધોરણસરની રકમ દફન ક્રિયાના પ્રસંગ સિવાય વસૂલ કરવા બાબત પાનું ૮૧

૧૫. "લા ઈલ્લાહ ઈલ્લાહ" મહમદુર રસુલિલાહ"નો કલમો પાનું ૮૧

૧૬. મરહુમની મજલિસ જમાતખાનામાં પતાવી શકવા બાબત પાનું ૮૧

૧૭. ઇસ્ટ આફ્રિકન ટેરીટેરીમાં પ્રવાસ માટેની જમાતી ચીઠી પાનું ૮૨

૧૮. દેશાવરથી આવનાર દીનદારે લાવવાની ચીઠી પાનું ૮૨-૮૩

૧૯. સગપણ-વિવાહ માટેની ધોરણસરની સર્ટીફીકેટ „ ૮૩

૨૦. પ્રબંધિત ધાર્મિક ક્રિયાઓ અને બંદગી માત્ર જમાતખાનામાં થઇ શકવા બાબત „ ૮૩

૨૧. ખેતાબદારીઓની બેઠકનું અનુક્રમ „ ૮૩-૮૬

૨૨. માસીક ચંદ્રાકી „ ૮૭

૨૩. ફંડ, પેટી કે તીજોરી જમાતખાનામાં ન રાખી શકાય તે બાબત „ ૮૭

૨૪. ઠામવાસણો, ઝુમરો વિગેરેની ઉમેદવારી અને તેની પ્રથા પાનું ૮૭

૨૫. ઠામવાસણો અને ફરનીચર ભાડે આપવા બાબત પાનું ૮૮

૨૬. મરહૂમ દીનદારના વસીયતનામા બાબત ,, ૮૮-૮૯

૨૭. જમાતખાનામાં અને સંમેલનો વિગેરેમાં ગેરવર્તણુંક ચલાવનાર બાબત ,, ૮૯

૨૮. કારસાજીની વ્યવસ્થા ,, ૮૯

# પ્રકરણ સાતમું
# ધર્મ બદલનારને લગતા કાયદાઓ.

૧. સીસીડરની વ્યાખ્યા પાનું ૯૦

૨. સીસીડર સાથેનું વર્તન ,, ૯૦

૩. ધર્મ તજી દેનારે અમલમાં લેવાની શરતો ,, ૯૧-૯૨

૪. ધર્મ બદલનાર ઓરતે અમલ
કરવાની શરતો પાનું ૯૩

૫. સીસીડરના પુત્ર બાબત ,, ૯૪

૬. ધર્મ બદલનારને જમાતખાનામાં કે
સંસ્થાઓમાં પ્રતીબંધ મુકવા બાબત ,, ૯૪

૭. પવિત્ર મઝહબની વિરૂધ્ધ નોન
ઇસ્માઇલી સાથે ધાર્મીક બાબતોમાં
સબંધ ન રાખવા બાબત ,, ૯૪

૮. સામાજીક અને કેળવણી બાબતોમાં
અન્ય કોમના સભ્યોની સાથે ભાગ
લેવા બાબત ,, ૯૫

૯. ધર્મ બદલનાર સાથે ધાર્મીક ક્રિયા-
ઓમાં ભાગ ન લેવા પણ મૈયતમાં
બીજાઓની માફક ગણના કરવા બાબત ,, ૯૫

૧૦. વિવાહમાં સીસીડરને પૂત્ર-પુત્રી ન
આપવા બાબત ,, ૯૫

૧૧. ધર્મ બદલનારની અંતિમ ક્રિયા
બાબત ,, ૯૫

૧૨. ધર્મ બદલનારની ત્યજાયેલ પત્નિ માટે ગુજરાન ખર્ચની મદદ પાનું ૯૬

૧૩. ધર્મ બદલનાર પુનઃઈસ્માઈલી મઝહબમાં દાખલ થવા ઈચ્છે તે વિષયમાં પ્રથા પાનું ૯૬-૯૭

૧૪. પવિત્ર મઝહબ વિગેરે વિરૂદ્ધ હાનીકારક પ્રચાર કરનાર ઉપરે કામ લેવાની પ્રથા, ટ્રીબ્યુનલની નિમણુંક બાબત એ-બી-સી-ડી ,, ૯૭-૯૮

૧૫. અન્ય ધર્મની વ્યકિતને પવિત્ર મઝહબમાં દાખલ કરવા બાબત ,, ૯૮


# પ્રકરણ આઠમું.

## સંસ્થાઓને લગતા કાયદાઓ.


૧. સંસ્થાઓને લગતી મીટીંગો પાનું ૯૯

૨. કોમની આર્થીક ઉન્નતી અંગેના પ્રવચનો એ. બી. સી. અને ડી ,, ૯૯

૩. ઈસ્માઈલીયા વેલફેર સોસાયટીની મીટીંગો એ. બી. સી. ,, ૯૯

૪. એકસર ખા ધ્યેયોવાળી કમીટીને એકત્રીત
કરવા બાબત પાનું ૧૦૦

૫. ઇસ્માઈલીયા વીમેન્સ એસોસીએશન
એ-બી-સી-ડી. ,, ૧૦૧

૬. મેરેજ કમીટી ,, ૧૦૧

૭. સંસ્થાઓના હોદ્દાની મુદ્દત ,, ૧૦૧

૮. સંસ્થાઓના હોદ્દાની મુદ્દત બાદ
રાજીનામાની પ્રથા પાનું ૧૦૧-૧૦૨

૯. સંસ્થાઓને મળતી ગ્રાન્ટના
હિસાબો પાનું ૧૦૩

૧૦. સંસ્થાઓના ધારાધોરણો ,, ૧૦૩

૧૧. લીયાઝો ઓફીસર ,, ૧૦૪

# પ્રકરણ નવમું

# જન્મો, લગ્નો અને મરણોને લગતા કાયદાઓ.

૧. બાળકના જન્મની નોંધ પાનું ૧૦૫
રેકર્ડની પ્રથા અને સર્ટીફીકેટ બાબત ,, ૧૦૬

૨. બચ્ચાંની સુન્નત પ્રસંગે ખાણીપીણી
ન કરવા બાબત પાનું ૧૦૬
૩. છોકરા છોકરીની સગપણ માટેની વય ,, ૧૦૬
૪. છોકરો અથવા છોકરીના પત્તાના
અભાવે નોટીસ આપી સગપણ રદ
કરવા બાબત ,, ૧૦૭
૫. સગપણ અને વિવાહ પ્રસંગોએ
અમલ કરવાના નિયમો
એ. અને બી. પાનું ૧૦૭-૧૦૮
૬. ફીઆન્સે કે ફીઆન્સી સગપણ પછી પોતાનો
ધર્મ બદલતા તે અંગેની પ્રથા પાનું ૧૦૮
૭. વર કે કન્યા લગ્ન અથવા પુર્નલગ્ન પછી ધર્મ
બદલાવતા તે અંગેની પ્રથા પાનું ૧૦૮-૧૦૯
૮. વિવાહ પ્રસંગે પાળવાની રસમો
એ-બી-સી-ડી-ઇ-એફ-જી-એચ-આઈ-જે
પાનું ૧૦૯ થી ૧૧૨
૯. પૂર્નલગ્ન પુર્વે પક્ષકારોએ
કરવાની સમજુતી ,, ૧૧૩
૧૦. નોન ઈસ્માઈલી અને ઈસ્માઇલી દંપતિને અને
નોન ઇસ્માઈલી દંપતિને પૂર્નલગ્ન ક્રિયા ન
કરવા તેમજ નોન ઇસ્માઈલી સાથે લગ્ન
સબંધ બાંધવા અંગેની પ્રથા
એ. બી. સી. વિગેરે પાનું ૧૧૩ થી ૧૧૫

૧૧. બીજી ઘરવાળી કરવાની પ્રથા અને છુટાછેડાની પદ્ધતિ. એ-બી-સી-ડી-ઇ વિગેરે પાનું ૧૧૫-૧૧૮

૧૨. બીજી ઘરવાળી કરવાની પરવાનગી મળતા લુગડા દાગીનાની કરવાની ટીપ પાનું ૧૧૮

૧૩. પહેલી ઘરવાળી પૂનલગ્ન માટે છુટાછેડા માંગતા તેની પરવાનગી આપવા બાબત પાનું ૧૧૯

૧૪. છુટાછેડા મેળવેલ ઓરત ચાર સાસ સૂધી પુર્નલગ્ન કરી ન શકવા બાબત પાનું ૧૧૯

૧૫. છુટાછેડાનો માર્ગ અખત્યાર ન કરવા માટે સમજાવવા અને તે અંગેના પદ્ધતિ

પાનું ૧૧૯-૧૨૧

૧૬. સગીર વયના બાળકોનો કબજો પાનું ૧૨૧

૧૭. જુદા જુદા ગામમાં રહેતા ધણી ધણીયાણીના છુટાછેડાના કેસની સુનાવણી કયા ગામમાં રાખવી તે બાબત પાનું ૧૨૧

૧૮. અપીલના નિર્ણય સૂધી ધણીએ અપીલ કરતાં ઘરવાળી અને બાળકના ભરણપોષણ માટેની રકમ નક્કી કરવા બાબત પાનું ૧૨૨

૧૯. વીધવાએ પુર્નલગ્ન કરતાં મરહૂમ ધણીના દાગીનાના હક્ક બાબત ,, ૧૨૨

૨૦. જુદા જુદા સગાઓના સાથે ઇસ્માઈલીએ
લગ્ન સબંધ ન જોડી શકવા બાબત પાનું ૧૨૩
૨૧. છુટા છેડા મેળવેલ ધણી ધણીયાણીએ
પૂનઃશાદી ન કરી શકવાની શરત ,, ૧૨૪
૨૨. ભાંતી અને જયારત પ્રસંગે કોઇને
ન બોલાવવા બાબત ,, ૧૨૪
૨૩. લગ્ન કે મરણની ક્રિયા મુકરર કરેલા
શખ્શો સિવાય બહાર ન કરાવવા
બાબત પાનું ૧૨૩-૧૨૪
૨૪. ઈસ્માઈલીને દફનાવવા માટેની
પરવાનગી પાનું ૧૨૪
૨૫. મંજુરી વગર કબર ન બંધાવી
શકવા બાબત ,, ૧૨૪
૨૬. બહારગામથી આવતી મરણની
ખબર માટે સમરની ક્રિયા ,, ૧૨૪
૨૭. સોગની ચાનો પ્રતીબંધ ,, ૧૨૫
૨૮. કપડા આપવાની અને જયારતની
ક્રિયા જમાતખાનામાં થઇ શકવા
બાબત ,, ૧૨૫
૨૯. સોગની પછેડી બદલવાની રસમની
ક્રિયા ,, ૧૨૫
૩૦. દફન ક્રિયા બાદ સમર માટે
જમાતખાનામાં આવવા બાબત ,, ૧૨૫
૩૧. સગપણ, લગ્ન અને મરણની
ક્રિયાઓનું સ્પષ્ટીકરણ ,, ૧૨૫

# પ્રકરણ દસમું

## પરચુરણ


૧. મૌલાના હાઝર ઈમામને જૂદા જુદા વિષયોમાં અરજી કરવાની પ્રથા એ.બી.સી. પાનું ૧૨૬-૧૨૭

૨. સુપ્રીમ કાઉન્સીલને અરજી કરવાની પદ્ધતિ પાનું ૧૨૭-૧૨૮

૩. કાઉન્સીલને ઉદ્દેશીને આવતા લખાણો ટુંકાણમાં અને વિવેક પૂર:સહ હોવા બાબત પાનું ૧૨૮

૪. પવિત્ર તાલીકાના વાંચન „ „ ૧૨૮

૫. પ્રોવીન્શીયલ કાઉન્સીલને લોકલ ઠરાવ ઘડવાની સત્તા „ ૧૨૯

૬. ફેડરલ કાઉન્સીલને પવિત્ર કાયદામાં ફેરફાર કરવા કે રદ્દ કરવાની સતા પાનું ૧૨૯

૭. નવો કાયદો ઘડવાની પદ્ધતિ પાનું ૧૨૯-૧૩૦

૮. મૌલાના હાઝર ઈમામ પોતાના કુલ મુખત્યારો થકી પવિત્ર કાયદામાં ફેરફાર કરી શકવા બાબત પાનું ૧૩૦

૯. મૌલાના હાઝર ઈમામ પોતાની મુનસફી વડે નવી નિમણુંક કે ફેરફાર કરવા વિગેરે પાનું ૧૩૦

૧૦. આ પવિત્ર કાયદા વિરૂદ્ધ કોઇ કાઉન્સીલ ઠરાવ પસાર નહિ કરી શકવા બાબત પાનું ૧૩૦-૧૩૧

૧૧. ખોટો તાર, કાગળ વિગેરે કરવાની સજા બાબત „ ૧૩૧

૧૨. પવિત્ર બંધારણ વિરૂદ્ધ બોલાવેલ સભા બાબત „ ૧૩૧

૧૩. લખાણ કે પ્રકાશન છાપી છપાવી પ્રગટ ન કરી શકવા બાબત „ ૧૩૧-૧૩૨

૧૪. ગેરવર્તણુંક ચલાવનાર વ્યકિત સામે કામ લઇ

સજા કરવા બાબત પાનું ૧૩૨
૧૫. પવિત્ર કાયદા ભંગ માટે સજા થવા ,, ૧૩૨
૧૬. પ્રોવીન્શીયલ કાઉન્સીલ અથવા સુપ્રીમ કાઉન્સીલના મેમ્બરો ઉપરે થયેલ કેસ ફેડરલ કાઉન્સીલે ચલાવવા બાબત પાનું ૧૩૨–૧૩૩
૧૭. કાયદા ભંગ અથવા સૂચનાઓ ભંગ માટે કામ લેવા બાબત પાનું ૧૩૩
૧૮. પ્રોવીન્શીયલ કાઉન્સીલ નક્કી થયેલા કાયદાઓની વિરૂધ્ધ વર્તતા સુપ્રીમ કાઉન્સીલને ફરીયાદ થઇ શકવા બાબત પાનું ૧૩૩
૧૯. સુપ્રીમ કાઉન્સીલ નક્કી થયેલા કાયદાની વિરૂધ્ધ વર્તે તો મૌલાના હાઝર ઇમામને ફરિયાદ થઇ શકવા બાબત પાનું ૧૩૩-૧૩૪
૨૦. દુકાનો બંધ રાખવા બાબત પાનું ૧૩૪
૨૧. સરકારના કાયદાના પાલન બાબત ,, ૧૩૪
૨૨. રાજકર્તાનો જન્મ દિવસ પાળવા બાબત ,, ૧૩૫
૨૩. કોઈ કોમ સાથે સબંધ ન તોડવા ,, ,, ૧૩૫
૨૪. નિરાધાર વ્યકિતઓ અને વૃધ્ધ માવિત્રોના ભરણપોષણ બાબત પાનું ૧૩૫-૧૩૬
૨૫. ગોલ્ડન જ્યુબીલી કે વિગેરે પ્રસંગોએ કોઇપણ વ્યકિતએ સંમેલન ન યોજી શકવા બાબત પાનું ૧૩૬
૨૬. મુખી કામડીયાએ નોકર ચાકરના વિગેરેના પગાર માટે ખર્ચ કરવાની સત્તા બાબત પાનું ૧૩૬
૨૭. ઇમામત ડેની શાનદાર ઉજવણીનો દીવસ ફેડરલ કાઉન્સીલે નક્કી કરવા બાબત પાનું ૧૩૬

૨૮. કોમની ઉન્નતિ વિગેરેના વિષયો પરત્વે પ્રવચનો યોજવા બાબત પાનું ૧૩૭
૨૯. બેબી શો યોજવા બાબત ,, ૧૩૭
૩૦. માન્ય રાખેલા પીરોના ગીનાનો અને મૌલાના હાઝર ઇમામના ફરમાનો જમાતખાનામાં વંચાવવા બાબત ,, ૧૩૮
૩૧. નવી પ્રોવીન્શીયલ કાઉન્સીલની સ્થાપના બાબત ,, ૧૩૮
૩૨. કોઇ સંસ્થા કે વ્યકિતને "ઇસ્માઇલીયા કે "ઇસ્માઈલી" વિગેરે પ્રોવીન્શીયલ કાઉન્સીલની સમંતિ વગર નામ ન રાખી શકવા બાબત પાનું ૧૩૮
૩૩. પવિત્ર કાયદાનું વાંચન જમાતખાનામાં વર્ષમાં ઓછામાં ઓછા એક વખત થવા બાબત પાનું ૧૩૮
૩૪. સંસ્થાના નામે કે મૌલાના હાઝર ઇમામ અને જમાતના નામે કોઈએ નિવેદન ન આપવા બાબત પાનું ૧૩૮-૧૩૯
૩૫. પવિત્ર કાયદા અક્ષરસ: અને તેજ પ્રમાણે તેનો હાર્દ અને તાત્પર્ય સમજી પાલન કરવા બાબત પાનું ૧૩૯
૩૬. કાયદાઓ સતાધીકારીઓ સમક્ષ રજુ કરવા બાબત ,, ૧૩૯
૩૭. અંગ્રેજીમાં છપાયેલા કાયદા કાયદેસર અને સતાવાર ગણવા બાબત પાનું ૧૩૯
૩૮. પવિત્ર કાયદાઓનું પુસ્તક શી. ૪-૦૦ ભરવાથી મળી શકવા બાબત ,, ૧૩૯
૩૯. ૧૮ વર્ષથી ઉમરના છોકરાઓ અને ૧૬ વર્ષની ઉમરની છોકરીઓને ઓથ ઓફ એલીજીયન્સમાં સહી કરવા બાબત પાનું ૧૪૦
૪૦. પવિત્રો સહી ન કરે તો બાળકો નોન ઈસ્માઈલી તરીકે જાહેર થવા બાબત પાનું ૧૪૦

# પ્રકરણ પહેલું

# ફેડરલ કાઉન્સીલને

# લગતા કાયદાઓ.

૧. ફેડરલ કાઉન્સીલ, "હીઝ હાઈનેસ આગાખાન શીયા ઈમામી ઈસ્માઈલીયા ફેડરલ કાઉન્સીલ ફોર આફ્રિકા" તરીકે ઓળખાશે અને તેની ઓફીસ હાલ મોમ્બાસા ખાતે રહેશે.

૨. ફેડરલ કાઉન્સીલ નિચે મુજબ સભ્યોની બનેલી રહેશે:-

એ. ફેડરલ કાઉન્સીલની જયાં ઓફીસ હોય તે શહેરમાંથી પ્રેસીડન્ટ અને બે સભ્યો

અને

બી. આફ્રિકાના બીજા શહેરોમાંથી બે સભ્યો.

૩. ફેડરલ કાઉન્સીલની એકઝીકયુટીવ કમીટી જયાં તેની ઓફીસ આવેલી હોય ત્યાંના સ્થાનીક મેમ્બરોની બનશે.

૪. ફેડરલ કાઉન્સીલ:-

(એ) ટાંગાનીકા, કીનીયા, યુગાન્ડા, માડાગાસ્કર અને સાઉથ-પોર્ટુગીઝ ઇસ્ટ આફ્રિકાની સુપ્રીમ કાઉન્સીલો અને જંગબાર તથા

ઉઝૂમ્બુરાની પ્રોવીન્શીયલ કાઉન્સીલો તરફથી આવતી સઘળી અપીલો સાંભળશે અને તેના નિર્ણયો અને ખુલાસાઓ આપશે. પરંતુ અગરજો કોઈ કેસમાં સુપ્રીમ કાઉન્સીલ તરફથી નાતબહારની સજા કરવામાં આવી હોય અને જો પક્ષકાર મૌલાના હાઝર ઈમામને માફી મળવા માટે અપીલના રૂપમાં પોતાની અરજી પેશ કરવા ઇચ્છતો હશે તો આવી અપીલો મૌલાના હાઝર ઇમામને ફેડરલ કાઉન્સીલ મારફતે પેશ થઇ શકશે.

બી. આફ્રિકાની સુપ્રીમ કાઉન્સીલો અને જંગબાર તેમજ ઉઝૂમ્બુરાની પ્રોવીન્શીયલ કાઉન્સીલોના મંતવ્યો મેળવ્યા બાદ મૌલાના હાઝર ઇમામની અનુમતિથી આપણા પવિત્ર કાયદામાં જરૂરી સુધારા વધારા કે ફેરફારો કરી શકશે.

સી. કોઈપણ સુપ્રીમ કાઉન્સીલ તરફથી પુછવામાં આવતાં આપણા પવિત્ર કાયદા પૈકી કોઇપણ કાયદા પરત્વે પોતાનો અર્થ કે ભાવાર્થ આપશે.

ડી. સમગ્ર આફ્રિકામાં જયારે જયારે અને જયાં જયાં શકય હોય ત્યાં કોમી રૂઢી, રસમો,

પધ્ધતિઓ અને ધારાધોરણોમાં સમાનતા અને એકીકરણ રહે તે માટે યોગ્ય કરશે.

ઇ. જયારે ધણી અને/અથવા ધણીઆણી અથવા તો બીજા કોઇ પક્ષકારો જૂદા જુદા શહેરોમાં. ભીન્ન ભીન્ન પ્રાંતીક સુપ્રીમ કાઉન્સીલો અથવા જંગબાર અને ઉઝુમ્બુરાની પ્રોવીન્શીયલ કાઉન્સીલોના વર્ચસ્વ હેઠળ રહેતા હોય તો તેમના કેસના સુનાવણી કયા ગામમાં ચાલે તેની રૂલીંગ આપશે.

આવા પ્રકારની રૂલીંગ એકઝીકયુટીવ કમીટી તરફથી આપી શકાશે કે જે છેવટની અને નિર્ણયાત્મક હશે.

એફ. સઘળી સૂપ્રીમ અને પ્રોવીન્શીયલ કાઉન્સીલો તેમજ સઘળી બીજી સંસ્થાઓ ઉપરે એક સાવચેત અને સજાગ સતા તરીકે રહેશે અને જયારે તેમને આવશ્યક જણાય ત્યારે પોતાનો ખાનગી રીપોર્ટ મૌલાના હાઝર ઇમામને પેશ કરી શકશે.

૫. ફેડરલ કાઉન્સીલની સેશન વરસમાં ઓછામાં ઓછા બે વખતે ફેબ્રુઆરી અને ઓગસ્ટ માસમાં પ્રતી વર્ષે મળશે. પ્રેસીડન્ટ પોતાની મુનસફીથી સ્પેશ્યલ સેશન કોઈપણ વખતે બોલાવી શકશે.

૬. ફેડરલ કાઉન્સીલની સેશનનું કોરમ ત્રણ હાજર સભ્યોનું ગણાશે. એકઝીકયુટીવ

કમીટીનું કોરમ બે હાજર સભ્યોનું રહેશે.

૭. ફેડરલ કાઉન્સીલે આપેલા સઘળા ચુકાદાઓ ઉપરે તે સેશન વેળાએ હાજર રહેલા સઘળા સભ્યો સહી કરશે.

૮. ફેડરલ કાઉન્સીલની એકઝીકયુટીવ કમીટી ફેડરલ કાઉન્સીલે કરેલા સઘળા નિર્ણયો અને/અથવા તો સૂચનાઓનો અમલ કરી તેને ગતિમાન કરશે અને ફેડરલ કાઉન્સીલની આગામી સેશન સુધી સાધારણ રીતે મુલતવી ન રાખી શકાય તેવા કોઇ અગત્યના અને તાત્કાલિક એવા કામકાજો આપણા પવિત્ર કાયદાની હદમાં રહીને પતાવી શકશે.

૯. ફેડરલ કાઉન્સીલના પ્રેસીડન્ટ અને મેમ્બરોના હોદ્દાની મુદત ચાર વરસની રહેશે અને ફેડરલ કાઉન્સીલનો કોઇપણ સભ્ય બે ઉપરા ઉપરી રેગ્યુલર સેશનમાંથી ગેરહાજર રહેશે નહી. કોઈપણ સભ્ય આ કાયદાથી વીરૂદ્ધ વર્તશે તો તેવા સભ્યની જગ્યા આપોઆપ રદ થશે. તેવા સભ્યને તેની જાણ કરવામાં આવશે અને તેનો રીપોર્ટ મૌલાના હાઝર ઈમામને પેશ કરવામાં આવશે.

૧૦. ફેડરલ કાઉન્સીલ શીયા ઇમામી ઇસ્માઈલીયા યતીમો માટે એક સેન્ટ્રલ ઓરફનેજ પોતાના વર્ચસ્વ હેઠળ ચલાવી દેખભાળ રાખશે કે જે ઓરફનેજ મોમ્બાસા ખાતે હશે.

૧૧. ફેડરલ કાઉન્સીલના પ્રેસીડન્ટ અને મેમ્બરો

કોઈપણ બીજી સુપ્રીમ કે પ્રોવીન્શીયલ કાઉન્સીલોના મેમ્બર થઇ શકશે નહી.

૧૨. ફેડરલ કાઉન્સીલના કોઈપણ સભ્ય નાદાર તરીકે જાહેર થાય તે આપોઆપ સભ્યપણાં-માંથી કમી થયેલો ગણાશે.

# પ્રકરણ બીજું

# સુપ્રીમ કાઉન્સીલોને લગતા કાયદાઓ.

૧. નીચે પ્રમાણેની પાંચ ટેરીટોરીયલ સુપ્રીમ કાઉન્સીલો રહેશે અને જે "હીઝ હાઈનેસ આગાખાન શીયા ઈમામી ઇસ્માઇલીયા સુપ્રીમ કાઉન્સીલ"ના નામે ઓળખાશે.

એ. એચ. એચ. આગાખાન શીયા ઈમામી ઈસ્માઇલીયા સુપ્રીમ કાઉન્સીલ ફોર ટાંગાનીકા- જેનું મથક દારેસલામ ખાતે રહેશે.

આ સુપ્રીમ કાઉન્સીલ નીચે પ્રમાણેના સભ્યોની બનશે:-

૧. પ્રેસીડન્ટ, ઓનરરી સેક્રેટરી અને ત્રણ સભ્યો દારેસલામમાંથી કે જેમની એકઝીકયુટીવ કમીટી બનશે;

૨. દારેસલામ, મ્વાન્ઝા, ટાંગા, મોશી, ડોડોમા, ટબોરા અને મ્બેઆની પ્રોવીન્શીયલ કાઉન્સીલોના પ્રેસીડન્ટ. અગરજો તે પ્રેસીડન્ટ સુપ્રીમ કાઉન્સીલની કોઇ સેશનમાં હાજરી આપવા અશકત હોય તો લાગતી વળગતી પ્રોવીન્શીયલ કાઉન્સીલ પોતાના મેમ્બરો પૈકી એક મેમ્બરની પ્રસ્તુત શેસનમાં હાજરી આપવા નિમણુંક કરશે;

૩. દારેસલામ, મ્વાન્ઝા, ટાંગા, મોશી, ડોડોમા, ટબોરા અને મ્બેઆમાંથી અકેક સભ્ય કે જે પ્રોવીન્શીયલ કાઉન્સીલનો સભ્ય નહી હશે;

૪. ઉપર્યુકત કોઇપણ શહેરોમાંથી ત્રણ બાનુ સભ્યો;

૫. ટાંગાનીકાના મેમ્બર ઓફ એજ્યુકેશન;

૬. ટાંગાનીકાના ઇસ્માઈલીયા અસોસીએશનના પ્રેસીડન્ટ

અને

૭. આ સુપ્રીમ કાઉન્સીલ હેઠળ હવે પછી જે કોઈ પ્રોવીન્શીયલ કાઉન્સીલ હસ્તીમાં આવે તેના પ્રેસીડન્ટ અને એક મેમ્બર; ઉપર્યુકત

પેટા કલમ ૨ અને ૩ને આધીન રહીને.

બી. <u>એચ. એચ. ધી આગાખાન શીયા ઇમામી ઈસ્માઇલીયા સુપ્રીમ કાઉન્સીલ ફોર કેન્યા જેનું મથક નાઈરોબી ખાતે રહેશે.</u>

આ સુપ્રીમ કાઉન્સીલ નીચે પ્રમાણે સભ્યોની બનશે:-

૧. પ્રેસીડન્ટ, ઓનરરી સેક્રેટરી અને ત્રણ સભ્યો નાઇરોબીમાંથી કે જેમની એકઝીક્યુટીવ કમીટી બનશે.

૧. નાઈરોબી, મોમ્બાસા અને કીસૂમુ પ્રોવીન્શીયલ કાઉન્સીલોના પ્રેસીડન્ટો, અગરજો પ્રેસીડન્ટ સૂપ્રીમ કાઉન્સીલની કોઈપણ સેશનમાં હાજરી આપવા અશકત હોય તો લાગતી વળગતી પ્રોવીન્સીયલ કાઉન્સીલ પોતાના મેમ્બરો પૈકી એક મેમ્બરની પ્રસ્તુત સેશનમાં હાજરી આપવા નિમણુંક કરશે.

૩. નાઈરોબી, મોમ્બાસા અને કીસુમુમાંથી એકેક સભ્ય કે જે પ્રોવીન્શીયલ કાઉન્સીલનો સભ્ય નહી હશે;

૪. ઉપર્યુકત કોઈપણ શહેરમાંથી ત્રણ બાનું સભ્યો;

૫. કેન્યાના મેમ્બર એફ એજયુકેશન,

૬. કેન્યાની ઇસ્માઈલીયા એસોસીએશનના પ્રેસીડન્ટ;

અને

૭. આ સુપ્રીમ કાઉન્સીલ હેઠળ હવે પછી જે પ્રોવીન્શીયલ કાઉન્સીલ હસ્તીમાં આવે તેના પ્રેસીડન્ટ અને એક મેમ્બર ઉપર્યુકત પેટા કલમ ૨ અને ૩ને આધીન રહીને.

સી. એચ. એચ. આગાખાન શીયા ઈમામી ઈસ્માઈલીયા સુપ્રીમ કાઉન્સીલ ફોર યુગાન્ડા -જેનું મથક કંપાલા ખાતે રહેશે.

આ સુપ્રીમ કાઉન્સીલ નિચે મુજબ સભ્યોની બનશે.

૧. પ્રેસીડન્ટ, ઓનરરી સેક્રેટરી અને ત્રણ સભ્યો કંપાલામાંથી કે જેમની એકઝીકયુટીવ કમીટી બનશે.

૨. કંપાલા, મ્બાલે અને મસાકા પ્રોવીન્શીયલ કાઉન્સીલોના પ્રેસીડન્ટો. અગરજો તે પ્રેસીડન્ટ સુપ્રીમ કાઉન્સીલની કોઈ સેશનમાં હાજરી આપવા અશકત હોય તો લાગતી વળગતી પ્રોવીન્શીયલ કાઉન્સીલ પોતાના મેમ્બરો પૈકી એક મેમ્બરની પ્રસ્તુત સેશનમાં હાજરી આપવા નિમણુંક કરશે.

૩. કંપાલા, મ્બાલે અને મસાકામાંથી એકેક સભ્ય કે જે પ્રોવીન્શીયલ કાઉન્સીલનો સભ્ય નહી હશે;

૪. ઉપર્યુકત કોઈપણ શહેરોમાંથી ત્રણ બાનુ સભ્યો.

૫. યુગાન્ડાના મેમ્બર ઓફ એજ્યુકેશન.

૬. યુગાન્ડાની ઈસ્માઈલીયા એસોસીએશનના પ્રેસીડન્ટ

અને

૭. આ સુપ્રીમ કાઉન્સીલ હેઠળ હવે પછી જે પ્રોવીન્શીયલ કાઉન્સીલ હસ્તીમાં આવે તેના પ્રેસીડન્ટ અને એક મેમ્બર ઉપર્યુકત પેટા કલમ ૨ અને ૩ને આધીન રહીને.

ડી. <u>એચ. એચ. આગાખાન શીયા ઇમામી ઈસ્માઇલીયા સુપ્રીમ કાઉન્સીલ ફોર સાઉથ-પોર્ચુગીઝ ઇસ્ટ આફ્રિકા જેનું મથક લોરેન્સો માર્કસ ખાતે રહેશે.</u>

આ સુપ્રીમ કાઉન્સીલ નિચે મુજબ સભ્યોની બનશે.

૧. પ્રેસીડન્ટ, ઓનરરી સેક્રેટરી અને ત્રણ સભ્યો લોરેન્સોમાર્કમાંથી કે જેમની એકઝીકયુટીવ કમીટી બનશે.

૨. લોરેન્સોમાર્કસ, મોઝામ્બીક અને પ્રીટોરીઆ પ્રોવીન્શીયલ કાઉન્સીલના પ્રેસીડન્ટો. અગરજો તે પ્રેસીડન્ટ સુપ્રીમ કાઉન્સીલની કોઈપણ સેશનમાં હાજરી આપવા અશકત હોય તો લાગતી વળગતી પ્રોવીન્શીયલ કાઉન્સીલ પોતાના મેમ્બરો પૈકી એક મેમ્બરની પ્રસ્તુત સેશનમાં હાજરી આપવા નિમણુંક કરશે.

૩. લોરેન્સોમાર્કસ, મોઝામ્બીક અને પ્રીટોરીઆમાંથી અકેક સભ્ય કે જે પ્રોવીન્શીયલ કાઉન્સીલનો સભ્ય નહી હશે;

૪. ઉપર્યુકત કોઇપણ શહેરોમાંથી બે બાનુ સભ્યો;

૫. આ સુપ્રીમ કાઉન્સીલ હેઠળ હવે પછી જે પ્રોવીન્શીયલ કાઉન્સીલ હસ્તીમાં આવે તેના પ્રેસીડન્ટ અને એક મેમ્બર, ઉપર્યુકત પેટા કલમ ૨ અને ૩ને આધીન રહીને.

ઈ. <u>એચ. એચ. આગાખાન શીયા ઈમામી ઈસ્માઇલીયા સુપ્રીમ કાઉન્સીલ ફોર માડાગાસ્કર - જેનું મથક તાનાનારીવ ખાતે રહેશે.</u>

આ એ સુપ્રીમ કાઉન્સીલ નીચે મુજબ સભ્યોની બનશે:—

૧. પ્રેસીડન્ટ અને ઓનરરી સેક્રેટરી અને ત્રણ સભ્યો તાનાનારીવમાંથી કે જેમની એકઝીકયુટીવ કમીટી બનશે.

૨. તાનાનારીવ, માજુંગા અને ફીનાનારાસોઆની પ્રોવીન્શીયલ કાઉન્સીલોના પ્રેસીડન્ટો. અગરજો તે પ્રેસીડન્ટ સુપ્રીમ કાઉન્સીલની કોઈપણ સેશનમાં હાજરી આપવા અશકત હોય તો લાગતી વળગતી પ્રોવીન્શીયલ કાઉન્સીલ પોતાના મેમ્બરો પૈકી એક મેમ્બરની પ્રસ્તુત સેશનમાં હાજરી આપવા નિમણુંક કરશે.

૩. તાનાનારીવ, માજુંગા અને ફીનાનારસોઆમાંથી એકેક સભ્ય કે જે પ્રોવીન્શીયલ કાઉન્સીલનો સભ્ય નહી હશે.

૪. ઉપર્યુકત કોઇપણ શહેરમાંથી બે બાનુ સભ્યો,

૫. મેમ્બર ઓફ એજ્યુકેશન;

૬. આ સૂપ્રીમ કાઉન્સીલ હેઠળ હવે પછી જે પ્રોવીન્શીયલ કાઉન્સીલ હસ્તીમાં આવે તેના પ્રેસીડન્ટ અને એક મેમ્બર, ઉપર્યુકત પેટા કલમ ૨ અને ૩ને આધીન રહીને.

૭. પ્રોવીન્શીયલ કાઉન્સીલના મજકુર પ્રેસીડન્ટ અથવા મજકૂર સભ્ય પોતાની કાઉન્સીલને સબંધ ધરાવતી અપીલની

ચર્ચામાં કશા પ્રકારનો ભાગ લઇ શકશે નહી તેમજ પોતાની પ્રોવીન્શીયલ કાઉન્સીલને સ્પર્શતા વિષયમાં વોટ પણ આપી શકશે નહી.

૩. સઘળી સુપ્રીમ કાઉન્સીલોના પ્રેસીડન્ટ અને મેમ્બરોના હોદ્દાની મુદ્દત ચાર વર્ષોની રહેશે.

૪. સુપ્રીમ કાઉન્સીલો નીચેની પધ્ધતીએ ત્રણ માસે ઓછામાં ઓછા એક વખત મળશે:

એ. <u>ટાંગાનીકાની સુપ્રીમ કાઉન્સીલ.</u>

વારાફરતી સેશન મુખ્ય મથકે અર્થાત દારેસલામ ખાતે અને બાકીની વારાફતી સેશન ડોડોમા, મોશી, મ્વાન્ઝા અને ટાંગા ખાતે અનુક્રમે મળશે.

બી. <u>કીનીયાની સુપ્રીમ કાઉન્સીલ.</u>

વારાફરતી સેશન મૂખ્ય મથકે અર્થાત નાઈરોબી ખાતે અને બાકીની વારાફરતી સેશન મોમ્બાસા અને કીસૂમુ ખાતે અનુક્રમે મળશે.

સી. <u>યુગાન્ડાની સૂપ્રીમ કાઉન્સીલ.</u>

વારાફરતી સેશન મુખ્ય મથકે અર્થાત કંપાલા

ખાતે અને બાકીની વારાફરતી સેશન બ્બાસે અને મસાકા ખાતે અનુક્રમે મળશે.

ડી. <u>સાઉથ-પોર્ટુગીઝ ઈસ્ટ આફ્રીકાની સુપ્રીમ કાઉન્સીલ.</u>

વારાફરતી સેશન મુખ્ય મથકે અર્થાત લોરેન્સોમાર્ક ખાતે અને બાકીની વારાફરતી સેશન પ્રીટોરીઆ અને મોઝામ્બીક ખાતે અનુક્રમે મળશે.

ઇ. <u>માડાગાસ્કરની સુપ્રીમ કાઉન્સીલ.</u>

વારાફરતી સેશન મુખ્ય મથકે અર્થાત તાનાનારીવ ખાતે અને બાકીની સેશન વારાફરતી માજુંગા અને ફીનાનારસોઆ ખાતે અનુક્રમે મળશે.

સુપ્રીમ કાઉન્સીલોની સેશન માર્ચ, જૂન, સપ્ટેમ્બર અને ડીસેમ્બરમાં પ્રતીવર્ષે મળશે. સુપ્રીમ કાઉન્સીલની અસાધારણ સેશન સુપ્રીમ કાઉન્સીલના મથકે મળશે અને તે કોઇપણ સમયે તાત્કાલિક ચર્ચા માટે તેની એકઝીક્યુટીવ કમીટી પોતાના મથકે બોલાવી શકશે. ઓછામાં ઓછા ૧૪ દિવસની નોટીસ આવી અસાધારણ મીટીંગો માટે તેમના સભ્યોને અવશ્ય આપવી પડશે.

૫. પ્રત્યેક સુપ્રીમ કાઉન્સીલની એકઝીકયુટીવ કમીટી સુપ્રીમ કાઉન્સીલે કરેલા સઘળા નિર્ણયો અને/અથવા સૂચનાઓ અમલ કરી તેને ગતિમાન કરશે અને સુપ્રીમ કાઉન્સીલની આગામી સેશન સૂધી સાધારણ રીતે મુલતવી ન રાખી શકાય તેવા કોઇ અગત્યના અને તાત્કાલિક એવા કામકાજો આપણા પવિત્ર કાયદાની હદમાં રહીને પતાવી શકશે.

૬. સુપ્રીમ કાઉન્સીલોની સઘળી સેશનો વખતે $\frac{1}{3}$ મેમ્બરોની સંખ્યાનું કોરમ ગણાશે. સુપ્રીમ કાઉન્સીલની એકઝીકયુટીવ કમીટીનું કોરમ ત્રણ હાજર સભ્યોનું ગણાશે.

૭. સૂપ્રીમ કાઉન્સીલના સઘળા મેમ્બરો પોતાના ખર્ચે પ્રવાસ કરશે.

૮. પોતાના હોદ્દાની મુદ્દત પૂરી થવાના છ માસ પહેલાં સુપ્રીમ કાઉન્સીલના સઘળા સભ્યો ફેડરલ કાઉન્સીલને પોતાના લેખીત, રાજીનામા મોકલી આપશે અને પ્રેસીડન્ટ, ઓનરરી સેક્રેટરી તેમજ ચાલુ મેમ્બરોની સંખ્યાના બેવડા નામો નવી નિમણુંક માટે સૂચવશે. ફેડરલ કાઉન્સીલ આવા નામો મૌલાના હાઝર ઈમામ પેશ કરશે.

૯. સુપ્રીમ કાઉન્સીલનો કોઇપણ સભ્ય મૌલાના હાઝર ઈમામની ખાસ પરવાનગી સિવાય એકી સાથે આઠ વર્ષથી વધારે વખત સૂધી હોદ્દા ઉપર રહી શકશે નહી. મૌલાના હાઝર ઇમામ હીઝ હાઇનેસ ધી આગાખાનને નવી નિમણુંકના માટે આવા મેમ્બરોના નામોની રજૂઆત પેશ કરતી વેળાએ આવા મેમ્બરોએ સૂપ્રીમ કાઉન્સીલોના હોદ્દા ઉપરે કેટલા વર્ષો પર્યંત સેવા કરી છે તેની જાણ કરવાની ફરજ ફેડરલ કાઉન્સીલની રહેશે.

૧૦. સુપ્રીમ કાઉન્સીલનો કોઈપણ સભ્ય તેની ત્રણ ઉપરાઉપરી રેગ્યુલર સેશનમાંથી ગેરહાજર રહેશે નહિ. કોઇપણ સભ્ય આ કાયદાથી વિરૂધ્ધ વર્તશે તો તેવા સભ્યની જગ્યા આપોઆપ રદ થશે. તેવા સભ્યને તેની જાણ કરવામાં આવશે અને તેનો રીપોર્ટ મૌલાના હાઝર ઇમામને પેશ કરવામાં આવશે. મૌલાના હાઝર ઇમામ આવા સભ્યની પૂનઃનિમણુંક કરી શકશે. સુપ્રીમ કાઉન્સીલમાં આવી ખાલી થયેલ જગ્યાની પુરવણી ત્રણ માસની અંદર કરવામાં આવશે.

૧૧. સૂપ્રીમ કાઉન્સીલની સતા, ફરજો અને કામગીરી, ન્યાયખાતું, એપેલેટ, સામાજીક, આર્થીક સલાહકારી અને માહિતીઓ પુરી પાડવાની રહેશે.

સુપ્રીમ કાઉન્સીલોની એ પણ સત્તા રહેશે કે:-

એ. પોતાની પ્રોવીન્શીયલ કાઉન્સીલો તરફથી આવતી સઘળી અરજીઓ અને/અથવા અપીલો સાંભળી તેના નિર્ણયો આપશે.

બી. પ્રોવીન્શીયલ કાઉન્સીલોના હોદ્દેદારોની નવી નિમણુંક માટેના નામો મૌલાના હાઝર ઇમામને પેશ કરવા માટે ફેડરલ કાઉન્સીલને મોકલાવશે.

સી. કોમની સામાજીક ઉન્નતી અંગેની સઘળી કામગીરી બજાવશે અને પોતાની પ્રાંતિક હદમાં રહીને કોમના સામાન્ય હિતોની જાળવણી અર્થે સઘળા આવશ્યક ઉપાયો લેશે જેવા કે:- નિચેના વિષયોમાં રીપોર્ટો મેળવશે, તેનું મનન કરશે અને માહિતી આપશે તેમજ સામાન્યપણે સલાહો પુરી પાડશે.

(i) વેપાર અને વાણીજય.

(ii) દેશાટન અને નવી વસાહત.

(iii) બિમારી, રોગચાળો અને ચેપી દર્દો સામેના ઉપચારો;

અને

(iv) કોમની આર્થીક, સામાજીક અને કલ્યાણકારી

ઉન્નતી અર્થે સઘળી બાબતો.

ડી. પ્રોવીન્શીયલ કાઉન્સીલો અને તેના હેઠળની સઘળી સંસ્થાઓની કામગીરી પરત્વે દેખભાળ રાખી તેની તપાસ રાખશે.

૧૨. દરેક સુપ્રીમ કાઉન્સીલ પોતાની ત્રીમાસીક નિયમીત સેશન બોલાવતી વખતે આર્થીક પરિષદ બોલાવશે.

૧૩. સુપ્રીમ કાઉન્સીલના કોઇ સભ્યને સૂપ્રીમ કાઉન્સીલે કોમના હિતાર્થે પસાર કરેલ ઠરાવથી અસંતોષ થયેલ હોય તો તેવણુ ફેડરલ કાઉન્સીલને અપીલ કરી શકશે. આવી અપીલ માટે કશીપણુ ફી લેવામાં આવશે નહી પરંતુ આવો ઠરાવ તુરતજ અમલમાં મુકાશે સિવાય કે અપીલમાં તેમાં ફેરફાર કરવામાં આવે.

૧૪. કોઇપણુ ગામ અથવા ગામડાઓને એક પ્રોવીન્શીયલ કાઉન્સીલની હૂકૂમતમાંથી ફેરવી અને બીજી પ્રોવીન્શીયલ કાઉન્સીલની હૂકૂમતમાં લાવવા માટેની સત્તા લાગતીવળગતી સુપ્રીમ કાઉન્સીલની રહેશે.

૧૫. કોઈપણુ પ્રોવીન્શીયલ કાઉન્સીલની સ્થાપના કરવી કે તેને રદ કરવા માટેની સત્તા મૌલાના હાઝર ઈમામની મંજુરીથી સુપ્રીમ કાઉન્સીલની રહેશે.

૧૬. સુપ્રીમ કાઉન્સીલ દર ત્રણ માસે તેમણે બજાવેલ કામગીરીનો અહેવાલ મૌલાના હાઝર ઈમામ હીઝ હાઇનેસ ધી આગાખાનને પેશ કરશે.

૧૭. પોતાના પ્રોવીન્સ હેઠળની પ્રોવીન્શીયલ કાઉન્સીલો અને સૂપ્રીમ કાઉન્સીલના સેક્રેટરીયેટ સ્ટાફને રોકવાનું બદલી કરવાનું અગરતો બર-તરફ કરવાનું કાર્ય લાગતી વળગતી સુપ્રીમ કાઉન્સીલનું રહેશે.

૧૮. સુપ્રીમ અને પ્રોવીન્શીયલ કાઉન્સીલોના ઓડીટરોની નિમણુંક લાગતી વળગતી સુપ્રીમ કાઉન્સીલ કરશે.

૧૯. સુપ્રીમ કાઉન્સીલનો કોઈપણ સભ્ય પ્રોવીન્શીયલ કાઉન્સીલ અથવા બીજી કોઈ સંસ્થા કે સોસાયટીનો એકી સાથે સભ્ય થઇ શકશે નહી.

૨૦. સઘળી પ્રોવીન્શીયલ કાઉન્સીલો અને જમાતો પોતાની લાગતી વળગતી સુપ્રીમ કાઉન્સીલોના હુકમો માનશે.

૨૧. સુપ્રીમ કાઉન્સીલ પોતાના સભ્યોમાંથી એક અથવા વધુ સભ્યોને દર વર્ષે એક અથવા બે વખત જુદી જુદી પ્રોવીન્શીયલ કાઉન્સીલોની કામગીરીની તપાસ માટે નીમશે. આવા સભ્યોએ તે લાગતી વળગતી પ્રોવીન્શીયલ કાઉન્સીલને

કોઇપણ હુકમો કે સુચનાઓ આપવી હોય તો તે લેખીત આપશે અને તેની એક નકલ સુપ્રીમ કાઉન્સીલને મોકલશે. આવા સભ્ય અથવા સભ્યોએ પોતે પ્રવાસેથી પાછા ફરવા પછી પંદર દીવસની અંદર સુપ્રીમ કાઉન્સીલને પોતાનો અહેવાલ લેખીત મોકલી આપવો. જો કોઈ સભ્ય કે સભ્યો તેમની સુપ્રીમ કાઉન્સીલ તરફથી ત્રણ વખત નિમણુંક થયા છતાં તપાસ માટે જશે નહી તો તેવા સભ્યોને સુપ્રીમ કાઉન્સીલમાંથી સસ્પેન્ડ કરવામાં આવશે અને તે વિષેનો અહેવાલ નામદાર ફેડરલ કાઉન્સીલ મારફતે મૌલાના હાઝર ઇમામ હીઝ હાઈનેસ ધી આગાખાનને પેશ કરવામાં આવશે.

૨૨. સુપ્રીમ કાઉન્સીલનો કોઈપણ સભ્ય નાદાર તરીકે જાહેર થાય તો તે આપોઆપ સભ્યપણુંમાંથી કમી થયેલો ગણાશે.

૨૩. સુપ્રીમ અથવા પ્રોવીન્શીયલ કાઉન્શીલનો કોઇપણ સભ્ય એવા કોઈ ગુન્હાની અંદર સંડોવાયેલો હોય કે જે થકી કાઉન્સીલની પ્રતીષ્ઠાને આંચ કે હાની આવે તો સુપ્રીમ કાઉન્સીલ તેવા સભ્યને, તે અથવા તેણીને, પોતાના હોદ્દામાંથી રાજીનામું આપવા જણાવશે અને તે પરત્વેનો અહેવાલ ફેડરલ કાઉન્સીલને મોકલી આપશે.

૨૪. સુપ્રીમ કાઉન્સીલનો કોઇ સભ્ય જે ગામમાંથી તેની નિમણુંક થયેલ હોય તે ગામ બદલાવે તો તેવા સભ્યની જગ્યા આપોઆપ ખાલી થયેલી ગણાશે.

૨૫. કોઇપણ સુપ્રીમ કાઉન્સીલ અથવા જંગબાર અને ઉઝૂમ્બુરાની પ્રોવીન્શીયલ કાઉન્સીલો વચ્ચે પોતપોતામાં કોઈ વિષયમાં મતભેદ ઉપસ્થિત થાય તો તેના નિરાકરણ માટે ફેડરલ કાઉન્સીલ સમક્ષ વિગત રજુ કરવામાં આવશે.

૨૬. પ્રત્યેક સુપ્રીમ કાઉન્સીલ તેમની પ્રોવીન્શીયલ કાઉન્સીલો અને જમાતોને મોકલવામાં આવતાં સઘળા સરક્યુલરોની નકલો ફેડરલ કાઉન્સીલને તેમની જાણ માટે મોકલાવશે. જંગબાર અને ઉઝૂમ્બુરાની પ્રોવીન્શીયલ કાઉન્સીલો પણ પોતાની જમાતોને મોકલવામાં આવતાં સઘળા સરક્યુલરોની નકલ ફેડરલ કાઉન્સીલને મોકલશે.

# પ્રકરણ ત્રીજું

# પ્રોવીન્શીયલ કાઉન્સીલોને લગતા કાયદાઓ.

૧. પ્રોવીન્શીયલ કાઉન્સીલ "હીઝ હાઈનેસ આગાખાન શીયા ઈમામી ઇસ્માઈલીયા પ્રોવીન્શીયલ કાઉન્સીલના" નામે ઓળખાશે. પ્રોવીન્શીયલ કાઉન્સીલોના નામની હેઠળ જે ગામો અને ગામડાઓના નામો દર્શાવવામાં આવ્યા છે તેવા ગામો આવી કાઉન્સીલની હુકુમત નીચે રહેશે. બીજા ગામડાઓ અને ગામો કે જે હવે પછી આવી કાઉન્સીલોની હેઠળ આવે તેને પણ તેના હુકૂમતમાં લેવામાં આવશે.

## ૧. એચ. એચ. આગાખાન શીયા ઈમામી ઇસ્માઈલીયા પ્રોવીન્શીયલ કાઉન્સીલ, જંગબાર.

૧. જંગબાર
૨. માંગાફાની
૩. પેમ્બા-ચાકેચાકે
૪. પેમ્બા-વેટે
૫. ઝીવાની
૬. મસુકા
૭. કોન્ડે

વિગેરે, વિગેરે.

૨. એચ. એચ. આગાખાન શીયા ઇમામી

ઇસ્માઇલીયા પ્રોવીન્શીયલ કાઊન્સીલ, મોઝામ્બીક

| | |
|---|---|
| ૧. મોઝામ્બીક. | ૮. કોરાણુ઼ા. |
| ૨. મેમ્બા. | ૯. નાકહાલા. |
| ૩. મોટા માયા | ૧૦. નામીના. |
| ૪. પરભાત | ૧૧. રીબાવા. |
| ૫. નામીચાલ. | ૧૨. મુરૂમ્બા. |
| ૬. મકોન્ટા. | ૧૩. નાપાપા. |
| ૭. સીયોટી. | વિગેરે, વિગેરે. |

૩. એ.ચ એચ. આગાખાન શીયા ઈમામી

ઈસ્માઇલીયા પ્રોવીન્શીયલ કાઉન્સીલ, લોરેન્સો માર્ક.

| | |
|---|---|
| ૧. લોરેન્સો માર્ક | ૬. અંકાઇ |
| ૨. ઇન્હમ્બાન | ૭. જંગામુ |
| ૩. હોમેની. | ૮. બંગુસ |
| ૪. ઇન્હારીમી | ૯. બેરા. |
| ૫. ઝવાલા | વિગેરે, વિગેરે. |

૪. એચ. એચ. આગાખાન શીયા ઇમામી

ઈસ્માઇલીયા પ્રોવીન્શીયલ કાઉન્સીલ, માજુંગા.

| | |
|---|---|
| ૧. માજુંગા | ૧૬. ભેફાન્ટીયેન-નોર્દ |
| ૨. મારૂવાઇ | ૧૭. માન્ઢીછારા |
| ૩. છરાતનાના | ૧૮. તુંગીલે |

| | | | |
|---|---|---|---|
| ૪. | માઇવતનાના | ૧૯. | બીરજીન |
| ૫. | માહાજુમા | ૨૦. | ભવુંગું |
| ૬. | અન્ઢીબા | ૨૧. | માપીકૂની |
| ૭. | ચાયાભુસ્ટ | ૨૨. | મારૂશાકૂઆ |
| ૮. | ચીતાપાકી | ૨૩. | તાનીમુરા |
| ૯. | ચીનાપાકી | ૨૪. | ભુલમોતી |
| ૧૦. | સકરાહા | ૨૫. | મધીરૂપાલુ |
| ૧૧. | તાનાન્બાઉ | ૨૬. | તાનીમાલાદી |
| ૧૨. | મારૂમાન્દીયા | ૨૭. | ચીન્જીયાઝ |
| ૧૩. | ગઝીજા—મોરોની | ૨૮. | અમ્પાનીહી |
| ૧૪. | મેમરીજી | ૨૯. | છાન્મુમ્તુઢાકા |
| ૧૫. | અન્છુહી | | |

વિગેરે, વિગેરે.

૫. એચ. એચ. આગાખાન શીયા ઇમામી ઇસ્માઇલીયા પ્રોવીન્શીયલ કાઉન્સીલ, ફેનારહૂઆ.

| | | | |
|---|---|---|---|
| ૧. | ફેનારહુઆ | ૬. | માનાનજારી |
| ૨. | અભુંઢામાહાસુઆ | ૭. | ઇફાનાદીયાના |
| ૩. | અંભાલાવાઉ | ૮. | માનાકારા |
| ૪. | કેંજાવાતુ | ૯. | ફેરા ફેન્ગા |
| ૫. | અચેંનાવુલુ | ૧૦. | બીન્ડોગી સુદ |

વિગેરે, વિગેરે.

## ૬. એચ. એચ. આગાખાન શીયા ઈમામી ઈસ્માઇલીયા પ્રોવીન્શીયલ કાઉન્સીલ, તાનાનારીવ.

| | |
|---|---|
| ૧. તાનાનારીવ | ૧૨. ઇજીડા |
| ૨. છીરૂમંદીદી | ૧૩. અમ્બોસીટા |
| ૩. અંછીરાબે | ૧૪. તંગુબુરી |
| ૪. બેતાફુ | ૧૫. બેઝાહા |
| ૫. મલાઈબાંદી | ૧૬. અમ્મની ઉએરત |
| ૬. સાકારાહા | ૧૭. બેત્યુકી સુદ |
| ૭. તુલીયાર | ૧૮. માંજા |
| ૮. બેત્રોકા | ૧૯. બેફન્ડયન-સુદ |
| ૯. બેકીલી | ૨૦. અંકીલીઆબુ |
| ૧૦. અંકાઝૂઆબુ | ૨૧. મરૂન્દાવા |
| ૧૧. ઈહોશી. | ૨૨. મહાબુ |
| | વિગેરે, વિગેરે. |

## ૭. એચ. એચ. આગાખાન શીયા ઈમામી ઈસ્માઈલીયા પ્રોવીન્શીયલ કાઉન્સીલ, પ્રીટોરીયા.

| | |
|---|---|
| ૧. પ્રીટોરીયા | ૪. પોર્ટ ઇલીઝાબેથ |
| ૨. લુઇસ્ટ્રીચાર્ટ | ૫. ડેલ્માસ |
| ૩. જોહાનીસબર્ગ | ૬. કેપ ટાઉન |
| | વિગેરે, વિગેરે. |

## ૮. એચ. એચ. આગાખાન શીયા ઈમામી ઈસ્માઈલીયા પ્રોવીન્શીયલ કાઉન્સીલ, ઉઝુમ્બુરા.

| | | | |
|---|---|---|---|
| ૧ | ઉઝૂમ્બુરા | ૧૯ | સાન્ગે |
| ૨ | આલ્બર્ટવીલ | ૨૦ | લ્યોપોલ્ડવીલે |
| ૩ | સ્ટાનલીવીલ | ૨૧ | ન્યાંઝાલેક |
| ૪ | કીગાલી | ૨૨ | કવુમુ |
| ૫ | કીટેગા | ૨૩ | ન્વારો |
| ૬ | કીસેની | ૨૪ | બુકાબુ |
| ૭ | કોન્ગોલો | ૨૫ | આસ્ટ્રીડા |
| ૮ | રૂહેનગેરે | ૨૬ | કીલોમ્બો |
| ૯ | ગીતારામા | ૨૭ | આન્ગો |
| ૧૦ | કીગેમે | ૨૮ | મુગાન્બાઝી |
| ૧૧ | ન્યાંઝા | ૨૯ | બુટા |
| ૧૨ | રૂમોન્ગે | ૩૦ | મુહીન્ગા |
| ૧૩ | કીમેન્મબે | ૩૧ | વાલુ વગુ |
| ૧૪ | લુગુન્ગી | ૩૨ | રૂગોમ્બો |
| ૧૫ | મટાના | ૩૩ | કીદુદુ |
| ૧૬ | કબાલો | ૩૪ | મામ્બાસા |
| ૧૭ | બ્યુમ્બા | ૩૫ | કીન્ડુ |
| ૧૮ | ઉવીરા | ૩૬ | ટીદુલે |

વિગેરે, વિગેરે.

## ૯. એચ. એચ. આગાખાન શીયા ઇમામી ઈસ્માઇલીયા પ્રોવીન્શીયલ કાઉન્સીલ, મોમ્બાસા.

| | |
|---|---|
| ૧. મોમ્બાસા | ૬. મલીન્ડી |
| ૨. મરીયાકાની | ૭. લામુ |
| ૩. વોઈ | ૮. કીસમાયુ |
| ૪. ટવેટા | ૯. જીબુટી |
| ૫. મ્વાટાટી | ૧૦. એડન વિગેરે વિગેરે. |

## ૧૦. એચ. એચ. આગાખાન શીયા ઈમામી ઇસ્માઈલીયા પ્રોવીન્શીયલ કાઉન્સીલ નાઈરોબી.

| | |
|---|---|
| ૧. નાઇરોબી | ૧૫. કયામ્બુ |
| ૨. કીબેઝી | ૧૬. પાર્કલેન્ડસ |
| ૩. સીમ્બા | ૧૭. ન્ડુલા |
| ૪ ઈમાલે | ૧૮. મેરૂ |
| ૫. સુલતાન હમુદ | ૧૯. ઇકોન્ગા |
| ૬. કીવુ | ૨૦. નૈવાસા |
| ૭. કીકૂયુ | ૨૧. કરાટીના |
| ૮. થીકા | ૨૨. મીહુટી |
| ૯. ફોર્ટ હોલ | ૨૩. ન્ગોંગ |
| ૧૦. કજીયાડો | ૨૪. સીયોલે |
| ૧૧. ન્યેરી | ૨૫. નકૂરૂ |
| ૧૨. મચાકોસ | ૨૬. ઇસ્ટલે |
| ૧૩. વજેર | ૨૭. ગીલગીલ |
| ૧૪. મોયાલે | ૨૮. અસમારા |

વિગેરે, વિગેરે

## ૨૧. એચ. એચ. આગાખાન શીયા ઇમામી ઈસ્માઇલીયા પ્રોવીન્શીયલ કાઉન્સીલ, કીસુમુ

| | | | |
|---|---|---|---|
| ૧ | કીસુમુ | ૨૫ | કાકામેઘા |
| ૨ | કીસી | ૨૬ | સુના |
| ૩ | એલ્ડોરેટ | ૨૭ | કડીચુ |
| ૪ | એસમ્બો-બે | ૨૮ | નંગવેટા |
| ૫ | મુમીયાસ | ૨૯ | એલ્ડા મારવીન |
| ૬ | મીરોગી | ૩૦ | આકવા |
| ૭ | કીન્ડુંબે | ૩૧ | અરવીસ |
| ૮ | કમલીલી | ૩૨ | કબયત |
| ૯ | ઓચુગી | ૩૩ | ઉટેન્ડે |
| ૧૦ | હોમાબે | ૩૪ | હોઇઅ બ્રીઝ |
| ૧૧ | કીટાલે | ૩૫ | મરાચ |
| ૧૨ | મરીન્ઢી | ૩૬ | ન્ડેરે |
| ૧૩ | બુન્ગોમા | ૩૭ | અલગીઓ-સો મીલ |
| ૧૪ | યાલા રીવર | ૩૮ | લુઆન્ડા |
| ૧૫ | કેપ્સાબેટ | ૩૯ | ટીડીન્યા |
| ૧૬ | બ્રોડરીક ફોલ્સ | ૪૦ | ગુરગન |
| ૧૭ | કીટેરે | ૪૧ | કોઈબ્રાક |
| ૧૮ | મુરૂ-બે | ૪૨ | રીઆના |
| ૧૯ | કૂરૂન્ગુ | ૪૩ | કેરીચો |
| ૨૦ | મોગામ્બો | ૪૪ | મસારા |
| ૨૧ | નંભાળે | ૪૫ | બૂટીરૂ |
| ૨૨ | રન્ગવે | ૪૬ | સેમા |
| ૨૩ | માલકીસી | ૪૭ | લોન્ડીયાની |
| ૨૪ | સીયો-રીવર | ૪૮ | જબલપુર વિગેરે, વિગેરે. |

## ૧. એચ. એચ. આગાખાન શીયા ઈમામી ઈસ્માઈલીયા પ્રોવીન્શીયલ કાઉન્સીલ, કમ્પાલા

| | | | |
|---|---|---|---|
| ૧ | કમ્પાલા | ૨૫ | સાંગી |
| ૨ | કાકાકાલા | ૨૬ | સુંગા |
| ૩ | મેન્ગો | ૨૭ | બુજુટા |
| ૪ | બોમ્બો | ૨૮ | બુકૂયા |
| ૫ | બામનાનીકા | ૨૯ | નામાસાગાલી |
| ૬ | મ્પીગી | ૩૦ | કટેરા |
| ૭ | મીટાળામરીયા | ૩૧ | કાદરા |
| ૮ | નાબુસાકે | ૩૨ | કસાવ |
| ૯ | બુકાન્ડુલા | ૩૩ | નાકીસુંગા |
| ૧૦ | કરીરી | ૩૪ | બુજોની |
| ૧૧ | મીટીઆના | ૩૫ | નાકીકૂમા |
| ૧૨ | મુબેન્ડે | ૩૬ | વોબુલેન્ઝી |
| ૧૩ | કાકોમીરો | ૩૭ | નાગળામા |
| ૧૪ | નાબીગોલા | ૩૮ | કાનોની |
| ૧૫ | કાલાંગોલા | ૩૯ | બુગાન્ગા |
| ૧૬ | બ્યુકવે | ૪૦ | કસાન્ડા |
| ૧૭ | જીંજા | ૪૧ | ફોર્ટ પોરટેલ |
| ૧૮ | કમુલી | ૪૨ | લુગાઝી |
| ૧૯ | કલીરો | ૪૩ | ઈરૂન્ડી |
| ૨૦ | મ્બુલામુટો | ૪૪ | ગ્યાઝા |
| ૨૧ | કીકાન્ડવા | ૪૫ | કવામ્પવે |
| ૨૨ | મસીન્ડી પોર્ટ | ૪૬ | કામાન્ગો |
| ૨૩ | મસીન્ડી ટાઉન | ૪૭ | બુગેરેરે |
| ૨૪ | કીગોગ્વે | ૪૮ | કાલાન્ગાલો |
| | | ૪૯ | બુસુંજુ વિગેરે, વિગે |

## ૧૩. એચ. એચ. આગાખાન શીયા ઇમામી ઈસ્માઇલીયા પ્રોવીન્શીયલ કાઉન્સીલ, મસાકા

| | |
|---|---|
| ૧ મસાકા | ૧૨ બુકોટા |
| ૨ કવોકો | ૧૩ બુટેંગા |
| ૩ કલીસીઝો | ૧૪ કીઝી |
| ૪ કલૂંગૂ | ૧૫ મ્બીરીઝી |
| ૫ કબાડા | ૧૬ મ્બરારા |
| ૬ કીશોરો | ૧૭ બુકુલુલા |
| ૭ લીયાટોન્ડે | ૧૮ કયુટેરા |
| ૮ કયાબાકૂજા | ૧૯ લાવેટોબે |
| ૯ કાગોલોગોલો | ૨૦ લાવાશામેરી |
| ૧૦ કીકાગાટી | ૨૧ રૂંગામો |
| ૧૧ કાકુન્ઝે | ૨૨ કોબોયો વિગેરે, વિગેરે |

## ૧૪. એચ. એચ. આગાખાન શીયા ઇમામી ઈસ્માઇલીયા પ્રોવીન્શીયલ કાઉન્સીલ, મ્બાલે

| | |
|---|---|
| ૧ મ્બાલે | ૮ મોકોન્ગોરો |
| ૨ બૂટીરૂ | ૯ સીરીકો |
| ૩ મયેન્ઝે | ૧૦ બુકેડીઆ |
| ૪ વડુંડા | ૧૧ મલેરા |
| ૫ માજીમાસા | ૧૨ કૂમી |
| ૬ બુઠાકા | ૧૩ ન્ગોરો |
| ૭ પાલીસા | ૧૪ કપીરી |

| | |
|---|---|
| ૧૫ કયેરે | ૨૫ પડીમે |
| ૧૬ બરેરે | ૨૬ ગુલુ |
| ૧૭ કાચુમ્બાલા | ૨૭ પબો |
| ૧૮ સરોટી | ૨૮ અતુબોઈ |
| ૧૯ લેડોટો | ૨૯ કબીરામાઈડો |
| ૨૦ કટાકૂઇ | ૩૦ કલાડી |
| ૨૧ અમુરીયા | ૩૧ અટુરા |
| ૨૨ લીરા | ૩૨ ટરોરો |
| ૨૩ કીટગુમ | ૩૩ બુસીયા |
| ૨૪ પરાન્ગા | ૩૪ મજાન્જી વિગેરે, વિગેરે |

## ૨૦. એચ. એચ. આગાખાન શીયા ઇમામી ઇસ્માઇલીયા પ્રોવીન્શીયલ કાઉન્શીલ, દારેસલામ

| | |
|---|---|
| ૧ દારેસલામ | ૧૪ ચંજુરૂ |
| ૨ મોરોગોરો | ૧૫ મ્બોયા |
| ૩ મ્કુયુની | ૧૬ ઇફ્કારા |
| ૪ ટુલીઆની | ૧૭ મારામ્બે |
| ૫ મ્ટોમ્બો | ૧૮ ટુંડુરૂ |
| ૬ મ્ટવારા | ૧૯ સોગા |
| ૭ કીમામ્બા | ૨૦ ઉંગૂ |
| ૮ રૂડેવા | ૨૧ કીબરેગે |
| ૯ મીન્ગોયો | ૨૨ મહેંગે |
| ૧૦ મ્વુમી | ૨૩ કીલ્વા |
| ૧૧ કીલોસા | ૨૪ લીન્ડી |
| ૧૨ કીડોડી | ૨૫ નેવાલા |
| ૧૩ કોટાની | ૨૬. મહુટા |

૨૭ મીકીન્ડાની
૨૮ નનીયામ્બા
૨૯ માફીઆ
૩૦ ભોયરા
૩૧ સોંગીઆ
૩૨ ચીયુંટવા
૩૩ નામીફૂંગા
૩૪ કીંટાન્ગીરી
૩૫ બાગામોયો
૩૬ મસાકી
૩૭ કીસીજૂં
૩૮ મીકેરે
૩૯ મ્કુરાન્ગા
વિગેરે વિગેરે.

## ૧૬. એચ. એચ. આગાખાન શીયા ઇમામી ઇસ્માઇલીયા પ્રોવીન્શીયલ કાઉન્સીલ, મ્વાન્ઝા.

૧ મ્વાન્ઝા
૨ બુકૂમ્બી
૩ મીસુંગ્વી
૪ મ્બૂકી
૫ શીન્યાન્ગા
૬ માલામપાકા
૭ બરીયાડી
૮ ન્યામ્બીટી
૯ સેકે
૧૦ કેલા
૧૧ નાન્સીઓ
૧૨ મગૂ
૧૩ ગેઈટા
૧૪ બુકોબા
૧૫ મહેબા
૧૬ કામાચ્યૂચ્યૂ
૧૭ ન્ઝૂગૂ
૧૮ ન્યાકાબીડી
૧૯ કારૂમવા
૨૦ મુહુટવે
૨૧ ચ્યાકા
૨૨ મુસોમા
૨૩ કીનેસી
૨૪ ઉટેગી
૨૫ શીરાતી
૨૬ મજીઠા
૨૭ મુગાન્ગી
૨૮ ૯કીઝૂ

૨૯ બીવાસી
૩૦ ન્યામાંગા
૩૧ મંટારે
૩૨ બીહારામુલે
૩૩ તરીમે
૩૪ શાન્વા
૩૫ ઉશાશી
૩૬ ન્ગૂડૂ
૩૭ ઈકોરોન્ઝ
વિગેરે વિગેરે.

૧૭. એચ. એચ. આગાખાન શીયા ઈમામી ઇસ્માઈલીયા પ્રોવીન્શીયલ કાઉન્સીલ ડાંગા.

૧ ડાંગા
૨ કેરોગ્વે
૩ મુહેઝા
૪ માકૂયુની
૫ ફુંગાની
૬ પોન્ગવે
૭ લુશોટો
વિગેરે, વિગેરે:

૧૮. એચ. એચ. આગાખાન શીયા ઇમામી ઈસ્માઇલીયા પ્રોવીન્શીયલ કાઉન્સીલ, મોશી.

૧ મોશી
૨ અરૂશા
૩ ઓલ્ડેયાની
૪ બાબાટી
૫ મોન્ડુલી
૬ મેગુગુ
૭ મ્બુલુ
૮ ન્ગોમ્બેરી
૯ મ્બુગ્વે
૧૦ હીમો
૧૧ નાગારાન્ટોની
૧૨ ઇડલાકાન
વિગેરે, વિગેરે.

**૧૯. એચ. એચ. આગાખાન શીયા ઇમામી ઈસ્માઇલીયા પ્રોવીન્શીયલ કાઉન્સીલ, ડોડોમા**

| | | | |
|---|---|---|---|
| ૧ | ડોડોમા | ૧૧ | કોન્ગવા |
| ૨ | કીકોમ્બો | ૧૨ | મ્લાલી |
| ૩ | હન્ડાલી | ૧૩ | ઈટીગી |
| ૪ | મ્પાપુઆ | ૧૪ | માયામાયા |
| ૫ | કીલેમા | ૧૫ | કીગ્વી |
| ૬ | બાહી | ૧૬ | કીયોમ્બી |
| ૭ | કીટીન્કૂ | ૧૭ | કોન્ડોઆ |
| ૮ | મન્યોની | ૧૮ | મસાંગા |
| ૯ | સીંગીડા | ૧૯ | બેરેકા |
| ૧૦ | કીલીમાટીન્ડે | ૨૦ | ઈલોન્ગેરો |
| | | ૨૧ | મોન્ડો |
| | | | વિગેરે, વિગેરે |

**૨૦. એચ. એચ. આગાખાન શીયા ઇમામી ઇસ્માઇલીયા પ્રોવીન્શીયલ કાઉન્શીલ, ટબોરા**

| | | | |
|---|---|---|---|
| ૧ | ટબોરા | ૮ | મ્પાન્ડા |
| ૨ | કીગોમા | ૯ | સુમ્બુવાન્ગા |
| ૩ | મ્વાન્ડીગા | ૧૦ | ન્ડાલા |
| ૪ | ઉજીજી | ૧૧ | કહામા |
| ૫ | ઉસીંગી | ૧૨ | કસીરો |
| ૬ | ન્ગૂરૂકા | ૧૩ | મસાસા |
| ૭ | ઇગાલુલા | | વિગેરે, વિગેરે |

૨૧. એચ. એચ. આગાખાન શીયા ઈમામી

ઇસ્માઇલીયા પ્રોવીન્શીયલ કાઉન્સીલ, મ્બેયા.

| | |
|---|---|
| ૧ મ્બેયા | ૧૧ કુન્ડુમા |
| ૨ ઈરીંગા | ૧૨ ન્જીચાપાન્ડા |
| ૩ મુફીન્ડી | ૧૩ કીયેલા |
| ૪ કુકૂચુ | ૧૪ ઉવાવા |
| ૫ મ્બલીઝી | ૧૫ મ્વાયા |
| ૬ ફૂગુટાસ | ૧૬ મારૂઆન્ડા |
| ૭ ચુનીયા | ૧૭ કોરોન્ગા |
| ૮ ટોબેરે | ૧૮ મ્ટવાન્ગો |
| ૯ જેમ્બે | ૧૯ કીલોલી |
| ૧૦ મડાન્ડુ | ૨૦ માલાન્ગાલી |
| | વિગેરે, વિગેરે |

૨. પ્રોવીન્શીયલ કાઉન્સીલ નીચે મુજબ સભ્યોની બનશે.

એ. દરેક પ્રાંતિક મુખ્ય મથકોના ગામોમાંથી ઓછામાં છ મેમ્બરો કે જે પૈકી બે બાનુ સભ્યો હશે.

બી. કાઉન્સીલની હેઠળના દરેક ગામમાંથી કે જ્યાં ૩૦૦ કે તેથી વધારે દીનદારોની વસ્તી હોય તે દરેક તરફથી એક મેમ્બર

આવા ગામોમાંથી જે મેમ્બર નિમાય તેવણ જો મજકુર ગામ બદલાવે તો તેવા મેમ્બરની જગ્યા આપોઆપ ખાલી થયેલી ગણાશે.

સી. મૌલાના હાઝર ઈમામની ખાસ પરવાનગીથી નાની જમાતોમાંથી એક મેમ્બર

ડી. જે સ્થળોએ પ્રોવીન્શીયલ કાઉન્સીલો હોય તેવા શહેરોમાંથી મુખી કામડીયા એકસ ઓફીસ્યો મેમ્બર તરીકે અને

ઈ. મૌલાના હાઝર ઇમામ હીઝ હાઇનેસ ધી આગાખાન સ્વઈચ્છાએ બીજા કોઇપણ દીનદારની નિમણુંક કરે તે.

૩. પ્રોવીન્શીયલ કાઉન્સીલના મેમ્બરોના હોદાની મુદત ચાર વર્ષની રહેશે.

૪. પ્રોવીન્શીયલ કાઉન્સીલની નિયમીત-સાધારણ સભા અઠવાડીયામાં એક વખત કાઉન્સીલના ચેમ્બર હોલમાં તેમણેજ મુકરર કરેલ ચોક્કસ દિવસે અને સમયે ભરવામાં આવશે અને તે મુક્કર કરેલ દિવસના ઠરાવને ઓછામાં ઓછા છ માસ પર્યંત મક્કમપણે વળગી રહેશે.

૫. પ્રોવીન્શીયલ કાઉન્સીલની અસાધારણ સભા પ્રેસીડન્ટ અને/અથવા ઓનરરી સેક્રેટરી તરફથી કોઈપણ અગત્યના કામકાજ માટે બોલાવી શકાશે. આવી સભાઓ માટે ઓછામાં ઓછા બે કલાક પહેલા સભ્યોને સરક્યુલરથી જાણ કરવામાં આવશે.

૬. પ્રોવીન્શીયલ કાઉન્સીલની સઘળી સભાઓનું કોરમ સંખ્યાના પ્રમાણમાં $\frac{1}{4}$ ગણાશે પરંતુ ઓછામાં ઓછા ત્રણ મેમ્બરોથી ઓછે નહી. મીટીંગનું કામકાજ મુકર્રર કરેલ સમયથી દસ મીનીટસની અંદર શરૂ કરવામાં આવશે.

૭. પોતાના હોદ્દાની મુદત પુરી થવાના છ માસ પહેલાં પ્રોવીન્શીયલ કાઉન્સીલના સઘળા સભ્યો તેઓના લેખીત રાજીનામા તેઓના કાઉન્સીલો મારફતે સુપ્રીમ કાઉન્સીલને મોકલાવી આપશે અને પ્રેસીડન્ટની નિમણુંક માટે ત્રણ નામો, ઓનરરી સેક્રેટરીની નિમણુંક માટે બેવડા નામો અને કાઉન્સીલમાં મેમ્બરોની સંખ્યા પૂરતા નામો નવી નિમણુંક માટે સુચવશે. સુપ્રીમ કાઉન્સીલ મજકુર આવેલા તમામ નામો નવી નિમણુંક માટે મૌલાના હાઝર ઈમામ હીઝ હાઇનેસ ધી

આગાખાનને ફેડરલ કાઉન્સીલ મારફતે મોકલાવી આપશે.

૮. પ્રોવીન્શીયલ કાઉન્સીલનો કોઈપણ મેમ્બર એકી સાથે આઠ વર્ષથી વધારે વખત સુધી મૌલાના હાઝર ઇમામની ખાસ પરવાનગી સિવાય હોદ્દામાં રહી શકશે નહી. મૌલાના હાઝર ઇમામ હીઝ હાઈનેસ ધી આગાખાનને નવી નિમણુંકના માટે આવા સભ્યોના નામો પેશ કરતી વખતે તેવા મેમ્બરે પ્રોવીન્શીયલ કાઉન્સીલમાં કેટલા વર્ષો પર્યંત સેવા કરી છે તેની જાણ કરવાની ફરજ સુપ્રીમ કાઉન્સીલની રહેશે.

૯. પ્રોવીન્શીયલ કાઉન્સીલનો કોઈપણ સભ્ય કાઉન્સીલની સભામાંથી સતત ચાર અઠવાડીક સાધારણ સભાઓમાં ગેરહાજર રહેશે નહિ, સિવાય કે નીચે ઉલ્લેખ કરેલ કોઈપણ કારણસર કે જે છ મહીનાથી વધુ વખત સુધી કાયદેસર ગણાશે નહી.

એ. તેની પ્રોવીન્શીયલ કાઉન્સીલના મુખ્ય મથકથી ૫૦ થી વધારે માઈલ દુર ગયો હોય,

બી. કોઈ ગંભીર બિમારી હોય,

કોઈપણ મેમ્બર આ કાયદાનું ઉલ્લંઘન કરશે તો આપોઆપ તેની જગ્યા ખાલી થશે. તેને આ મુજબ જાણ કરવામાં આવશે અને આ પરત્વેનો રીપોર્ટ મૌલાના હાઝર ઈમામને સુપ્રીમ કાઉન્સીલ મારફતે પેશ કરવામાં આવશે. પ્રોવી-ન્શીયલ કાઉન્શીલમાં આવી ખાલી પડેલી જગ્યાની પુરવણી ત્રણ માસની અંદર કરવામાં આવશે. કોઇ મેમ્બર આફ્રિકાથી બહાર ગયેલ હોય તો તેવા મેમ્બરની જગ્યા એક વર્ષની મુદત માટે ખાલી રાખવામાં આવશે.

૧૦. પ્રોવીન્શીયલ કાઉન્સીલની ફરજો અને તેની કામગીરી નીચે પ્રમાણે રહેશે:-

એ. મૌલાના હાઝર ઇમામ હીઝ હાઈનેસ ધી આગાખાન, ઇસ્માઈલી મઝહબ અને મૌલાના હાઝર ઇમામ હીઝ હાઈનેસ ધી આગાખાનના ઇસ્માઇલી મુરીદોના હીતોની પોતાની હુકૂમતની મર્યાદામાં રહીને જાળવણી કરી સંભાળ રાખવી.

બી. સઘળી સામાજીક બાબતો જેવી કે સગપણ, લગ્ન, મ્હોર, છુટાછેડા અને દહેજ ઉપરથી ઉપસ્થિત થતી બાબતો, ભરણપોષણ, વાલીપણું જમાતની રૂઢી રસમો, રીત રીવાજો અને નિયમોનું પાલન કરવા,

જમાતખાનામાં, કબ્રસ્તાનમાં જમાતના જાહેર સંમેલનોમાં દીનદારોની વર્તણુંક ઉપરે દેખરેખ રાખવા, જમાતના જાહેર મેલાવડા, સરઘસો અને મીટીંગોમાં અને આને સબંધ ધરાવતા વિષ્યોમાં ઈસ્માઈલી જમાતોના દીનદારોની આંતરીક બાબતોને લગતી વિગતોમાંથી ઉભા થતા મતભેદો અને તકરારો જે પોતાની કાઉન્સીલની હુકુમત નીચે આવતી હોય તે સાંભળવી અને તેના ઉપર નિર્ણય આપવો.

સી. જુદીજુદી સંસ્થાઓ અને મંડળીઓ જે તેમની હકુમતમાં આવતી હોય તેની કમીટીઓ નીમવી અને તેમના ઉપર દેખરેખ રાખી તેઓની કામગીરી સરળતાપૂર્વક નીયમીત બનાવવી.

ડી. ઈસ્માઈલી દીનદારોના વેપાર, ધંધા ઉધોગો અને આર્થીક તેમજ સામાજીક જીવનમાં રોજ બ રોજના થતા વિકાસોમાં સહકારી વૃતી દાખવી ઉતેજન આપવા સાથે સામાન્યપણે તેમની આર્થીક દીશામાં ઉન્નતી થાય તે દીશામાં કાર્ય કરવા,

અને

ઈ. મૌલાના હાઝર ઇમામ મહેરબાનીની રાહે જે

કામગીરી સુપ્રત કરે તે કાર્ય કરવા.

૧૧. પ્રોવીન્શીયલ કાઉન્સીલ દર ત્રણ મહિને તેમણે બજાવેલ કામગીરીનો અહેવાલ સુપ્રીમ કાઉન્સીલને પેશ કરશે કે જે અહેવાલ સુપ્રીમ કાઉન્સીલ, મૌલાના હાઝર ઈમામ હીઝ હાઈનેસ ધી આગાખાનને પેશ કરશે.

૧૨. સઘળી પ્રોવીન્શીયલ કાઉન્સીલો દર વર્ષે સુપ્રીમ કાઉન્સીલને પોતાના હસ્તકનો આવક તથા ખર્ચનો હિસાબ ખચીત મોકલશે.

૧૩. સઘળી પ્રોવીન્શીયલ કાઉન્સીલો પ્રત્યેક વર્ષે તેઓના પોતાની જમાતોના તેમજ તેઓના તાબા ગામોની જમાતોના મુખી કામડીયાની નવી નામાવલીના પત્રકો મોકલાવી આપશે. મુખી કામડીયાની નવી નિમણુંકોની જાણ તરતજ સુપ્રીમ કાઉન્સીલને કરવામાં આવશે.

૧૪. પ્રોવીન્શીયલ કાઉન્સીલ, વર્ષમાં એક અથવા બે વાર પોતામાંથી એક અથવા વધુ સભ્યોને પોતાની હુકૂમત નીચેના જૂદા જુદા તાબાના ગામો ખાતે એકઝીકયુટીવ કાઉન્સીલ અને/અથવા

ઈતમાદ્દી ડીપાર્ટમેન્ટ હસ્તક આવતા કામકાજો સિવાયના સરકાર સાહેબી અને જમાતી બાબતો તપાસવા અને બજાવવા માટે પ્રવાસે મોકલશે. આવા સભ્યો કે સભ્યએ લાગતી વળગતી જમાતને કોઇપણ હુકમો કે સુચનાઓ આપવી હોય તો લેખીત આપવી અને તેની નકલ પ્રોવીન્શીયલ કાઉન્સીલને આપવી. મજકૂર સભ્ય કે સભ્યોએ પ્રવાસેથી પાછા ફરવા પછી પંદર દિવસની અંદર લાગતી વળગતી પ્રોવીન્શીયલ કાઉન્સીલને પોતાનો અહેવાલ લેખીત મોકલી આપવો. પ્રોવીન્શીયલ કાઉન્સીલ આવી તપાસનો અહેવાલ સુપ્રીમ કાઉન્સીલને મોકલી આપશે. જો કોઈ સભ્ય અને સભ્યો પ્રોવીન્શીયલ કાઉન્સીલ તરફથી ત્રણ વખત નીમાયા છતાં તપાસ અર્થે પ્રવાસે જવા નિષ્ફળ નિવડશે તો તેને પ્રોવીન્શીયલ કાઉન્સીલમાંથી સસપેન્ડ કરવામાં આવશે અને તેનો રીપોર્ટ સુપ્રીમ કાઉન્સીલને મોકલી આપવામાં આવશે.

૧૫. પ્રોવીન્શીયલ કાઉન્સીલનો કોઈપણ મેમ્બર સુપ્રીમ કાઉન્સીલ અથવા બીજી કોઈ સંસ્થા

કે સોસાયટીનો એકી સાથે મેમ્બર થઇ શકશે નહી.

૧૬. પ્રોવીન્શીયલ કાઉન્સીલનો કોઈ સભ્ય નાદારે તરીકે જાહેર થાય તો તે આપોઆપ સભ્યપણાંમાંથી કમી થયેલો ગણાશે.

૧૭. પ્રોવીન્શીયલ કાઉન્સીલનો કોઇપણ સભ્ય એવા કોઇ ગૂન્હાની અંદર સંડોવાયેલો હોય કે જે થકી કાઉન્સીલની પતીષ્ઠાને આંચ કે હાની આવે તો પ્રોવીન્શીયલ કાઉન્સીલ તેવા સભ્યને અથવા તેણીને પોતાના હોદ્દામાંથી રાજીનામું આપવા જણાવશે અને તે પરત્વેનો રીપોર્ટ સુપ્રીમ કાઉન્સીલને મોકલી આપશે.

# પ્રકરણ ચોથું

# કાઉન્સીલોની કાર્ય પધ્ધતીને લગતા કાયદાઓ.

૧. કાઉન્સીલોની બધી મીટીંગો જાહેરમાં ભરવામાં આવશે. ખાનગી પ્રકારનું કોઈપણ કામકાજ "કેમેરામાં" એટલે કે બંધ બારણે ચલાવવામાં આવશે. જ્યારે જ્યારે કાઉન્સીલ પોતાનું કામકાજ ખાનગીમાં-કેમેરામાં–ચલાવતી હોય ત્યારે જાહેર જમાતની જાણ અર્થે તેની ઓફીસની બહાર નોટીસબોર્ડ ઉપરે તે મતલબની જાહેરાત મુકવામાં આવશે.

૨. મેમ્બરોના વધુમતે થયેલા સઘળા નિર્ણયો માન્ય રાખવામાં આવશે. પોતાનો મત આપતી વેળાએ સભ્યો પોતાનું મંતવ્ય ટુંકમાં આપશે. અને માત્ર "હા" અથવા "ના"માં પોતાનો મત વ્યકત કરશે. જો મતો સરખા વ્હેંચાઈ જાય તો પ્રેસીડન્ટનો કાસ્ટીંગ અથવા વધારાનો

વોટ ગણાશે. જો પ્રેસીડન્ટ ગેરહાજર રહેશે તો તે વખતે હાજર રહેલા સભ્યો પૈકી વધુ મતે પોતામાંથી ચેરમેન ચૂંટી કાઢશે.

૩. કાઉન્સીલના એકસ ઓફીસ્યો સભ્યો સહીત સઘળા સભ્યોને વોટ આપવાનો સરખો અધિકાર રહેશે, જેનો તેઓએ ડર કે પક્ષપાત વગર ઇમાનદારીથી અવશ્ય ઉપયોગ કરવો.

૪. કાઉન્સીલની બેઠક દરમ્યાન કોઇપણ સભ્યને કંઈ પુછપરછ કરવાની જરૂર જણાય તો પ્રેસીડન્ટ સાહેબની સંમતિથી તે તેમ કરી શકેશે. સઘળા સભ્યોને કાઉન્સીલની ચર્ચા વેળાએ બોલવાનો અને ચર્ચાતા વિષયમાં પોતાના વિચારો પ્રદર્શીત કરવાનો હક્ક છે. દરેક સભ્યને કાઉન્સીલના પ્રેસીડન્ટ અથવા ઓનરરી સેક્રેટરીની પરવાનગીથી ઓફીસ સમય દરમ્યાન, કાઉન્સીલના કોઈપણ કાગળ પત્રો તપાસવાનો તેમજ કાઉન્સીલની કોઇપણ બાબતમાં પડપૂછ કરવાનો હક્ક છે.

૫. કોઇપણ સભ્ય પોતાના અંગત કામકાજ અર્થે પરદેશ જાય તો ત્યાં ખાતે કાઉન્સીલના મેમ્બર તરીકેની પોતાની સતાનો ઉપયોગ કરશે

નહી. કાઉન્સીલના લેખીત હુકમથી કોઇપણ ગામમાં કોઈ સભ્ય જતાં તે પોતાને મળેલ અધિકારની હદમાં રહીને જમાતીક કામકાજમાં ભાગ લઇ શકશે.

૬. કોઇપણ વ્યકિત તરફથી આવેલ પત્રવહેવારની પ્હોંચ પંદર દિવસની અંદર કાઉન્સીલ તરફથી અવશ્ય આપવામા આવશે.

૭. કાઉન્સીલમાં કામકાજ શરૂ થઇ ગયા બાદ કોઇ સભ્ય સભામાં આવશે તો તેમના આવ્યા પુર્વેના કામકાજનું પૂનરાવર્તન કરવામાં આવશે નહિ પરંતુ ચાલુ ચર્ચાતા વિષય ઉપરે મત આપવો કે નહી તે તેમની મુનસફી ઉપર રહેશે.

૮. કોઈપણ સભ્યને કાઉન્સીલના ચાલુ કામકાજનાં ગાળા દરમ્યાન અંગત કારણોસર કાઉન્સીલ છોડી ચાલ્યા જવાની જરૂર જણાય તો તેવણ પ્રેસીડન્ટની પરવાનગીથી તેમ કરી શકશે.

૯. કાઉન્સીલમાં પસાર થયેલા કોઈપણ ઠરાવમાં ફેરફાર કરવાની અથવા તો રદ કરવાની આવશ્યકતા ઉપસ્થિત થાય તો પ્રથમ તે

વિષયમાં સભ્યોને સરક્યુલર દ્વારા ખબર આપવામાં આવશે.

૧૦. કાઉન્સીલ સિવાયની બહારની કોઇ વ્યકિતની સલાહ લેવાની જરૂર જણાય તો પ્રથમ તેવી વ્યકિતને કાઉન્સીલમાં રૂબરૂ હાજર થવાની વિનંતી કરવામાં આવે અને તેમ છતાં તેમ અનુકૂળ ન હોય તો તેની સલાહ લેવાના આશયસર કાઉન્સીલના એક અથવા બે સભ્યોની નિમણુંક કરવામાં આવે.

૧૧. જો કોઇ સભ્ય અઘટિત અથવા અપમાનકારક ભાષા વાપરશે અથવા તો શીસ્તનો ભંગ કરશે તો કાઉન્સીલના પ્રેસીડન્ટ તમને વ્યવસ્થા જાળવવા હૂકમ કરશે. પ્રેસીડન્ટ તરફથી હુકમ મળવા છતાં તે સભ્ય વ્યવસ્થા નહી જાળવશે તો તેને મજકૂર મીટીંગમાંથી બહાર કાઢી નાખવાની પ્રેસીડન્ટને પોતાની મુનસફીથી સતા રહેશે. મજકૂર સભ્ય ત્યાર પછીની બીજી મીટીંગોમાં પણ પોતાની ગેરવર્તણુંક ચાલૂ રાખશે તો તેને કાઉન્સીલમાંથી કાઉન્સીલ તરફથી સસ્પેન્ડ કરવામાં આવશે અને સૂપ્રીમ કાઉન્સીલ મારફતે મૌલાના હાઝર ઈમામ હીઝ હાઈનેસ ધી આગાખાન

ની હુઝૂરમાં રીપોર્ટ પેશ કરવામાં આવશે. આવા સભ્યને ૩૦ દીવસની અંદર અપીલ કરવાનો હક્ક રહેશે. મજકૂર અપીલનો નિર્ણય આવે ત્યાં સુધી તેવો સભ્ય કાઉન્સીલની કાર્યવાહીમાં ભાગ લઇ શકશે નહી.

૧૨. કાઉન્સીલનું કામકાજ ચાલુ હોય તે ગાળામાં એક અથવા વધુ સભ્યો જો કાઉન્સીલ છોડી ચાલ્યા જાય પણ કોરમ હોય ત્યાં લગી મીટીંગ ચાલુ રહી શકશે.

૧૩. કાઉન્સીલની સાધારણ મીટીંગ દરમ્યાન અગરજો તે મીટીંગને ખાનગી સભામાં ફેરવવાની જરૂર જણાય તો પ્રથમ કાઉન્સીલને પાંચ મીનીટ સૂધી બરખાસ્ત કરી. નોટીસ બોર્ડ ઉપરે જમાતની જાણ અર્થે, ખાનગી મીટીંગ તરીકેની નોટીસ રાખવામાં આવશે.

૧૪. કાઉન્સીલને પોતાની ખાનગી મીટીંગમાં કોઇપણ શખ્સને ભાગ લેવા માટે બોલાવવાની સતા છે।

૧૫. કાઉન્સીલ સમક્ષ આવતા સઘળા કામકા-

એનો જેમ બને તેમ સવેળા નિકાલ કરવામાં આવશે.

૧૬. ભીન્ન ભીન્ન કામકાજોને લગતા પત્રવહેવારો ઉપરે નીચેની પધ્ધતીએ સહીઓ કરવામાં આવશે:-

એ. મૌલાના હાઝર ઈમામની હુઝુર પૂર નુરમાં પેશ કરવામાં આવતા સઘળા અરીજાઓમાં કાઉન્સીલના જેટલા સભ્યો ગામમાં હાજર હશે તેટલા સહીઓ કરશે.

બી. કાઉન્સીલના કામકાજને લગતી બાબતોમાં કોઈપણ ગવર્મેન્ટને મોકલવામાં આવતાં લખાણોમાં કાઉન્સીલના પ્રેસીડન્ટ અથવા ઓનરરી સેક્રેટરી સહી કરશે.

સી. કાઉન્સીલના કામકાજની ખરી નકલોમાં ઓનરરી સેક્રેટરી સહી કરશે. તેવીજ રીતે કાઉન્સીલના કામકાજને લગતા સઘળા પત્રવહેવારો ઉપર ઓનરરી સેક્રેટરી સહી કરશે.

૧૭. કોઇપણ કાઉન્સીલને ધારાશાસ્ત્રી રોકવાની જરૂર જણાય તો તે કાઉન્સીલે તેના કારણો

સહીત તે વિષયમાં સુપ્રીમ કાઉન્સીલને લેખીત અરજી કરશે. સુપ્રીમ કાઉન્સીલ તે વિષયમાં તપાસ કર્યા પછી તે વિષેની અનુમતિ આપી શકશે.

૧૮. કોઈપણ કાઉન્સીલને ખાનગી મીટીંગ ભરવાની જરૂર જણાય ત્યારે કાઉન્સીલના ચેમ્બરના બારણા બંધ રાખવા. મજકુર સભામાં જે કંઇ કામગીરી થયેલ હોય તે કોઇપણ સભ્ય બહારની વ્યકિત સમક્ષ જાહેર કરશે નહી. જો કોઈ સભ્ય એવું કોઇપણ ખાનગી કામકાજ બહાર પડશે અને તે બાબત કાઉન્સીલને સંતોષકારક રીતે સાબીત થશે તો તેવા સભ્યને સસપેન્ડ કરી તે વિષેનો રીપોર્ટ મૌલાના હાઝર ઈમામ હીઝ હાઇનેસ ધી આગાખાનને સુપ્રીમ કાઉન્સીલ મારફતે પેશ કરવામાં આવશે. આવી રીતે સસ્પેન્ડ થયેલા સભ્યને કાઉન્સીલના મજકૂર નિર્ણય સામે ૩૦ દિવસની અંદર અપીલ કરવાનો હક્ક રહેશે. આવી અપીલ દાખલ કરવા માટે કશી પણ ફી લેવામાં આવશે નહી. મજકૂર અપીલનો નિર્ણય ફરી ન વળે ત્યાં સુધી આવો સભ્ય કાઉન્સીલનાં કામકાજમાં કશા પ્રકારનો ભાગ લઈ શકશે નહી.

૧૯. જમાતના દીનદારોની સભા અથવા તો સભાઓ બોલાવવાનો અધિકાર કાઉન્સીલને છે.

૨૦. કાઉન્સીલનો કોઈપણ સભ્ય પોતાના અંગત કારણોસર કાઉન્સીલની કોઈ મીટીંગમા આવવા અશકત હોય, તો તેણે લેખીત અથવા ટેલીફોન દ્વારા તે બાબતનો સંદેશો મોકલવો. આને લગતી નોંધ કાઉન્સીલ રાખશે, અને તેનો અહેવાલ મૌલાના હાઝર ઈમામની હુઝૂરમાં પોતાના નિયમીત અહેવાલમાં પેશ કરવામાં આવશે.

૨૧. પ્રેસીડન્ટ અને/અથવા ઓનરરી સેક્રેટરી બહારગામ જતી વેળાએ પોતાની કાઉન્સીલને લેખીત જાણ કરશે.

એ. અગરજો પ્રોવીન્શીયલ કાઉન્સીલના પ્રેસીડન્ટ એક માસ અથવા તો તેથીં વધુ સમયનાં માટે બહારગામ જાય તો પોતાના મેમ્બરોમાંથી પ્રોવીન્શીયલ કાઉન્સીલ એકટીંગ પ્રેસીડન્ટની નિમણુંક કરશે અને તેની જાણ સુપ્રીમ કાઉન્સીલને કરશે.

બી. અગરજો પ્રોવીન્શીયલ કાઉન્સીલના ઓનરરી

સેક્રેટરી એક માસ અથવા તો તેથી વધુ સમયના માટે બહારગામ જાય તો પ્રોવીન્શીયલ કાઉન્સીલ તેમની જગ્યાએ એકટીંગ ઓનરરી સેક્રેટરીની પોતાના મેમ્બરોમાંથી નિમણુંક કરશે અને તેની જાણ સુપ્રીમ કાઉન્સીલને કરશે.

સી. ઓનરરી સેક્રેટરીની અમુક થોડા સમય પર્યંતની ગેરહાજરી દરમ્યાન પ્રેસીડન્ટ સઘળા પત્રવહેવારોમાં સહી કરશે.

૨૨. એચ. એચ. આગાખાન શીયા ઈમામી ઈસ્માઈલીયા કાઉન્સીલો જેવી કે ફેડરલ, સુપ્રીમ અથવા પ્રોવીન્શીયલનાં પ્રત્યેક સભ્ય અને તેમના સેક્રેટેરીયટ સ્ટાફ, કાઉન્સીલના કામકાજને સ્પર્શતી યાને સબંધ ધરાવતી કોઈપણ ખાનગી બાબતો બહાર નહિ પાડવા અંગેના સોગંદ લેશે તેમજ મૌલાના હાઝર ઈમામ પ્રત્યે વફાદાર અને તાબેદાર રહી પોતાને સુપ્રત થયેલી તમામ ફરજો, વફાદારીથી, નિખાલસપણે તેમજ પોતાની શકય સંપુર્ણ કાબેલીયતથી બજાવવા માટે વચન આપી બંધાશે મજકૂર સોગંદવિધી, જમાતખાનામાં

આવી નિમણુંકોની જાહેરાત થયા બાદ તરતજ મુખી સમક્ષ જાહેરમાં કરવામાં આવશે. આ કાયદો નવા નિમાયેલા મુખી કામડીયાને પણ લાગુ પડશે કે જેમની સોગંદવિધિ નિવૃત થતા મુખી કામડીયા કરાવશે.

૨૩. કાઉન્સીલની દરેક મીટીંગમાં શરૂઆતમાં ગત મીટીંગમાં થયેલ કામકાજની મીનીટસ સભ્યો સમક્ષ વાંચી સંભળાવવામાં આવશે. મજકૂર મીની-ટસ મંજુર થયેથી પ્રેસીડન્ટ તે ઉપરે સહી કરશે.

૨૪. કોઈપણ કાઉન્સીલની અસાધારણ મીટીંગમાં કાર્યક્રમ ઉપર રાખવામાં આવેલ કામકાજ સિવાય અન્ય કામકાજ ચલાવવામાં આવશે નહિ.

૨૫. બધી કાઉન્સીલો અને જમાતોની ઓફીશીયલ ભાષા બની શકે ત્યાં સુધી ગુજરાતી અને/અથવા અંગ્રેજી રહેશે.

૨૬. પ્રેસીડન્ટ, ઓનરરી સેક્રેટરી અથવા તો કાઉ-ન્સીલના કોઇપણ સભ્યને તેમના હોદ્દાની રૂએ, તેમના અંગત અથવા તો તેમની પેઢીના નામે ઉદ્દેશીને લખવામાં આવેલા સઘળા લખાણો કાઉન્સીલને સુપ્રત કરવામાં આવશે કે જે મજકૂર લખાણો ઇનવર્ડ રજીસ્ટરમાં દાખલ કરી અને પહેલા મીટીંગમાં કાઉન્સીલની જાણ અને ઘટિત પગલા લેવા માટે રજુ કરવામાં આવશે.

૨૭. કોઈપણ કાઉન્સીલ ૨૦૦ શીલીંગથી વધુ રકમ પોતાની પાસે પ્રાન્તમાં રાખશે નહિ. બધી વધારાની રકમ બેંકમાં જમા કરાવવામાં આવશે.

૨૮. કાઉન્સીલની કાર્ય પધ્ધતિને લગતા બધા કાયદાઓ જયાં જયાં સબંધ ધરાવતા હોય કે લાગુ પડતા હોય ત્યાં ફેડરલ, સુપ્રીમ અને પ્રોવીન્શીયલ કાઉન્સીલોને લાગૂ પડશે.

# પ્રકરણ પાંચમું

# કેસો ચલાવવાની પદ્ધતિને લગતા કાયદાઓ.

૧. પ્રોવીન્શીયલ કાઉન્સીલમાં શીલીંગ ૨–૦૦ની દાખલ ફી સાથે લેખીત અરજી ટુંકમાં રજૂ કરીને કેસ દાખલ કરી શકાશે. કોઈપણ અરજદારને મજકૂર ફી ભરવામાંથી મુકત કરવાનો સત્તા પ્રોવીન્શીયલ કાઉન્સીલને છે. વિષેશમાં જમાતના ભલા અર્થે દાખલ કરાયેલા કેસ માટેની કશી પણ ફી લેવામાં આવશે નહિ.

૨. મજકૂર અરજી ઓફીસ સમય દરમ્યાન સેક્રેટરીની ઓફીસમાં દાખલ કરવામાં આવશે.

૩. મજકૂર અરજી મળતા નીચેની પદ્ધતિ અનુસાર પાલન કરવામાં આવશે.

એ. અરજી દાખલ થયાના દસ દિવસ દરમ્યાન સમન્સ અથવા તો નોટીસ ઈશ્યુ કરવામાં આવશે;

બી. સમન્સ અથવા નોટીસ લાગૂ થયા પછી દસ દિવસની અંદર અગરજો જવાબનામું ફાઈલ કરવાની ઇચ્છા હશે તો તેમ થઇ શકશે અને તેની કોપી અરજદારને આપવામાં આવશે;

સી. કોઈ સંજોગોમાં જવાબદારનો પતો મળી શકતો ન હોય અને સમન્સ લાગૂ કરવાના બધા પ્રયાસો નિષ્ફળ ગયા હોય તો સમન્સ અથવા તો નોટીસના બદલામાં સરક્યુલર દ્વારા જવાબદારને બે મહિનાનો ટાઈમ આપીને આફ્રિકાની સઘળી જમાતોમાં ફેડરલ કાઉન્સીલ તરફથી સમન્સ અથવા નોટીસની જાહેરાત કરવામાં આવશે;

ડી. સમન્સ બહાર પાડયાના ૧૫ દિવસની અંદર પ્રોવીન્શીયલ કાઉન્સીલ સમક્ષ કેસની સુનાવણી લાવવામાં આવશે. કાઉન્સીલ, પોતાની મુનસફીથી, કેસની સુનાવણી લંબાવી શકશે અગરજો અરજદાર અથવા જવાબદાર કાઉન્સીલની હકુમત બહાર વસતા હોય

અથવા તો સમન્સની બજામણી ન થઈ શકી હોય;

ઈ. અગરજો એક કેસમાં એકથી વધુ જવાબદાર હોય તો દરેક જવાબદાર માટે શી.૨-૦૦ની ફી લેવામાં આવશે;

એફ. કેસની સુનાવણીથી આઠ દીવસ પહેલાં સાક્ષી સમન્સ માટેની અરજી કરવી પડશે. દરેક સાક્ષી સમન્સ માટે સેન્ટ પચાસની ફી વસુલ લેવામાં આવશે. પ્રોવીન્શીયલ કાઉન્સીલ પોતાની મુનસફીથી અને તેમને વ્યાજબી જણાય તેવી રીતે સાક્ષીઓની સંખ્યાની હદ નક્કી કરી શકશે. બન્ને પક્ષ પ્રોવીન્શીયલ કાઉન્સીલની સંમતિથી કેસની સુનાવણી દરમ્યાન સાક્ષીઓ બોલાવી શકશે. પ્રોવીન્શીયલ કાઉન્સીલ, અપાઈ ગયેલ જૂબાનીનું સમર્થન કરવા અથવા તો વધુ સાબીતી અર્થે કોઇપણ સાક્ષીને કોઇપણ વખતે કેસની પુર્ણાહૂતી પછી ફરી બોલાવી શકવા માટે સતાવાન છે.

૪. કોઈપણ દીનદારને. તેની સામે દાખલ કરવામાં આવેલ કેસની યોગ્ય ખબર આપ્યા વગર સજા કરવામાં આવશે નહિ અથવા તો તેની સામે કોઇપણ હૂકમ કરવામાં આવશે નહિ.

૫. કાઉન્સીલ સમક્ષ રજુ કરવામાં આવેલ અરજી ઉપર ત્રણથી વધારે સહીઓ હોવી જોઇએ નહી. જે અરજીમાં ત્રણથી વધુ સહીઓ હશે તે દાખલ કરવામાં આવશે નહિ.

૬. જો ઈસ્માઈલીયા કોમના સભ્યો વચ્ચે કંઈ પણ વરવાંધો હોય તો તેઓ પોતાનો કેસ કાઉન્સીલ સમક્ષ પતાવટ માટે લઈ આવી શકે છે.

૭. શીયા ઈમામી ઇસ્માઇલીઓ વચ્ચે વ્યહવારીક અથવા નાણાકિય વસુલાત સબંધીનો કોઈપણ વરવાંધો કાયદાની અદાલતમાં જવાનો સંભવ હોય, અથવા તો તેવો કોઇ કેસ કાયદાની અદાલતમાં દાખલ પણ થઈ ગયેલો હોય તો તે ઘરમેળે અરસપરસ સમજુતી કરાવવાના હેતુથી પ્રોવીન્શીયલ કાઉન્સીલ સમક્ષ લાવવો એ કોમના નાણા વિષયક અને આર્થીક હિતો માટે ઘણું સલાહ ભરેલું છે.

કાઉન્સીલ લવાદ સમક્ષ આવા વરવાંધાઓ મુકવાનું સૂચન કરશે અને લવાદોની નિમણુંક લાગતાવળગતા પક્ષ કરશે અને શકય હોય ત્યાં સૂધી આવાં લવાદો ઈસ્માઈલી કોમમાંથી ચુટવામાં આવશે.

૮. એક કેસ કે જેનો ચુકાદો એક વખત કાઉન્સીલ તરફથી અપાઇ ગયો હોય, તે ફરીને સુનાવણી માટે લાવવામાં આવશે નહિ, સિવાય કે તેની ફરી સુનાવણી માટે સુપ્રીમ કાઉન્સીલ અથવા ફેડરલ કાઉન્સીલ તરફથી અપીલમાં હુકમ કરવામાં આવે.

૯. અરજદાર, જવાબદાર અને/અથવા સાક્ષીઓને નીચે પ્રમાણે સોગંદ લેવડાવવામાં આવશે.

"હું સર્વ શકિતમાન ખુદાને હાજર જાણી મારા સત્ય ધર્મથી પ્રતિજ્ઞા લઉં છું કે હું સત્ય બોલીશ, અને સત્ય સિવાય કંઇપણ બોલીશ નહિ. તો ખુદા તું મને મદદ કર."

જો કોઈ ઈસ્માઇલીને કોઈ પણ અદાલત તરફથી જમાતખાનામાં સોગંદ ખવડાવવા માટે મોકલવામાં આવે, તો તેને ઉપર મુજબ સોગંદ મુખી કામડીયા તરફથી લેવડાવવામાં આવશે.

૧૦. કાઉન્સીલ તરફથી નિર્ણય થતાં કેસોના ચુકાદાઓમાં, ચુકાદો આપતી વખતે મીટીંગમાં હાજર હોય તેટલા કાઉન્સીલના સઘળા સભ્યો તરફથી સહી કરવામાં આવશે.

૧૧. પ્રેસીડન્ટ કેસોની સુનાવણી અને તેની અનુક્રમતા નક્કી કરશે.

૧૨. કોઈપણ શખ્શને તે અથવા તેણીને સાક્ષી તરીકે સમન્સ મળવા છતાં તે, મજકૂર સમન્સમાં દર્શાવ્યા મુજબના મુકરર કરેલા સમયે હાજર થવા નિષ્ફળ નિવડે, તો તે શખ્શ તે માટે પુરતું કારણ બતાવતા પહેલી વખતે કાઉન્સીલની મુનસફીથી દરગૂજર કરવામાં આવશે, પરંતુ જો તે અથવા તેણી બીજી વખત હાજર રહેવા નિષ્ફળ નિવડશે અને તેની ગેરહાજરી અંગે સંતોષકારક કારણોનો અભાવ જણાશે તો કાઉન્સીલને વ્યાજબી જણાશે તેવા ઘટિત પગલા તે અથવા તેણીની સામે કાઉન્સીલના હુકમની અવગણના કરવા માટે લઈ શકશે.

૧૩. જો કોઈપણ, સાક્ષી તરીકે હાજર થતાં ફી માટેની માંગણી કરે તો જે પક્ષે તે અથવા તેણીને

સાક્ષી તરીકે બોલાવી તેણે શી. ૨૦-૦૦ સુધીની રકમ આપવા બંધાયેલ રહેશે કોમને સ્પર્શતા કેસોમાં સાક્ષીની ફીનું ખર્ચ માન્ય રાખવામાં નહિ આવે.

૧૪. જો પ્રોવીન્શીયલ કાઉન્સીલને ખાત્રી થાય કે સાક્ષી જુબાની આપવા માટે અશકત અથવા અસમર્થ છે તો તે સાક્ષીની જુબાની નીચે મુજબ લઇ શકાશે:-

એ. જ્યારે તે શખ્શ, જયાં આવી જૂબાનીની જરૂર હોય તેજ ગામમાં રહેતો હોય ત્યાં, પ્રોવીન્શીયલ કાઉન્સીલ તરફથી એક અથવા બે જણનું કમીશન નીમીને;

બી. જ્યારે તે શખ્શ બીજી કાઉન્સીલ અથવા જમાતની હુકૂમત નીચે રહેતો હોય ત્યારે તેની જૂબાની તે કાઉન્સીલ અથવા જમાત મારફતે પશ્નાવલીઓથી અથવા બીજી રીતે લેવામાં આવશે.

૧૫. કેસની સુનાવણી પહેલાં પ્રેસીડન્ટ, અરજીઓની

વિગતોની સત્યતા વિષેની અરજદારનું સોગંદપૂર્વકનું નિવેદન મેળવશે.

એ. ત્યારપછી અરજદાર પોતાનો કેસ રજુ કરશે, જે વખતે જવાબદાર, કાઉન્સીલના મેમ્બરો અને પ્રેસીડન્ટ, કેસમાંના મુદ્દાઓને સંબંધ ધરાવતી બધી બાબતોમાં, અરજદાર અને તેના સાક્ષીઓની ઉલટપાલટ તપાસ કરવાનો અધિકાર રહેશે. અરજદારને પુનઃતપાસ કરવાનો હક્ક રહેશે.

બી. અરજદારના કેસની પુર્ણાહૂતી અંતે, જવાબદાર પોતાનો કેસ રજુ કરશે. જે વખતે અરજદાર, કાઉન્સીલના મેમ્બરો અને પ્રેસીડન્ટ, કેસમાંના મુદ્દાઓને સંબંધ ધરાવતી બધી બાબતોમાં જવાબદાર અને તેના સાક્ષીઓની ઉલટ પાલટ તપાસ કરવાનો અધિકાર રહેશે. જવાબદારને પુનઃતપાસ કરવાનો હક્ક રહેશે.

સી. જ્યારે કેસ પુર્ણ થાય ત્યારે સભ્યો મત દ્વારા પોતાનો ચુકાદો નોંધાવશે. વધુ મતે સભ્યોએ કરેલો નિર્ણય માન્ય રાખવામાં આવશે.

૧૬. કેસની સુનાવણી વખતે કોઇપણ સંગીન

કારણ વગર જો અરજદાર ગેરહાજર રહેશે તો કેસ ડીસમીસ થઇ શકશે, અને આ સંજોગોમાં જવાબદારની અરજી ઉપરથી, તેને થયેલ ખર્ચ માટે પ્રોવીન્શીયલ કાઉન્સીલ જવાબદારને જરૂરી ખર્ચ આપવા અરજદારને હૂકમ કરી શકશે. જો કોઇ સંગીન કારણ સિવાય જવાબદાર ગેરહાજર રહેશે તો કેસ એક તરફી ચલાવવામાં આવશે અને અરજદારને થયેલ ખર્ચની વિગત ચુકાદો આપતી વખતે લક્ષમાં લેવામાં આવશે.

૧૭. કેસની સુનાવણી દરમ્યાન કાઉન્સીલના સભ્યો તેમજ લાગતા વળગતા પક્ષકારો સિવાય બીજા કોઇને પણ વચ્ચમાં દખલગીરી કરવા દેવામાં આવશે નહિ. જો કોઈ તેમ કરશે તો પ્રેસીડન્ટ તેમને અટકાવશે. આ કાયદાનો કોઇપણ ભંગ કરશે તેને કાઉન્સીલના સભાગ્રહમાંથી બહાર કાઢી મુકવામાં આવશે, ઉપરાંત તેને સજા કરવામાં આવશે.

૧૮. કેસની સુનાવણી દરમ્યાન પક્ષકારો અથવા તો કાઉન્સીલના સભ્યો તરફથી પુછવામાં આવતા સઘળા સવાલો કેસને લગતા હોવા જોઈશે. સબંધ ન ધરાવતા બધા સવાલો રદ કરવાની સતા

પ્રેસીડન્ટને રહેશે. બધા માન્ય રાખવામાં આવતા સવાલોના જવાબો, લાગતા વળગતા પક્ષકારો આપશે.

૧૯. એકનો એક સવાલ ફરી ફરીને હઠપૂર્વક પુછી શકશે નહિ. જુબાનીનું પૂનરાવર્તન કરવા દેવામાં આવશે નહિ.

૨૦. પ્રત્યેક એકઝીબીટ દીઠ એક શીલીંગ ફી લેવામાં આવશે.

૨૧. કેસની પુર્ણાહૂતી અંતે, પક્ષકારોને કાઉન્સીલ સમક્ષ વિવેચન કરવાનો હક્ક રહેશે. અરજદારને છેલ્લે ઉપસંહાર કરવાની તક્ક અપાશે. લેખીત નિવેદનો રજુ કરવા દેવામાં આવશે નહિ.

૨૨. જે કેસમાં કાઉન્સીલનો કોઈપણ સભ્ય, તે અથવા તેણી સાક્ષી હશે, અથવા નીચે ઉલ્લેખ કર્યા પૈકી તેના કોઈપણ સગાએ સબંધ ધરાવતા હશે તો તે કેસમાં ભાગ લઈ શકશે નહિ અથવા મત આપી શકશે નહિ.

બાપ; મા; દીકરો; પુત્રી; ભાઈ; બ્હેન; પતિ;

પતિ; સસરો; સાસુ; જમાઇ; પુત્રવધુ; પૌત્ર; પૌત્રી; દાદા; દાદી;

૨૩. કોઇપણ પક્ષકાર, કાઉન્સીલની મંજુરીથી કોઇપણ ઈસ્માઈલી શખ્શને, પોતાનો કેશ ચલાવવા લાવી શકશે. જો આવો પક્ષકાર બીજા કોઇ શખ્સને લાવવા અશકત હોય, અને જો તે તેમ ઈચ્છે, તો કાઉન્સીલના પ્રેસીડન્ટ કાઉન્સીલના એક સભ્યને તેના અથવા તેણીના વતી કેસ ચલાવવા નિમણુંક કરશે. આવા સભ્યને કેસમાં મત આપવાનો હક્ક રહેશે નહિ.

૨૪. કાઉન્સીલના કોઈપણ સભ્યે જયારે કોઇ કેસ દાખલ થાય અને તે પુર્ણ થાય તે વચ્ચેના ગાળા દરમ્યાન પ્રત્યક્ષ કે પરોક્ષ ખાનગીમાં સાંભળવો નહિ. જો તે અથવા તેણી તેમ કરશે, અથવા કોઇપણ રીતે તેના ઉપરે પોતાનું મંતવ્ય આપશે તો તે સભ્ય મજકૂર કેસની સુનાવણીમાં ભાગ લઇ શકશે નહિ જો તે સભ્યે મજકૂર કેસ તેણે ન સાંભળેલ હોવાનું ઈમાનદારી-પૂર્વક જાહેર કરે તો કાઉન્સીલ તેની તે જાહેરાત સત્ય અને છેવટની ગણશે.

૨૫. કાઉન્સીલનો કોઈ સભ્ય અન્ય સભ્ય સાથે ખાનગીમાં કેસ સબંધે મસલત કરશે નહિ, તેમજ કોઈ બહારની વ્યકિતને વિગતો જાહેર કરશે નહિ. તેમજ તેની સલાહ પણ લેશે નહિ. જો તે સભ્ય આથી વિરૂધ્ધ વર્તન કરશે તો તેને મજકુર કેસમાં ભાગ લેવાનો પ્રતિબંધ કરવામાં આવશે.

૨૬. પ્રોવીન્શીયલ કાઉન્સીલ કે સૂપ્રીમ કાઉન્સીલના કોઈ સભ્યને સાક્ષી આપવા માટે બોલાવવામાં આવે, અને જો તે એ કેસને લગતી કોઇપણ બાબતની પોતાને કશી માહિતી ન હોવાનું સોગંદપુર્વક જાહેર કરે તો તે માહિતીને આખરની ગણી તેમને સાક્ષી આપવાની ફરજ પાડવામાં આવશે નહિ.

૨૭. સોગંદ ઉપરે કોઈ ખોટી જુબાની આપશે તે તેના સામે કામ લઈ સજા કરવામાં આવશે.

૨૮. કાઉન્સીલને ચૂકાદો મુલતવી રાખવાનો હક્ક રહેશે. મુલતવી રહેલ મીટીંગમાં ચુકદા માટે મતો લેવા પહેલાં, કેસનું પૂનરાવર્તન કરવામાં આવશે.

૨૯. કેસના ચુકાદા લેખિત અને જેમ બને તેમ

હુંકમાં હશે. જો કાઉન્સીલને અપીલ લેવા માટેના ઇરાદાની ખબર આપવામાં આવેલી હોય, તો ચુકાદાનું જાહેર વાંચન કરવામાં આવશે નહિ અને તેનો અમલ કરવામાં આવશે નહિ.

૩૦. કાઉન્સીલમાંથી અથવા બહારથી પ્રત્યેક કાઉન્સીલ એક પ્રોસીક્યુટરની નિમણુંક કરી શકશે. આવી નિમણુંક ન થયેલ હોય તો ઓનરરી સેક્રેટરી પ્રોસીક્યુટર તરીકે કામકાજ કરશે. પ્રોસીક્યુટરનો વોટ હશે નહિ.

૩૧. ચુકાદા અગર કેસના ઓચરીયાની નકલ માટે પાના દીઠ શી. ૧-૦૦ની ફી લઇ સબંધ ધરાવતા પક્ષકારોને આપવામાં આવશે. કાઉન્સીલને આવી ફી માફ કરવાનો હક્ક રહેશે. જમાતના હિતાર્થે દાખલ કરવામાં આવેલ કેસમાં આવી કોઇ ફી લેવામાં આવશે નહિ.

૩૨. નીચે પ્રમાણેની સજા કોઇપણ કાઉન્સીલ તરફથી કરી શકાશે:-

(i). નાતબહાર. હવે પછીની કલમ ૩૩ને આધીન રહીને;

(ii) ગુનેહગારી;

(iii) બદલાની રકમની ભરપાઇ,

(iv) સારી ચાલચલગત માટે જામીનગીરી,

(v) જમાતખાને અને બીજા કોમી સ્થળોએ આવવાની બંધી,

(vi) અમુક પ્રકારની ધાર્મીક રૂઢી રસમોનું પાલન,

(vii) જમાતખાનામાં ચુકાદાનું વાંચન.

૩૩. નાતબહારની સજા ફકત સુપ્રીમ કાઉન્સીલ પોતાની મીટીંગમાં હાજર સભ્યોમાંથી ઓછામાં ઓછા ૨/૩ મતોથી કરી શકાશે. જંગબાર અને ઉઝૂમ્બુરાના કોઇ આવા કેસોમાં ત્યાંની કાઉન્સીલો પોતાની મીટીંગમાંથી ઓછામાં ઓછા ૨/૩ મતોથી કરી શકશે.

૩૪. વસુલ કરવામાં આવેલ અથવા તો ભરપાઈ થયેલી સઘળી ગૂનેહગારી, અપીલનો નિર્ણય આવે ત્યાં સુધી ડીપોઝીટ તરીકે ગણવામાં આવશે.

૩૫. કોઈપણ ગુન્હા માટે, કાઉન્સીલ તરફથી શી. ૫૦૦-૦૦ પાંચસોથી વધારેની રકમ ગૂનેહગારી તરીકે વસુલ લેવામાં આવશે નહી. આવી રીતે વસુલ થયેલ રકમ કાઉન્સીલના ચાલુ ખર્ચ

પેટે વપરાશમાં લેવામાં આવશે.

૩૬. જો કોઇ શખ્શને કોઇપણ મુદ્દત માટે જમાતખાના બંધની સજા કરવામાં આવી હોય, તો લાગતી વળગતી પ્રોવીન્શીયલ કાઉન્સીલ સાત દીવસની અંદર, તેની જાણ ફેડરલ કાઉન્સીલને સમગ્ર આફ્રિકામાં જાહેરાત કરવા માટે મોકલી આપશે.

૩૭. કોઈપણ વ્યકિતને કરેલ જમાતખાના બંધ અથવા નાતબહારની સજાની જાહેરાત ફકત જમાતખાનામાં જ કરવામાં આવશે.

૩૮. પ્રોવીન્શીયલ કાઉન્સીલ તરફથી કોઈ શખ્શને સજા કરવામાં આવી હોય અને તે જો પસ્તાવો કરી, માફીની યાચના કરે, તો કાઉન્સીલને તેને માફી બક્ષવાની સતા છે. બીજી કાઉન્સીલ તરફથી સજા પામેલા શખ્શને તે કાઉન્સીલની પ્રથમથી મંજુરી મેળવ્યા વિના અન્ય કોઈ કાઉન્સીલને માફી આપવાની સતા રહેશે નહિ. અપીલના નિર્ણય પછી લાગતા વળગતી સુપ્રીમ કાઉન્સીલની અનુમતી મેળવ્યા સિવાય કોઇ કાઉન્સીલને તેવા

શખ્શને માફી આપવાની સત્તા નથી.

૩૯. સજા કરવામાં આવેલ કોઇપણ વ્યકિત માટે કાઉન્સીલનો કોઈપણ મેમ્બર જામીન પડી શકશે નહિ.

૪૦. કોઈપણ પક્ષકાર કાઉન્સીલને અરજી કરેથી કેસ મુલતવી રાખી શકાશે. આવા મુલતવી રાખવામાં આવતા કેસો માટે શી. ૨–૦૦ની ફી લેવામાં આવશે. કાઉન્સીલને આવી ફી માફ કરવાનો હક્ક રહેશે.

૪૧. કોઈપણ સ્થળની કાઉન્સીલ અથવા જમાત તરફથી કોઇ ઇસ્માઇલીની જબાની કમિશનથી લેવા માટે માંગણી કરતું લખાણ આવે, તો પ્રેસીડન્ટ બે અથવા તેથી વધુ દીનદારોનું કમીશન નીમશે અને તેનો અહેવાલ તાત્કાલિક મોકલી આપશે.

૪૨. કાઉન્સીલે કોઇ રકમ માટે કોઈ વ્યકિત સામે હુકમનામું કર્યું હોય તો તે વ્યકિતએ, તેવા ચુકાદાની ખબર મળેથી સાત દિવસની અંદર તેની સામે થયેલ હૂકમનામા મુજબની રકમ ભરી દેવી. પ્રોવીન્શીયલ કાઉન્સીલ તરફથી

ને ભરપાઇની મુદતમાં વધારો કરી શકાશે.

૪૩. કાઉન્સીલને ચુકાદા પ્રમાણેની રકમ વસુલ કરવાની તેમજ હુકમનામાનો અમલ કરવા માટેની સતા છે.

૪૪. જમાતખાનામાં બંધી કરવામાં આવેલ વ્યકિતને કોમના કોઈપણ મેલાવડામાં અથવા ધાર્મિક ક્રિયાઓમાં ભાગ લેવા દેવામાં આવશે નહિ. જો તે વ્યકિત સજાની મુદત દરમ્યાન અવસાન પામે તો તેની મરણ ક્રિયા શીયા ઈમામી ઇસ્માઈલીયા ધર્મને અનુલક્ષીને કરવામાં આવશે.

૪૫. જયારે કોઇ શખ્શને નાતબહાર કરવામાં આવેલ હોય, ત્યારે તેની સાથે રહેતા તેના સગાઓ સિવાય બીજા કોઈપણ ઇસ્માઈલી તેની સાથે નાતબહારની મુદત દરમ્યાન ખાવાપીવાનો વહેવાર રાખશે નહિ. કોઇપણ ઇસ્માઇલી તે મુદત દરમ્યાન તેને વિવાહમાં પોતાની દીકરી કે દીકરો દેશે કે લેશે નહિ. આવી વ્યકિતઓને જમાતખાના, કબ્રસ્તાન અથવા તો કોઇપણ ઈસ્માઇલી સંસ્થાઓનો લાભ લેવાનો અધિકાર રહેશે નહિ.

તે કોઇપણ કોમી મેલાવડા અથવા તો ધાર્મિક ક્રિયાઓમાં ભાગ લઇ શકશે નહિ. તે નાતબહાર થયેલો શખ્શ જો બીજા ધર્મમાં દાખલ થયો ન હોય અને અવસાન પામે, તો તેના જમાતના એક વ્યકિત તરીકેની સઘળી ક્રિયાઓ કરવામાં આવશે.

૪૬. કોઈપણ પક્ષકાર સુપ્રીમ કાઉન્સીલ અને ત્યારકેડે ફેડરલ કાઉન્સીલની અપીલ લેવા ઇચ્છતો હોય, તો પ્રોવીન્શીયલ અને સુપ્રીમ કાઉન્સીલના કેસને લગતા ઓાચરીયાની નકલ માટે ફીના શી. ૫/- લેવામાં આવશે અને મૌલાના હાઝર ઈમામ હીઝ હાઇનેસ ધી આગાખાન હૂઝુરની અપીલ લેવા માટે ફેડરલ કાઉન્સીલના કેસને લગતા ઓાચરીયાના નકલના શી. ૨૫-૦૦લેવામાં આવશે.

૪૭. પ્રોવીન્શીયલ કાઉન્સીલમાંથી ટેરીટોરીયલ સુપ્રીમ કાઉન્સીલ અને ત્યાંથી ફેડરલ કાઉન્સીલ અને આખરે મૌલાના હાઝર ઈમામ હીઝ હાઇનેસ ધી આગાખાનને અપીલ કરી શકાશે. અપીલ કરનાર ચૂકાદો અપાઈ ગયાની તારીખથી ૧૫ દિવસની અંદર કેસના ઓાચરીયા અને ચુકાદાની

નકલ માટે લાગતી વળગતી કાઉન્સીલને અરજી કરશે કે જે તેની અરજી કર્યાના ૧૫ દીવસની અંદર તેને આપવામાં આવશે. અપીલ કરનાર તેના ઓાચરીયા મળી ગયા બાદ ૧૫ દીવસની અંદર ત્રણુ નકલમાં અપીલ દાખલ કરશે. લાગતી-વળગતી કાઉન્સીલ મેમોરેન્ડમ ઓાફ અપીલની નકલ જવાબદારને,તેમને મેમોરેન્ડમ મળ્યાના પાંચ દીવસની અંદર લાગુ કરશે. જવાબદારને મેમોરેન્ડમ ઓાફ અપીલની નકલ મળ્યાની તારીખથી ૧૫ દીવસની અંદર મેમોરેન્ડમ ઓાફ અપીલનો જવાબ ફાઈલ કરવાની ઈચ્છા હશે તો તેમ કરી શકશે. અપીલને સ્પર્શતા સઘળાં ઓાચરીયાઓ અને અપીલની સંપૂર્ણ ફાઈલ ટેરીટોરીયલ સુપ્રીમ કાઉન્સીલને અથવા ફેડરલ કાઉન્સીલને, જેમને સબંધ ધરાવે તેમને, રીપ્લાઈ ટુ ધી મેમોરેન્ડમ ઓાફ અપીલ જે મળે તો તે મળ્યાના આઠ દીવસની અંદર મોકલી આપશે. લાગતી વળગતી કાઉન્સીલ અપીલ દાખલ કરવાની મુદતમાં વધારો કરી શકે છે.

૪૮. ફેડરલ કાઉન્સીલે આવી અપીલ પેશ કર્યા બાદ બે મહિનાની અંદર અગરજો મૌલાના હાઝર ઇમામ હીઝ હાઈનેસ ધી આગાખાનની હુઝુરમાંથી

તેને પ્રત્યુતર ફરી નહિ વળે, તો તે અપીલ નામંજુર થયેલી ગણાશે.

૪૯. નાતબહારની થયેલ સજાના ચૂકાદા સામે કોઇ વ્યકિત, તે અથવા તેણી જો મૌલાના હાઝર ઈમામની હુઝૂરમાં અપીલ લેવાની ઇચ્છા રાખે તો અપીલનો નિર્ણય મૌલાના હાઝર ઇમામની હુઝૂરમાંથી ફરી વળે ત્યાંસુધી સુપ્રીમ કાઉન્સીલની મુનસફીથી સજા તાત્કાલીક અમલમાં મૂકી શકાશે.

૫૦. કેસોની પદ્ધતીને સબંધ ધરાવતા કાયદાઓ જયાં જયાં સ્પર્શતા હોય ત્યાં ફેડરલ, સૂપ્રીમ અને પ્રોવીન્શીયલ કાઉન્સીલોને લાગુ પડશે.

# પ્રકરણ ૭મું

# મુખી કામડીયાઓ અને જમાતી બાબતોને લગતા કાયદાઓ

૧. મુખી કામડીયાઓના હોદ્દાની મુદત બે વર્ષની રહેશે. પોતાના હોદ્દાની મુદત પુરી થાય તે અગાઉ ત્રણ માસ પહેલાં, દરેક ગામના મુખી કામડીયાએ પોતાના રાજીનામા પોતાની પ્રોવીન્શીયલ કાઉન્સીલને, પોતા સિવાયના મુખી કામડીયાના બે જોડીના નામો સાથે મોકલી આપશે. પ્રોવીન્શીયલ કાઉન્સીલ, તેમને મળેલ નામોમાંથી અગરતો બહારથી મુખી કામડીયાની નિમણુંક કરશે. મજકુર મુખી અને કામડીયાના સરખા હક્કો રહેશે.

૨. જે સ્થળે પ્રોવીન્શીયલ કાઉન્સીલ હસ્તીમાં હોય તે સ્થળના મુખી કામડીયાની નિમણુંક એકઝીક્યુટીવ કાઉન્સીલ કરશે. પ્રોવીન્શીયલ કાઉન્સીલ નવી નિમણુંકના માટે બે જોડીના નામો એકઝીક્યુટીવ કાઉન્સીલને મોકલાવશે. એકઝીક્યુટીવ કાઉન્સીલ આવા રજુ થયેલા નામોમાંથી

મુખી કામડીયાની નિમણુંક કરશે અને માજી મુખી કામડીયાની પણ નિમણુંક કરી શકશે. આવી નિમણુંકની જાહેરાત દર બે વર્ષે પહેલી દુઆ પડાઇ રહ્યા બાદ લાગતી વળગતી પ્રોવીન્શીયલ કાઉન્સીલ તરફથી કરવામાં આવશે.

૩. જમાતના મૂખીકામડીયા નિવૃત થતાં, જમાતના ઠામવાસણો તથા સામગ્રીઓની એક યાદી તૈયાર કરશે. પ્રસ્તુત યાદી તેમના હોદ્દા ઉપર જે આવે તેને સુપ્રત કરવામા આવશે, અને તેમના નિવૃત થયાની પંદર દીવસની અંદર, ઠામવાસણો અને સામગ્રીઓના સંપુર્ણ ટીપ તેની પ્રોવીન્શીયલ કાઉન્સીલને પેશ કરશે.

૪. સઘળી જમાતોના ચાલુ મૂખી અને કામડીયાઓ તેમના હસ્તકની બધી જમાતી ચાવીઓ તેમજ મૌલાના હાઝર ઇમામ હીઝ હાઈનેસ ધી આગાખાનની કારસાજી રાખવામાં આવતી તીજોરીની ચાવીઓ પણ પોતાના કબજામાં રાખશે.

તેઓની ટુંક ગેરહાજરીના ગાળા દરમ્યાન પ્રોવીન્શીયલ કાઉન્સીલ તરફથી નિમાયેલા દીનદાર કે દીનદારો ચાવીઓ રાખશે.

૫, સરકાર સાહેબી કારસાજી માટેની તીજોરીઓને બે જુદી ચાવીઓથી ખુલ્લી શકે તેવું તાળું હશે. તેમાંની એક ચાવી મુખી પાસે અને બીજી કામડીયા પાસે રહેશે, કે જેથી કરીને કોઈ પણ તીજોરી બન્નેની હાજરી સિવાય ખોલી શકાય નહિ, આવી બધી તીજોરીઓની ડુપ્લીકેટ ચાવીઓ ફક્ત એકઝીક્યુટીવ કાઉન્સીલ પાસે રહેશે.

૬. જમાતખાનાઓના કામકાજ માટે જોઈતા નોકરો, હોદ્દામાં ચાલુ મુખી કામડીયા રાખી શકશે તેમજ છૂટા કરી શકશે.

૭. જમાતના મુખી અને/અથવા કામડીયા જમાતી બધી ફરજો બજાવશે અને મૌલાના હાઝર ઈમામ હીઝ હાઈનેસ ધી આગાખાનની કારસાજીની સંભાળ અને દેખભાળ રાખશે. જો બન્ને પૈકી કોઇ હાજર ન હોય તો તેમના બદલે કાઉન્સીલના મેમ્બરો અને તેઓની ગેરહાજરીમાં બૈતુલખ્યાલના મુખી કામડીયા જે તે વખતે હાજર હોય તેઓ બધા કામકાજ બજાવશે અને કારસાજીની સંભાળ રાખશે.

૮. મુખી અને કામડીયા કોઇપણ વખતે તેમની

પ્રોવીન્શીયલ કાઉન્સીલની મંજૂરી સિવાય ગામમાંથી એકી સાથે ગેરહાજર રહી શકશે નહિ. ખાલી થતી જગ્યા કાઉન્સીલ પોતાની મુનસફીથી પૂરવાણી કરશે પણ કામડીયા મુખીની ગેરહાજરીમાં હંમેશા મુખી તરીકે કામકાજ કરશે. લાગતી વળગતી પ્રોવીન્શીયલ કાઉન્સીલને લેખીત અરજી સાથે જરૂરી ચાવીઓ એક સીલબંધ કવરમાં મોકલવાથી એમાંથી એકને ગામ બહાર જવા છૂટ રહેશે. આવી અરજી પ્રેસીડન્ટ અથવા ઓનરરી સેક્રેટરીને જાતે આવીને સુપ્રત કરવામાં આવશે. નાના ગામોમાં ચાવીઓ બૈતુલખ્યાલના મુખી કામડીયાને અવશ્ય સુપ્રત કરવી, અને લાગતી વળગતી પ્રોવીન્શીયલ કાઉન્સીલને તેની જાણ કરવી.

૯. જમાતી રૂઢી રસમોમાં અને રીત રીવાજોમાં, તેમની લાગતી વળગતી પ્રોવીન્શીયલ કાઉન્સીલની પ્રથમથી મંજુરી મેળવ્યા સિવાય, જમાતના મુખી કામડીયા કશો પણ ફેરફાર કરી શકશે નહિ. લાગતીવળગતી કાઉન્સીલ તેમને મુનાસીબ જણાય તેવી રીતે જમાતી રૂઢી, રસમો અને રીત રીવાજમાં, ફેરફાર કરી શકશે પરંતુ ધાર્મીક અને સરકાર સાહેબી વિષયોનો સબંધ ધરાવતી બાબતોમાં

ફેરફાર કરવાની તેમને સતા રહેશે નહિ.

૧૦. પંજેભાઈ મંડળીઓ, લાઇફ ડેડીકેશન, વનફોર્થ મંડળી, અને હુઝૂર પંજેબહેનોની મુખીયાણી કામડીયાણી પોતાની લાગતી વળગતી મંડળીઓના સભ્યોમાંથી મુખી કામડીયાની બે જોડી પોતાની લાગતી વળગતી કાઉન્સીલને નીમણુંક માટે પેશ કરશે. કાઉન્સીલ આવા નામોમાંથી અગર તો અન્ય બીજાઓમાંથી મુખી અને કામડીયાની નીમણુંક કરશે. પ્રોવીન્શીયલ શહેરના મુખી અને કામડીયાના હોદ્દાની મુદત તા. ૧લી જાન્યુઆરીથી એક વર્ષ સુધીના રહેશે, અને પ્રોવીન્શીયલ શહેર સિવાયની નાની જમાતોના મુખી કામડીયાના હોદ્દાની મુદત તા. ૧લી જાન્યુઆરીથી બે વર્ષની રહેશે અને આવી નિમણુંકની જાહેરાત ઉપર્યુક્ત પદ્ધતીએ કરવામાં આવશે.

૧૧. પ્રત્યેક પંજેભાઇ મંડળીઓના બધા કાર્યક્રમ લાગતી વળગતી મંડળીઓના મુખી કામડીયા પતાવશે. જ્યારતના દિવસે જો મરનાર ચાંદરાતનો સભ્ય હોય, તો છાંટાની ક્રિયા ચાંદરાતના મુખી અને કામડીયા તેઓની મજલસમાં કરશે

જે મજલસ સાંજના ગોઠવવામાં આવે, તો જમાતના મુખી કામડીયા પોતાની હંમેશ મુજબની જગ્યા લેશે અને આવી મજલસના મુખી કામડીયા ચાલુ કામડીયાની ડાબી બાજુએ જગ્યા લેશે.

૧૨. એ. કોઇપણ જમાત, સંસ્થા, કે વ્યકિત તરફથી પ્રોવીન્શીયલ કાઉન્સીલની પ્રથમથી મંજૂરી મેળવ્યા સિવાય કોઇ પ્રકારના ફંડ ફાળા ઉઘરાવી શકશે નહિ. આવા ફંડ ફાળાની આવક અને ખર્ચનો હિસાબ પ્રોવીન્શીયલ કાઉન્સીલ રાખશે. જ્યારે આવા પ્રકારની મંજુરી મેળવેલ હોય તેમણે વિગતવાર ખર્ચનો હિસાબ પ્રોવીન્શીયલ કાઉન્સીલને અવશ્ય મોકલાવી આપવો. આવા ફંડ ફાળાનો જો કંઇ વધારો રહે તો તેનો વપરાશ કરવાની સતા સુપ્રીમ કાઉન્સીલની અનુમતિથી પ્રોવીન્શીયલ કાઉન્સીલને રહેશે.

બી. પ્રોવીન્શીયલ કાઉન્સીલની હેઠળ સિવાયની કોઇ સંસ્થાને, લાગતી વળગતી સુપ્રીમ કાઉન્સીલની પ્રથમથી મંજુરી મેળવ્યા સિવાય જમાતમાંથી ફંડ કે ફાળો કરવાની સતા રહેશે નહિ.

સી. કોઈપણ કાઉન્સીલ, જમાત અથવા સંસ્થાએ પોતાની હકુમત બહાર, લાગતી વળગતી સુપ્રીમ કાઉન્સીલની મંજુરી મેળવ્યા સિવાય ફંડ ફાળા કરી શકશે નહિ.

૧૩. મુખી કામડીયા સઘળી બાકી રોકાતી રકમ અને ધોરણુસરની ચડત રકમો વસુલ કરશે પ્રોવીન્શીયલ કાઉન્સીલ પણ એવી રોકાતી રકમો માટે કોઈપણ વખતે કેસ કરીને રકમ વસુલ કરવાને સતાવાર છે.

૧૪. ધોરણુસરની રોકાતી રકમો, કોઈપણ દીનદાર પાસેથી દફન ક્રિયાના પ્રસંગ સિવાય વસૂલ કરવા મુખી કામડીયા સતાવાર છે.

૧૫. આપણી સઘળી શીયા ઈમામી ઇસ્માઈલી જમાતોમાં "લા ઈલ્લાહ ઈલ્લાહ મહમદ્દુ રસુલ્લાહ" નો કલમો પડવામાં આવશે.

૧૬. મરહુમની પાછળ કરવામાં આવતી મજલિસ ભાઇઓ અને બાઈઓ બન્નેની ફકત જમાતખાનામાંજ પતાવી શકાશે.

૧૭. કોઇપણ શખ્શ ઇસ્ટ આફ્રિકાની જૂદી જુદી ટેરીટરીમાં જવા ઇચ્છતો હશે અને જો તેણે દર મહિને નિયમિત રીતે શીલીંગ એક સરકાર સાહેબી ચંદ્રાકી ભરેલ હશે તો તે શીયા ઈમામી ઇસ્માઈલી છે તેવી ખાત્રી આપતો પત્ર નક્કી કરેલા ફોર્મ ઉપરે મેળવવા હક્કદાર રહેશે. આવી જાતની સર્ટીફીકેટ અરજી કરનારને દરેક યોગ્ય સમયે આપવામાં આવશે. અગરજો અરજી કરનાર બહાર દેશાવર જવા ઈચ્છતો હશે તો તેવી સર્ટીફીકેટમાં તે અથવા તેણીનો ફોટોગ્રાફ ચોડવામાં આવશે અને તેમાં લાગતી વળગતી પ્રોવીન્શીયલ કાઉન્સીલની પણ સહી હોવી જોઇએ.

અગરજો આવી સર્ટીફીકેટ ગુમ થાય અથવા ગેરવલ્લે જાય તો તેવી સર્ટીફીકેટની નકલ સોગંદપુર્વકની એફીડેવીટમાં સહી કર્યેથી આપવામાં આવશે.

૧૮. દેશાવરથી આફ્રિકા ખાતે આવતો કોઇ ઇસ્માઈલી સર્ટીફીકેટ અથવા તો તે શીયા ઈમામી ઇસ્માઈલી છે તેવી જાતનો ઓફીશીયલ કાગળ રજૂ કરી શકવા માટે નિષ્ફળ નીવડે તો તેણે સારી

જામીનગીરી અથવા રોકડ રકમ ડીપોઝીટ તરીકે રજુ કરવાની રહેશે અને તેવો કાગળ મંગાવી આપવો પડશે. આ મુજબનો કાગળ રજૂ કર્યેથી ડીપોઝીટની રકમ પરત કરવામાં આવશે. વિવાહ અર્થેનો કોઈ પ્રસંગ હોય તો તેવા દીનદારે સર્ટીફીકેટ અથવા ઓફીશીયલ કાગળ તે અથવા તેણીના સર્ટીફીકેટ કે કાગળ ઉપરે ચોડેલા ફોટા સહીત અવશ્ય રજૂ કરવો પડશે.

૧૯. કોઇપણ ઇસ્માઇલી સગપણ-વિવાહ કરવાના ઉદ્દેશથી પોતાની સ્થાનીક હકૂમતની બહાર જાય તો તે અથવા તેણી પાસે, તે અથવા તેણી તેવું સગપણ-વિવાહ કરવા હકકદાર છે તેનો ઉલ્લેખ થવો જોઇએ.

૨૦. પ્રબંધિત ધાર્મીક ક્રિયાઓ તેમજ બંદગી જમાતખાના સિવાય કોઈપણ સ્થળે થઈ શકશે નહિ. કોઇપણ વ્યકિત આ કાયદાનું ઉલ્લંઘન કરશે તેને સજા કરવામાં આવશે.

૨૧. ખેતાબધારીઓની બેઠકનું અનુક્રમ નીચે પ્રમાણે છે:-

૧. દીવાન;
૨. કાઉન્ટ;
૩. વઝીર;
૪. ઈતમાદી;
૫. રાઈ;
૬. આલીજાહ;
૭. હુઝૂરમુખી;

એ. સઘળા દીવાનો, કાઉન્ટો તેમજ અનુક્રમે, ફેડરલ, એકઝીકયુટીવ, સુપ્રીમ અને પ્રોવીન્શીયલ કાઉન્સીલના સભ્યો, વિધાત્રીકારાઓ અને ઈસ્માઇલીયા એસોસીએશનના પ્રેસીડન્ટો ઉપર પ્રમાણેના પોતાના ટાઇટલોના ક્રમ અનુસાર મુખીથી જમણી બાજુએ પોતાની બેઠકો લેશે. તેઓ પછી ખિતાબ ન ધરાવનારાઓ, કાઉન્સીલના મેમ્બરો તેજ બાજૂએ પોતાની બેઠકો લેશે. તેમ છતાં ફેડરલ, એકઝીકયુટીવ અને પોતાના પ્રાંતની પ્રોવીન્શીયલ કાઉન્સીલના પ્રેસીડન્ટ જો તેવણને કશો પણ ટાઈટલ ન હોય તો પણ બધા વઝીરોથી ઉપર પણ કાઉન્ટથી નીચે બેસવાનો હક્કદાર થશે.

બી. સુપ્રીમ કાઉન્સીલના પ્રેસીડન્ટ પોતાના પ્રોવીન્શીયલ ગામોમાં પ્રોવીન્શીયલ કાઉન્સીલના પ્રેસીડન્ટથી ઉપર બેસવાને અધિકાર ગણાશે પરંતુ દીવાન અને કાઉન્ટના પછી.

સી. બીજા બધા ટાઇટલ હોલ્ડરો જેવા કે વારસો, રાઇઓ, વિગેરે જેઓ કોઇપણ કાઉન્સીલના સભ્યો નહિ હશે તેઓ કામડીયાની ડાબી બાજુએ પોતાની જગ્યાઓ લેશે.

ડી. બાઈઓના વિભાગમાં આવી રીતે અનુક્રમ લાગુ પડશે પણ જે બાઇઓ પોતે ખિતાબધારીઓ અગર કાઉન્સીલની સભ્ય હશે તો તેણીઓની બેઠક તેઓના પોતાના અંગત હક્ક મુજબ અન્ય તેજ ઇલ્કાબદારી સભ્યોની પત્નિઓની ઉપર રહેશે.

ઉપર્યુક્ત અનુક્રમ સબંધમાં, જે શહેર અથવા ગામમાં પ્રોવીન્શીયલ કાઉન્સીલ ન હોય ત્યાં ખાતે નીચેની પદ્ધતિએ બેઠકોનો અનુક્રમ જાળવવામાં આવશે.

પ્રસ્તુત પવિત્ર કાયદા અનુસાર, મુખીની જમણી બાજુએ હોદ્દેદારો તરફથી બેઠકો

લેવામાં આવ્યા બાદ, જગ્યા રહે તો મોરનરીઓ જેઓ ડયુટી ઉપરે હોય તેઓ જગ્યા લેશે અને તે પછી તેઓની બાજુમાં, ટાઈટલ હોલ્ડરો, પોતાના ટાઈટલના ક્રમ અનુસાર જગ્યા લેશે. કામડીયાની ડાબી બાજુએ તેજ શહેર અથવા ગામના ગત સાલના માજી મુખી કામડીયા બેસશે અને ત્યાર પછી ચાલુ મંડળીના મુખી કામડીયા જગ્યા લઈ શકશે.

કોઇપણ ખિતાબધારીને અથવા કાઉન્સીલના સભ્યને તેઓના જગ્યા લેવા માટે બોલાવવામાં આવશે નહિ. સઘળા ઈલ્કાબધારીઓએ પોતાના ક્રમ પ્રમાણે પોતપોતાની જગ્યાઓ પોતાની મેળે લેવી. પહેલા દુઆ પછી તબંસીહની ક્રિયા બાદ જમાત ફરી બેસી ગયા કેડે ત્રણ મીનાટ લગી જગ્યાએ ખાલી રાખવામાં આવશે ત્યારબાદ સઘળી જગ્યાઓની પુરવણી કરી દેવામાં આવશે અને જેઓ મોડા આવશે, તેઓ જેમ જેમ આવતા જાય, તેમ તેમ, તેઓ, પોતાની મુકરર કરેલી બાજુ તરફ જે છેલ્લી વ્યકિત બેઠી હશે તેની પછી કોઇપણ ટાઇટલ અથવા અનુક્રમના ભેદભાવ વિના

તેઓની જગ્યાએ લેશે.

૨૨. દરેક શીયા ઈમામી ઈસ્માઈલી ઓછામાં ઓછો એક શીલીંગ દર માસે સરકાર સાહેબી ચન્દ્રાકી ભરશે. ચન્દ્રાકી ઇમાનદારીપુર્વક ભરવામાં આવશે.

૨૩. જમાતખાનામાં કોઇપણ ફંડની પેટી અગર તીજોરી રાખવામાં આવશે નહિ.

૨૪. જો કોઇ ઉમેદવાર કોઈપણ ઠામવાસણ, ગુમરો, બત્તીઓ, સાદડીઓ, વિગેરે જમાતખાનામાં વપરાશ માટે ભેટ આપે તો તે કોઇપણ શરત વગર સ્વિકારવામાં આવશે.

જો કોઈ વસ્તુઓ ખરીદ કરવાની જરૂરીયાત જણાય તો તેની અર્ધી કિંમત ફાળો કરી ઉભી કરવામાં આવશે અને બાકીની અર્ધી રકમ મૌલાના હાઝર ઈમામના થયેલા ફરમાન અનુસાર એકઝીકયુટીવ કાઉન્સીલની મંજુરીથી સરકાર સાહેબી ફંડમાંથી આપવામાં આવશે. જુની અથવા નવી બધી ચીજો ઉપરે જયાં બની શકે ત્યાં સરકાર સાહેબ

મૌલાના હાઝર ઇમામ હીઝ હાઈનેસ ધી આગા-ખાનનું નામ લખવામાં આવશે.

૨૫. જમાતખાનામાં રાખવામાં આવેલ ફરનીચર તેમજ ઠામ વાસણોની સઘળી ચીજો કોઇપણ શખ્શને નક્કી કરેલા ભાડાથી અને તેની સલામતીના આશયસર ડીપોઝીટ લઈને ભાડે આપી શકાશે.

જો મજકુર ચીજો ભાડે લેવા ઇચ્છનાર અવર કોમનો કોઇ શખ્શ/સંસ્થા હોય તો તે માટે પહેલાં પ્રોવીન્શીયલ કાઉન્સીલના પ્રેસીડન્ટ અથવા ઓનરરી સેક્રેટરીની અથવા/અને મુખી કામડીયાની પરવાનગી અવશ્ય લેવી અને ડીપોઝીટ કે ભાડું લેવું કે નહિ તે પ્રોવીન્શીયલ કાઉન્સીલની મુનસફી ઉપર રહેશે.

૨૬. જ્યારે કોઇ મર્હૂમ દીનદાર પોતાના વસીઅતનામામાં જમાતના હિતાર્થે કોઈ નાણાની રકમ મુકી ગયો હોય તો મજકુર મર્હુમ દીનદારના વિલના વહીવટદારોએ, જયારે પણ કાઉન્સીલ માંગણી કરે ત્યારે કોમને આપેલ હિતાર્થના વિષયોને લગતા સંપૂર્ણ હિસાબો અવશ્ય રજૂ કરશે.

અગર જો વહીવટદારો વસીઅતનામાની શરતો મુજબ અમલ કરવા નિષ્ફળ નીવડશે તો કાઉન્સીલ મર્હુમની સુચના મુજબ અમલ કરવા તેમને ફરજ પાડશે.

૨૭. જમાતખાનામાં, અથવા તેની આજૂબાજુના વીસ્તારમાં અથવા કોમી સંમેલનોમાં, સભાઓમાં કે મેલાવડામાં કોઈપણ દીનદાર ગેરવર્તણુંક ચલાવશે નહિ. મુખી અથવા કામડીયાને આવા દીનદારોને જમાતખાનામાંથી અથવા તેની આજૂબાજૂના વિસ્તારમાંથી કાઢી મુકવાની સત્તા રહેશે અને તે બાબતમાં પ્રોવીન્શીયલ કાઉન્સીલને ઉચિત પગલા લેવા માટે રીપોર્ટ કરશે.

૨૮. ઈતમાદી તરફથી મળેલ સુચનાઓ અનુસાર કારસાજીની વ્યવસ્થા કરવામાં આવશે.

# પ્રકરણ સાતમું

# ધર્મ બદલનારાને

# લગતા કાયદાઓ

૧. કોઈપણ વ્યક્તિ જે જન્મથી શીયા ઇમામી ઇસ્માઈલી હોય પણ પાછળથી પોતાનો ધર્મ બદલાવે અને પરધર્મ અખત્યાર કરે તે, આ એ કાયદાઓના હેતુ માટે "સીસીડર" ધર્મ બદલનાર તરીકે ઓળખાશે, અને તે અથવા તેણી, અને તેના અથવા તેણીના બચ્ચાઓ "સીસીડર" તરીકે ઓળખાશે, સીવાય કે આવા બચ્ચાઓ ખુલ્લા રીતે આપણો પવિત્ર ધર્મ જારી રાખે.

૨. જ્યારે કોઇ શખ્શ શીયા ઇમામી ઇસ્માઈલી ધર્મ તજી બીજો ધર્મ અંગીકાર કરે, ત્યારે ઇસ્માઈલી કોમ તેને તેણે જે ધર્મ અખત્યાર કર્યો હોય તેના બીજા સભ્યોની સાથે જેવું વર્તન રાખતા હોય તેવુંજ વર્તન રાખશે.

આવી વ્યક્તિ કોઈપણ સંજોગોમાં જમાતખાના,

કબ્રસ્તાન અથવા અત્યારપૂર્વે જે હક્કો તે શીયા ઇમામી ઇસ્માઈલી દીનદાર તરીકે ભોગવતો હતો તે ભોગવવા કોઈપણ રીતે હક્કદાર રહેશે નહિ.

૩. કોઈપણ શખ્શ શીયા ઇમામી ઈસ્માઇલી ધર્મ તજી દેવા ઇચ્છતો હોય તો તે નીચેની શરતોએ તેમ કરી શકશે.

એ. કોઇપણ વ્યકિત, તેનો અથવા તેણીનો ધર્મ બદલાવે તે પહેલાં, તેની અથવા તેણીની એ ઇચ્છા વિષેની લેખીત જાણ પ્રોવીન્શીયલ કાઉન્સીલને કરવાની રહેશે. અગરજો તે વ્યકિત જાણ કરવા માટે નિષ્ફળ નિવડે અને કાઉન્સીલને તે અથવા તેણીએ ધર્મ બદલાવેલ હોવાની માહિતી થાય તો કાઉન્સીલ મજકૂર વ્યકિતને લેખીત પુછાવી લઇ તપાસ કરશે. અને અગરજો તે અથવા તેણીનો જવાબ સમંતિસુચક હશે તો તેના ધોરણસર નોંધ લઇ તે વ્યકિતને સીસીડર તરીકે જાહેર કરશે. અગરજો યાદી મોકલાવ્યા છતાં પહેલી નોટીસની તારીખ પછીના બે માસ દરમ્યાન તે વ્યકિત તરફથી કશો જવાબ નહિ મળે તો કાઉન્સીલ તે વ્યકિતને

ઉપર જણાવ્યા પ્રમાણે સીસીડર તરીકે જાહેર કરશે.

બી. ઉપલી કલમ આવી વ્યકિતના બચ્ચાઓને (જો કોઇ હોય તો) લાગુ પડશે.

સી. જો મજકુર શખ્શ અને તેની ઘરવાળી વચ્ચે કોઈ તકરાર થવા પામે અને તેણી પોતાના ધણીથી જૂદી રહેવા માંગે, તો તેણીના ગુજરાન માટે અમુક રકમ દેવાની ધણીને ફરજ પાડવામાં આવશે.

ડી. જો મજકૂર ઓરત છૂટાછેડા ઇચ્છે તો કાઉન્સીલ તેણીને છુટાછેડા અપાવશે, અને આવા કેસમાં ધણીએ અમુક રકમ તેની ઘરવાળીને આપવા તેને ફરજ પાડવામાં આવશે કે જે મહોરની રકમથી વધુ નહિ હશે.

ઈ. શીયા ઈમામી ઇસ્માઇલી ધર્મ તજી દેનાર પિતા પોતાના બચ્ચાઓનું સગપણ, વિવાહ અથવા પુનર્લગ્ન તેમની ઈચ્છા વિરૂદ્ધ કરવા ફરજ પાડશે નહિ.

એફ. જો કોઇ બાળક/બાળકો પોતાના પિતાથી
જૂદા રહેવા ઈચ્છે તો કાઉન્સીલે નક્કી કરેલી
રકમ મજકૂર બાળક/બાળકોના ગુજરાન
માટે પિતા આપશે.

૪. જો તે ધર્મ બદલનાર ઓરત હશે તો તેણી, નીચે લખેલી શરતો પ્રમાણે અમલ કરવાને બંધાએલી રહેશે.

એ. તે ઓરતને તેણીના બચ્ચાઓ ઉપર (જો કોઈ
હોય તો) કશો હક્ક રહેશે નહિ.

બી. તે ઓરતને તેણીના ધણી વચ્ચે કોઈ તકરાર
થવા પામે અને ધણી છુટો થવા માંગે તો
તે ઓરત કંઇપણ બદલા અથવા "મોહર"
વગર છુટાછેડા સ્વિકારવાને બંધાયેલી રહેશે.
તેણીના ધણી તરફથી તેણીને આપવામાં
આવેલ કોઇપણ કપડા દાગીના રાખવાનો
તેણીનો હક્ક રહેશે નહિ.

સી. વિધવાની બાબતમાં, જો તેણીના બચ્ચાંઓ
પૈકી કોઇપણ જુદા રહેવા માંગે તો તેણી
તેના અથવા તેઓના ગુજરાન ખર્ચ માટે

કાઉન્સીલે નક્કી કરેલી રકમ આપશે.

૫. જો ઈસ્માઈલી માતાના પેટે જન્મેલ બચ્ચાનો બાપ "સીસીડર" હશે, તો તેને એક ઇસ્માઇલી તરીકેના બધા હક્ક મળશે.

૬. કોઈપણ ધર્મ બદલનાર આપણી કોઈપણ ઇસ્માઈલી સંસ્થાઓમાં અથવા જમાતખાનામાં દાખલ થવા હક્કદાર ગણાશે નહિ તેમ તેને દાખલ થવાને છુટ પણ દેવામા આવશે નહિ ધર્મ બદલનારાઓને, જ્યાં બીજી કોમના સભ્યોને આમંત્રણ આપવામાં આવેલ હોય તેવા કોઇપણ સંમેલનમાં તેમને આમંત્રણ આપી શકાશે પરંતુ જમાતખાનામાં નહિ.

૭. કોઈપણ ઇસ્માઈલી, નોન ઇસ્માઇલી જે આપણા પવિત્ર મઝહબના વિરૂદ્ધ હોય તેના સાથે ધાર્મીક બાબતોમાં કોઇપણ સબંધ રાખશે નહિ.

૮. સામાજીક અને કેળવણીની બાબતોમાં જેમાં ફકત ધર્મ બદલનારાઓજ સબંધ ધરાવતા હોય, તેમાં કોઇપણ -દીનદાર- ભાગ લેશે નહિ. આવી

સંસ્થાઓમાં અને મંડળીઓમાં જો અન્ય બીજી કોમના સભ્યો હોય, તો ભાગ લેવાની છૂટ છે.

૯. ધર્મ બદલનાર સાથે કોઇ ધાર્મિક ક્રિયાઓમાં કોઇપણ દીનદાર ભાગ લેશે નહિ. તથા આવા શખ્શોને આવા પ્રસંગોએ આમંત્રણ અપાશે નહિ. પરંતુ બીજા સઘળા પ્રસંગે તેમજ મૈયતમાં પણ ધર્મ બદલનારાઓને બીજા ધર્મો અથવા કોમેના સભ્યોની માફક ગણવામાં આવશે.

૧૦. વિવાહમાં ધર્મ બદલનારનો દીકરો/દીકરી કોઇપણ લેશે નહિ તથા તેની અથવા તેણીનો દીકરો દીકરી ધર્મ બદલનારને (જેમ કેસ હોય તેમ) આપશે નહિ. કોઈપણ આ કાયદાનો ભંગ કરશે તો તેને સજા કરવામાં આવશે.

૧૧. જયારે શીયા ઇમામી ઈસ્માઈલી અને નોન ઇસ્માઈલી સગાઓ સાથે રહેતા હોય અને તે ઘરનો કોઈ ઈસ્માઇલી શખ્શ ગુજરી જાય તો ફકત જે સભ્યો ઈસ્માઈલી હોય તેને મર્હુમને દફન કરવાનો હક્ક રહેશે. તે ઘરના નોન ઈસ્માઈલી સભ્યોને કોઇપણ ધાર્મિક ક્રિયાઓમાં ભાગ લેવાનો હક્ક રહેશે નહિ.

૧૨. કોઇ ઓરતને તેણીના ધર્મ બદલનાર ધણીએ તજી દીધી હોય તો લાગતી વળગતી કાઉન્સીલ, સુપીમ કાઉન્સીલ મારફતે એકઝીકયુટીવ કાઉન્સીલને તેણીના ગુજરાન ખર્ચ માટે અરજી કરશે.

૧૩. જો કોઇ ધર્મ બદલનાર, ઇસ્માઇલી ધર્મમાં પૂનઃ દાખલ થવા ઇચ્છતો હોય તો લાગતી વળગતી પ્રોવીન્શીયલ કાઉન્સીલને અરજી કરશે. પ્રોવીન્શીયલ કાઉન્સીલ જરૂરી તપાસ કરશે અને નીચેની શરતોને અનુલક્ષીને તેને ધર્મમાં દાખલ કરશે.

એ. મજકુર શખ્શની સામાન્ય ચાલચલગત અને વર્તણુંક વિગેરે બાબતોમાં પ્રોવીન્શીયલ કાઉન્સીલને અવશ્ય સંતોષ મેળવવો જોઈએ.

અને

બી. મજકુર શખ્શ કાઉન્સીલ તરફથી ઠરાવવામાં આવેલી રકમ ડીપોઝીટ રાખશે.

જો કોઈ શખ્શ ઈસ્માઈલી મઝહબમાં દાખલ થયા પછી પાંચ વર્ષ દરમ્યાન તેને છોડી દેવા ઈચ્છતો હશે તો

તેની ડીપોઝીટ તરીકે રાખેલ રકમ જપ્ત કરવામાં આવશે. મજકુર મુદત પછી તે ડીપોઝીટ રાખનારને પાછી દેવામાં આવશે. જો તે ડીપોઝીટ રાખનાર શખ્શ પાંચ વર્ષની મુદત દરમ્યાન ગુજરી જાય તો ડીપોઝીટની રકમ તેના વારસદારોને પાછી આપવામાં આવશે.

૧૪. એ. જો કોઈ શીયા ઈમામી ઈસ્માઇલી આપણા પવિત્ર ઇમામ, ધર્મ અથવા તો તેની કોઈપણ રસમ, સિધ્ધાંતો, બંધારણ, કાયદા અને કાનુનોની વિરૂધ્ધ હાનીકારક પ્રચાર કરવાનો ગુન્હો કરે અથવા તો આ કાયદામાં જણાવ્યા પ્રમાણે તે કોઇપણ બીજા શીયા ઈમામી ઈસ્માઇલીને તેમ કરવા મદદ કરતો હોય તો તે અથવા તેણી અથવા તેઓ ઉપરે સ્પેશ્યલ ટ્રીબ્યુનલની સમક્ષ કામ લેવામાં આવશે અને અગરજો ગુનેહગાર સાબિત થાય તો તેવા શખ્શને ટેરીટોરીયલ સુપ્રીમ કાઉન્સીલની મંજુરીથી નાતબહાર સુધીની સજા કરી શકાશે.

બી. આ સ્પેશ્યલ ટ્રીબ્યુનલના ચેરમેનની નિમણુંક

મૌલાના હાઝર ઇમામ તરફથી અને બીજા ચાર મેમ્બરોની નિમણુંક ફેડરલ કાઉન્સીલની એક્ઝીક્યુટીવ કમીટી તરફથી કરવામાં આવશે.

સી. આ કાયદા ભંગ અંગેના બધા કેસો સ્પેશીયલ ટ્રીબ્યુનલ સમક્ષ લાગતી વળગતી પ્રોવીન્શીયલ કાઉન્સીલ તરફથી પેશ કરવામાં આવશે અને પ્રોવીન્શીયલ કાઉન્સીલ પોતાના તરફથી આવા કેસો ચલાવવા પ્રોસીક્યુટર નિમશે.

ડી. સ્પેશ્યલ ટ્રીબ્યુનલનું કોરમ ચેરમેન અને બે મેમ્બરોનું બનશે. ટ્રીબ્યુનલની બેઠક કયાં રાખવી તે તેમની મુનસફી ઉપરે રહેશે.

૧૫. જો અન્ય ધર્મની વ્યકિત આપણા પવિત્ર મઝહબમાં દાખલ થવા ઇચ્છે તો તેવી વ્યકિત એચ. એચ. આગાખાન શીયા ઈમામી ઈસ્માઇલીયા એસોસીએશનને અરજી કરશે, જેવણ આ દીશામાં ઘટતું કરશે અને તેનો અહેવાલ પોતાની સુપ્રીમ કાઉન્સીલને મોકલી આપશે.

# પ્રકરણ આઠમું

## સંસ્થાઓને લગતા કાયદાઓ

૧. જૂદી જુદી સંસ્થાઓ જેવી કે વેલફેર સોસાયટીઓ, કલ્બો, સાહિત્ય મંડળીઓ, વોલીન્ટીયર કોરો વિગેરે તેમની નિયમિત મીટીંગો નક્કી કરેલા સમયે ભરશે.

૨. કોમની આર્થિક ઉન્નતી, બહેતરી અને વિકાસ પરત્વેના પ્રવચનો નીચેના વિષયો ઉપરે યોજવામાં આવશે.

એ. દેશાટન તથા વસાહત સબંધી.

બી. મુકદ્દમાના બીનજરૂરી ખર્ચાઓ અટકાવવા;

સી. વિવાહને ઉતેજન આપવા; અને

ડી. રોજીંદા જીવનમાં સખત કરકસર કરવા.

૩. ઇસ્માઇલીઆ વેલફેર સોસાયટીઓ તેઓની સભાઓ વખતોવખત નીચેનાં ઉદ્દેશોસર ભરશે.

એ. આપણી કોમની અંદર સહાયના કાર્યો કરવા;
બી. બેકારો માટે કામ મેળવવા;

સી. સામાન્ય રીતે કોમના આર્થિક, સામાજીક અને કેળવણીની ઉન્નતીને રક્ષણ કરવા અને ઉતેજન આપવા.

૪. એક સરખા ધ્યેયવાળી જુદીજુદી કમીટીઓને એકત્રીત કરવી જોઇએ અને એક સરખા ધ્યેયને માટે જૂદી જૂદી કમીટીઓને રાખવી જોઈએ નહિ.

૫. બધી જમાતોમાં જયાં ૨૦૦થી વધુ દીનદારોની સંખ્યા હોય ત્યાં એચ. એચ. આગાખાન શીયા ઇમામી ઈસ્માઈલીયા વીમેન્સ એસોસીએશન નીચેની પ્રવૃતિઓને ઉતેજન આપવા સ્થાપવામાં આવશે.

એ. બાળ ઉછેરને ઉતેજન આપી તે દીશામાં સક્રીય કાર્ય કરવા;

બી. ગ્રહસંસારીક શિક્ષણને ઉતેજન આપવા,

સી. ગ્રહસંસારીક કરકસર અને ગ્રહ વ્યવસ્થા અને તેને લગતા વિષયો તથા બાનુઓના સાદા

પહેરવાશ પરત્વે પ્રવચનો યોજવા.

ડી. ઉમરલાયક બાળાઓની શાદી અને વિધવાઓના પુર્નલગ્નના કાર્યોને ઉતેજન આપવા; અને સામાન્યપણે તેમની શહેરની શીયા ઈમામી ઇસ્માઇલી બહેનોની સામાન્ય બહેતરી અને ઉન્નતીના કાર્યોને સ્પર્શતી સઘળી કામગીરી બજાવશે.

૬. પ્રોવીન્શીયલ કાઉન્સીલ મેરેજ કમીટીઓની પણ નિમણુંક કરશે જેમાં અમુક બાનુ સભ્યોનો પણ સમાવેશ કરવામાં આવશે.

૭. બધી જુદી જુદી સંસ્થાઓના હોદાની મુદત બે વર્ષની રહેશે.

૮. તેઓના હોદાની મુદત પૂરી થયા અગાઉ બે મહિના પહેલાં, કમીટીઓ પ્રોવીન્શીયલ કાઉન્સીલને નવી કમીટીઓની નીમણુંક માટે સભ્યોના બમણા નામો સુચવશે. કોઈપણ કમીટી કે સંસ્થા જેની મેમ્બરશીપ ફી આપવાથી કે બીજી કોઇ રીતે થતી હોય, જેવી કે વેલફેર સોસાયટીઓ, કલબ વિગેરે, તેના સભ્યોની એક જનરલ સભા બોલાવશે

અને નવી કમીટી માટે સભ્યોના બમણા નામો ચુંટાશે અને તેવા નામો પ્રોવીન્શીયલ કાઉન્સીલને નવી નિમણુંક કરવા પેશ કરશે.

પ્રોવીન્શીયલ કાઉન્સીલના તાબા હેઠળ જૂદા જૂદા ગામોની બધી કમીટીઓ, પ્રોવીન્શીયલ કાઉન્સીલના મુખ્ય મથકની કમીટીના તાબા હેઠળ રહેશે. દાખલા તરીકે જુદા જુદા ગામોની બધી વેલફેર સોસાયટીઓ, પ્રોવીન્શીયલ વેલફેર સોસાયટીના તાબા હેઠળ રહેશે આવી કમીટીઓનો દોરવણી હેઠળ કામકાજ કરશે. આવી સ્થાનિક કમીટીઓની નિમણુંક માટેના નામો, પ્રોવીન્શીયલ કમીટીઓ મારફતે તેઓની ભલામણ સાથે પ્રોવીન્શીયલ કાઉન્સીલને પેશ કરવામાં આવશે. અગરજો કમીટીના હોદ્દાની મૂદત પુરી થયા અગાઉ જો કોઈ જગ્યા ખાલી હોય અથવા ખાલી થાય તો તેની પુરવણી ઉપર નિર્દેશ કર્યા અનુસાર કરવામાં આવશે. અગરજો ચુંટણી, કોરમના અભાવે અથવા તો બીજી રીતે ન થઇ શકે તો, પ્રોવીન્શીયલ કાઉન્સીલ તેમને મુનાસીબ જણાય તેવી રીતે આવી નિમણુંક કરી શકવા સતાવાર છે.

૯. આપણી જુદી જુદી સંસ્થાઓ તરફથી

આવક અને જાવકનો હિસાબ તથા તેમને મૌલાના હાઝેર ઇમામી હીઝ હાઇનેસ શ્રી આગાખાન તરફથી હાલ જે ગ્રાન્ટ, કરમબક્ષીસ અથવા મદદ મળતી હોય અથવા તો હવે પછી જે મળે તેને લગતા વીગતવાર ત્રીમાસીક હીસાબો પોત પોતાની પ્રોવીન્શીયલ કાઉન્સીલને મોકલાવી આપવામાં આવશે. તેમના હોદ્દાની મુદત પૂરી થતી વખતે આવા હિસાબો સાથે ગ્રાન્ટ, કરમ-બક્ષીસ અથવા મદદ અંગે રહેલા વધારાની રકમો પણ પ્રોવીન્શીયલ કાઉન્સીલને મોકલી આપવામાં આવશે. પ્રોવીન્શીયલ કાઉન્સીલો તે હિસાબોની નકલો તેમજ સાથે જે વધારાની રકમો તેમને મળી હોય તે એકઝીક્યુટીવ કાઉન્સીલને મોકલી આપશે.

૧૦. આપણી સઘળી સંસ્થાઓ જેવી કે વેલફેર સોસાયટીઓ કે કલ્બો, વિગેરે, પોતાના ધારા-ધોરણોની નકલો પોતપોતાની પ્રોવીન્શીયલ કાઉન્સીલને મોકલી આપશે. મજકૂર ધારાધોરણો પ્રોવીન્શીયલ કાઉન્સીલો તરફથી જયાં સુધી મંજુર કરવામાં નહિ આવે ત્યાં સુધી તે અમલમાં મુકાશે નહિ.

૧૧. પ્રોવીન્શીયલ કાઉન્સીલ પોતાના સભ્યોને જૂદી જૂદી કમીટીઓ માટે લીયાઝો ઓફીસર તરીકે નીમશે. આવા સભ્યને તેવી સઘળી કમીટીની મીટીંગોમાં હાજરી આપવાનો હક્ક રહેશે પણ ત્યાં વોટ આપી શકશે નહિ. આવો ઓફીસર પોતાના ખાતા માટે પ્રોવીન્શીયલ કાઉન્સીલને જવાબદાર રહેશે.

# પ્રકરણ ૯ મું

# જન્મો, લગ્નો અને મરણોને લગતા કાયદાઓ

૧. જ્યારે બચ્ચાંનો જન્મ થાય ત્યારે માવિત્રો અથવા વાલીઓ તેના જન્મથી દસ દિવસની અંદર તેવા બચ્ચાની છઠી-જન્મ તારીખની નોંધ જમાતખાનામાં કરાવશે. તેની નોંધની ફી શીલીંગ ૨|- રહેશે અને વધુમાં નીચે જણાવ્યા પ્રમાણે સરકારી સર્ટીફીકેટ માટેની ફી પણ લેવામાં આવશે.

સઘળા મુખી કામડીયાઓની એ ફરજ રહેશે કે જન્મોની, લગ્નોની અને મરણોની નોંધના માસીક ટીપ પોતપોતાની પ્રોવીન્શીયલ કાઉન્સીલોને મોકલાવી આપવી. મજકુર કાઉન્સીલ જન્મો, લગ્નો અને મરણોની લગતી યોગ્ય નોંધ બુક રાખશે અને તેની સુપ્રીમ કાઉન્સીલને છમાસિક ટીપ મોકલી આપશે. જન્મ, મરણ અને લગ્નનું પ્રમાણપત્ર શીલીંગ ૧ ની ફી ભરવાથી આપવામાં આવશે. એકજ જાતના જન્મ, લગ્ન અને મરણના

પ્રમાણપત્રો અ ખા આફ્રિકામાં રાખવામાં આવશે કે જે સટીઁફીકેટ એક જાતની બનાવવા માટે ફેડરલ કાઉન્સીલ ઘટિત પ્રબંધ કરશે. પ્રોવીન્શીયલ કાઉન્સીલ અથવા મુખી કામડીયા જયાં પ્રોવીન્શીયલ કાઉન્સીલ ન હોય ત્યાં જમાતના મુખી કામડીયા રજીસ્ટ્રાર ઓફ બર્થસ પાસે આવા જન્મો રજીસ્ટર કરાવશે અને બર્થ સર્ટી-ફીકેટ મેળવશે. બાળકના માવિત્ર અથવા વાલીઓએ આવી સરકારી સર્ટીફીકેટ માટેની ફી અગાઉથી આપવાની રહેશે. પ્રોવીન્શીયલ કાઉન્સીલ તરફથી આપવામાં આવતા રજીસ્ટરમાં આવી સરકારી સર્ટીફીકેટનો નંબર દાખલ કરવામાં આવશે.

૨. બચ્ચાની સુન્નત પ્રસંગે થોડા દિવસ પૂર્વે અથવા તો પછી કોઇપણ જાત કે પ્રકારની ખાણીપીણી કે ઉજવણી કરવામાં આવશે નહિ.

૩. છોકરો ૧૮ વર્ષની નીચે હોય, અને છોકરી ૧૬ વર્ષની વયની નીચે હોય તો તેવી કોઇપણ વ્યકિત સગપણ માટે યોગ્ય ગણાશે નહિ.

૪. જયારે સગપણ થઇ જાય અને છોકરી ૧૭

વર્ષની ઉપરની વયની હોય અને જો બેમાંથી એક પક્ષ વિવાહ કરવા નારાજ હોય અને/અથવા છોકરો અથવા છોકરીનો પતો મળતો ન હોય તો પ્રોવીન્શીયલ કાઉન્સીલ વિવાહ કરવા માટે મજકૂર પાર્ટીને ત્રણ અથવા છ મહિનાની નોટીસ આપશે છતાંપણ જો નિષ્ફળ નિવડે તો પ્રોવીન્શીયલ કાઉન્સીલ નિર્ણય કરી સગપણ તોડી નાખવાની પરવાનગી આપી શકશે.

૫. સગપણ અને વિવાહ પ્રસંગોએ નીચેની રસમો પાળવામાં આવશે.

એ. સગપણ વખતે જમાતના મુખી કામડીયાની હાજરીમાં પક્ષકારોની સહીઓ ફેડરલ કાઉન્સીલે મુકરર કરેલા ફોર્મ ઉપરે લેવામાં આવશે. તેના ઉપરે બે સાક્ષીઓની સાહેદી જોઈશે કે જે પૈકી એક મુખી અથવા તો કામડીયાની અવશ્ય હોવી જોઈએ. મુખી કામડીયાએ પક્ષકારોની સગવડતા પ્રમાણે નક્કી કરેલા સમયે પક્ષકારોની સહી લેવી.

સહીઓ કરતી વખતે મુખી કામડીયાની સહીત દસ હીનદારોથી વધુ સંખ્યા હશે નહિ

ફીઆન્સેના માવિત્રો પાસેથી રજીસ્ટ્રેશન ફીના શી. ૫/- વસુલ કરવામાં આવશે.

સગપણની જાહેરાત જમાતખાનામાં તેજ સાંજના કરવામાં આવશે. આ પ્રસંગે કોઈપણ જાતની ઉજવણી કે ખાણીપીણી અથવા સાકરની કે મીઠાઇની લ્હાણી કોઈપણ જગ્યાએ કરવામાં આવશે નહિ.

બી. આ પ્રસંગે ફીઆન્સે અને ફીઆન્સી વચ્ચે વીંટીની આપલે થઇ શકે છે. આ સિવાય કોઈપણ પ્રકારની ભેટ સોગાદની અરસપરસ આપલે થઇ શકશે નહિ.

૬. એ. જો ફીઆન્સે સગપણ પછી અને વિવાહ પહેલાં પોતાનો ધર્મ બદલે, તો સગપણ નિરર્થક અને રદ ગણવામાં આવશે.

બી. જો ફીઆન્સી, સગપણ પછી અને વિવાહ પહેલાં પોતાનો ધર્મ બદલે તો સગપણ નિરર્થક અને રદ કરવામાં આવશે.

૭. એ. જો વર લગ્ન અથવા પુર્નલગ્ન પછી

પોતાનો ધર્મ બદલે, તો કન્યા. તેણીના ધણી તરફથી લગ્ન અથવા પૂર્નલગ્ન વખતે ભેટ મળેલા કપડા અને દાગીનાની હક્કદાર રહેશે. કન્યા છુટાછેડા મેળવવા હક્કદાર રહેશે.

બી. જો કન્યા તેણીના લગ્ન અથવા પૂર્નલગ્ન પછી પોતાનો ધર્મ બદલાવે તો તેણીને લગ્ન અથવા પૂર્નલગ્ન વખતે આપેલા અથવા તે પછી તેણીને તેના ધણી તરફથી મળેલા બધા કપડા અને દાગીના પાછા મેળવવા ધણી હક્કદાર રહેશે. વર તેની ઘરવાળીને છૂટાછેડા આપવા હક્કદાર રહેશે.

૮. વિવાહ પ્રસંગે નીચેના કાયદાઓનું પાલન કરી તેનો અમલ કરવામાં આવશે.

એ. મુસ્લીમ ઇસ્લામીક શરા પ્રમાણે જમાતખાનામાં મુખી કામડીયા રૂબરૂ એક રજીસ્ટરમાં વર અને કન્યાની સહી બે સાક્ષીઓની રૂબરૂમાં કરવામાં આવશે.

બી. વર તથા કન્યા આવા રજીસ્ટરમાં દીવસના ભાગમાં પક્ષકારોની અનુકૂળતા મુજબના સમયે જમાતખાનામાં મુખી કામડીયાની હાજરીમાં સહી કરશે. જે વખતે મુખી કામડીયા અને વર કન્યા સિવાય ૧૦ માણસોથી વધુ માણસોની હાજરી હોવી જોઈશે નહિ.

સી. રજીસ્ટ્રેશનની ફી દરેક પક્ષ પાસેથી શીલીંગ ૧૧-૦૦ લેવામાં આવશે.

ડી. કન્યાને દેજ તરીકે ફકત ચાર સાદા કોલોનીયલ ઢબના ફોકસ તથા એક વીંટી ભેટ તરીકે તેણીના માવિત્રો અથવા વાલીઓ તરફથી આપવામાં આવશે તેવીજ રીતે વર તરફથી કન્યાને ચાર સાદા કોલોનીયલ ઢબના ફોકસ અને એક વીંટી ભેટ તરીકે આપી શકશે.

ઇ. કન્યાના માવિત્રો અથવા વાલીઓ તરફથી વરને એક સુટ અને એક વીંટી ભેટ તરીકે આપી શકાશે.

એફ. શાદીના દિવસે અથવા તો વળતા દિવસે વર અને કન્યા સયુંકત રીતે અથવા તો એકજ પક્ષ ફકત એકજ સંમેલન યોજી શકશે. આ એકજ સંમેલનમાં જમણ કરવું હોય અથવા તો કૅફી પીણા સિવાયની કોઇ પાર્ટી કરવી હોય તો તે કરી શકાશે. આવા એકજ સંમેલનમાં ૧૦૦ માણસોથી વધુ જણાઓને આમંત્રણ આપી શકાશે નહિ. આ એકજ સંમેલન સિવાય બીજી કોઇપણ જાત કે પ્રકારની ખાણીપીણાં, યાતો સનડાઉનર કે સંમેલન શાદીના પ્રસંગે, તેના નામે કે બહાને કોઇના તરફથી પણ વિવાહના દિવસે અથવા તો થોડાક દિવસો પહેલાં કે પછી યોજી શકાશે નહિ.

જી. કન્યાએ શાદી વખતે (લગ્ન રજીસ્ટર કરાવતી વખતે) કોલોનીયલ ઢબનોજ સાદો ફ્રોક પહેરવો.

એચ. સગપણ અને લગ્ન વચ્ચેનો ગાળો ત્રણ માસથી વધુ ન હોવો જોઇએ.

આઈ. પ્રોવીન્શીયલ કાઉન્સીલ અનિવાર્ય સંજોગોમાં

તે મતલબની અરજી આવેથી ટાઈમ વધારી આપી શકશે.

જે. સરકાર સાહેબી સાર આ કલમ ડી અને ઇમાં જણાવ્યા પ્રમાણે હેજ અને ભેટ ઉપરેજ લેવામાં આવશે.

આએ કાયદાઓમાં સ્પષ્ટપણે ઉલ્લેખ કર્યા સિવાયની બીજી કોઇ પણ પ્રકારની ક્રિયા, પાર્ટી, મીજબાની, રસમો, પહેરામણીઓ વિગેરે સગપણ અને લગ્નના પ્રસંગે અથવા તે પ્રસંગો ઉજવવા અંગે કરવામાં આવશે નહિ અને/અથવા પાળવામાં આવશે નહિ.

લગ્નની નોંધ કરાવતી વખતે શી. ૫૧૨૫-૦૦ની ઓછામાં ઓછી રકમ મહોર તરીકે જાહેર કરવામાં આવશે. સાધનસંપન્ન વર પાસેથી તેમના મોભા અને વગ પ્રમાણે મુખી કામડીયાએ પોતાની લાગવગનો ઉપયોગ કરવો, જેથી કરીને સારી જેવી મહોર નક્કી થાય અને તેથી કન્યાના હીતને રક્ષણ મળી શકે.

૯. પુનર્લગ્ન વખતે રજીસ્ટ્રેશન પહેલાં બન્ને પક્ષો વચ્ચે અરસપરસ માન્ય થયેલી બધી શરતો દર્શાવતું કરારનામું પક્ષકારો વચ્ચે કરવામાં આવશે અને તેની નકલ તેમની સહીઓ થયા બાદ લાગતીવળગતી પ્રોવીન્શીયલ કાઉન્સીલને તેની નોંધ માટે મોકલવામાં આવશે. ફકત જમાત અથવા કાઉન્સીલને મોકલેલી નકલમાં જણાવેલી શરતોજ બન્ને પક્ષોને બંધનકર્તા રહેશે. મહેરનો કાયદો પુનર્લગ્નના કેસમાં પણ લગ્નને લગના કાયદા પ્રમાણે લાગુ પડશે.

૧૦. એ. જો એક નોન ઇસ્માઈલી એક ઈસ્માઇલી સાથે પરણેલ હોય અને તે ઇસ્માઇલી ધર્મમાં દાખલ થાય તો આવા દંપતિને ફરીને નવેસરથી લગ્ન ક્રિયા કરવાની જરૂરત રહેશે નહિ. આ દંપતિને કાયદેસર પરણેલું ગણવામાં આવશે.

બી. જયારે એક નોન ઈસ્માઇલી દંપતિ ઇસ્માઈલી ધર્મમાં દાખલ થાય ત્યારે આવા દંપતિને ફરીથી લગ્ન ક્રિયા કરવાની જરૂરત

રહેશે નહિ. તેઓના લગ્ન ગમે તે ધાર્મિક રૂઢીથી થયેલા હશે તે માન્ય રાખવામાં આવશે અને આ દંપતિને કાયદેસર પરણેલું ગણવામાં આવશે.

સી. (i) જો કોઇ ઇસ્માઇલી, ઇસ્માઇલી સિવાય અર્થાત ગેર ઇસ્માઇલી સાથે સગપણ અને અથવા લગ્નનો સબંધ બાંધવા ઇરાદો રાખે તો તે અથવા તેણી, જે કાઉન્સીલની હકૂમતમાં રહેતા હોય તે પ્રોવીન્શીયલ કાઉન્સીલ સમક્ષ સઘળી વિગતો સહિતની અરજી પ્રથમ પેશ કરશે.

(ii) પ્રોવીન્શીયલ કાઉન્સીલ મજકૂર અરજી સબંધમાં ઘટતી તપાસ કરશે અરજદારને તેની વિગત રૂબરૂ રજૂ કરવાને તક આપશે અને સામા પક્ષને જો તેની ઈચ્છા હોય તો તેને પણ રૂબરૂ બોલાવશે, તેમજ તે, તેણી અથવા તેઓના માવિત્રો, સગા સબંધીઓ અને સાક્ષીઓને પણ બોલાવશે અને ત્યારબાદ તે પ્રોવીન્શીયલ કાઉન્સીલ પ્રસ્તુત અરજી પોતાના રીપોર્ટ, અભિપ્રાય અને ભલામણ

સહિત, જો કંઇ હોય તો, સુપ્રીમ કાઉન્સીલને મોકલાવશે.

(iii) મજકૂર અરજી માન્ય રાખવી અથવા તો નામંજૂર કરવાની સૂપ્રીમ કાઉન્સીલને પૂરે-પુરી સતા છે તેમ વધારામાં મજકુર અરજી માન્ય રાખતી વખતે કોઇપણ જાતની વ્યાજબી જણાતી શરતો મુકરર કરવાની પણ સુપ્રીમ કાઉન્સીલને સતા છે.

(iv) જે વ્યકિત આ કાયદામાં જણાવેલી કલમોનું ઉલ્લંઘન કરે અથવા સૂપ્રીમ કાઉન્સીલ તરફથી આ કાયદા હેઠળ થયેલા હુકમોની અવગણના કરે તો તેવી વ્યકિત સામે કામ લઈ નાત બહાર સૂધીની સજા કરી શકાશે.

૧૧. એ. જો કોઇ શખ્શ પોતાની પહેલી ઘરવા-ળીની ગંભીર બીમારી, દીવાનાપણું, ઘાતકી-પણું અથવા નિઃસંતાનપણાના કારણે બીજી ઘરવાળી કરવા ઇચ્છતો હોય તો તેવો શખ્શ ગંભીર બીમારી, ગાંડપણ અને ઘાતકીપણાના બનાવોમાં લગ્ન પછી ત્રણ વર્ષ સુધી, અને નિઃસંતાનપણાના બનાવમાં છ વર્ષ સુધી

ઘરવાળી કરવા માટે પ્રોવીન્શીયલ કાઉન્સીલ સમક્ષ અરજી કરી શકશે નહિ આવી અરજી કરનાર ઉપર જણાવેલ કોઈપણ કારણ માટે ડૉકટરી ખાત્રી પત્રક રજૂ કરશે. પહેલી ઘરવાળીને આવી કોઇપણ અરજી સામે વાંધો ઉઠાવવાનો હક્ક રહેશે.

બી. અરજદારને જો પ્રોવીન્શીયલ કાઉન્સીલ તરફથી પરવાનગી મળે તો પ્રોવીન્શીયલ કાઉન્સીલ પાસે ઓછામાં ઓછી શીંલીગ ૧૦,૦૦૦-૦૦ની રકમ અથવા તેથી વધુ રકમ જે કાઉન્સીલ નક્કી કરે તે ડીપોઝીટ તરીકે રાખશે. ડીપોઝીટ રાખેલી રકમ પ્રોવીન્શીયલ કાઉન્સીલ મજકુર પક્ષકારોના હિસાબે અને જોખમે સદ્ધર જામીનગીરીઓમાં રોકશે અને તેની આવક જો તેની પહેલી ઘરવાળી તેની સાથે એકજ ઘરમાં રહેતી હોય તો ધણીને આપવામાં આવશે.

આવી અરજી ઉપરે વિચારણા ચલાવતી વખતે પ્રોવીન્શીયલ કાઉન્સીલ અરજી કરનાર ધણીની સામાજીક અને આર્થીક સ્થિતી ધ્યાનમાં રાખીને પહેલી ઘરવાળી માટે

માસિક ખર્ચની રકમ નક્કી કરશે. આ રકમ ધણી પોતાની પહેલી ઘરવાળીને ફકત તેણી જયારે તેના ધણીથી અલાયદી બીજે સ્થળે રહે ત્યારે તેના ગુજરાન માટે આપશે.

સી. જો પહેલી ઘરવાળી તેણીના ધણી સાથે રહેશે નહિ તો આવક તેણીને આપવામાં આવશે સિવાય કે છૂટાછેડા કરવામાં આવ્યા હોય. પ્રોવીન્શીયલ કાઉન્સીલ જરૂરીયાતના પ્રસંગે મજકૂર ઘરવાળીને ડીપોઝીટ રાખેલી રકમમાંથી દસમાં ભાગ સુધીની કોઇપણ રકમ આપી શકશે.

ડી. જો પહેલી ઘરવાળી ગુજરી જાય તો કાઉન્સીલ તેણીની ધાર્મીક ક્રિયાઓ માટે ડીપોઝીટ રાખેલી રકમમાંથી દસમા ભાગ સુધીની રકમ ખર્ચી શકશે. બાકીની રકમ ધણીને પરત કરવામાં આવશે.

ઈ. નીચેની શરતો ઉપર ઘરવાળીને છૂટાછેડા માટે અરજી કરવાનો હક્ક રહેશે:-

એ. ગંભીર બીમારી, અથવા બી હોવાનાપણું

અથવા સી. ઘાતકીપણું અથવા ડી. નિઃસં-
તાનપણું પરંતુ પેટા કાયદા ૧૧ (એ) માં
ધણીને લાગુ કરવામાં આવે છે તે શરતોએ.

એફ. દંપતિ પૈકી કોઇને પણ છુટાછેડા મેળવવાનો અધિકાર રહેશે અગરજો તે અથવા તેણીએ સામા પક્ષને લાગલગાટ ત્રણ વર્ષ પર્યંત તરછોડી દીધેલ હોય અને અરજદારે પ્રોવીન્શીયલ કાઉન્સીલને તેમને સંતોષકારક જણાય તેવી રીતે સાબીત કરી આપવું પડશે કે તે અથવા તેણીને શોધવા માટેના સઘળા પ્રયાસો વ્યર્થ ગયા છે. કાઉન્સીલ અરજદારને છુટાછેડા આપી શકશે પરંતુ તે અથવા તેણીને કશી રકમ અંગેનો દાવો હોય તો તે અથવા તેણીનો પતો લાગે ત્યાં સુધી મોકુફ રાખશે.

૧૨. કોઈપણ શખ્શ બીજી ઓરત કરવા ઈચ્છતો હશે તો જે પ્રોવીન્શીયલ કાઉન્સીલની હકૂમત નીચે તે શખ્શ રહેતો હોય તેની રજા મેળવશે. પ્રોવીન્શીયલ કાઉન્સીલ પહેલી ઓરતના કપડા અને દાગીનાની ટીપ કરશે. પહેલી ઓરતને તે

કપડા અને દાગીના ઉપરે સંપુર્ણ હક્ક રહેશે.

૧૩. જો પહેલી ઘરવાળી પુર્નલગ્ન માટે છુટાછેડા કરવા ઇચ્છતી હોય તો પ્રોવીન્શીયલ કાઉન્સીલ તેણીને તેમ કરવા પરવાનગી આપશે. આથી તેણીને ડીપોઝીટની ૫૦ ટકાની રકમ આપી શકાશે અને કપડાઓ, દાગીના તેણી પોતા પાસે રાખી શકશે.

૧૪. છુટાછેડા મેળવેલ ઓરતને છૂટાછેડાની તારીખથી ચાર માસ પૂરા થાય ત્યાં સુધી પૂર્નલગ્ન કરવાનો હક્ક રહેશે નહિ. અગર તે બાઈ ગર્ભવંતિ હોય તો બાળકના જન્મ પછી એક માસ બાદ પુર્નલગ્ન કરી શકશે.

૧૫. જો ધણી અને/અથવા ધણીયાણી છુંટાછેડા ઇચ્છે તો કાઉન્સીલ તેઓને છુટાછેડા ન કરવા સમજાવવા માટે બે શખ્શોની નિમણુંક કરશે. અનિવાર્ય સંજોગો સિવાય છૂટાછેડા મંજુર કરવામાં આવશે નહિ. ત્યારબાદ કાઉન્સીલ આ બાબતમાં તેમજ તેના ગુણદોષનો નિર્ણય આપતા પહેલા તપાસ કરશે. છૂટાછેડા આપતી વખતે

કાઉન્સીલને ધણીયાણીનો વાંક જણાય તો કાઉન્સીલ ધણીને અમુક રકમ આપી શકવા સતાવાર છે કે જે રકમ મહોરની રકમમાંથી મજરે લઈ શકાશે.

છુટાછેડાની અરજીઓનો તાત્કાલિક નિકાલ કરવામાં આવશે અને તેનો ચુકાદો અપીલનો વખત પૂરો થઈ ગયા બાદ પક્ષકારો જે જગ્યાઓમાં રહેતા હોય ત્યાંનાજ ફક્ત જમાતખાનામાં વાંચવામાં આવશે.

જો ધણી છુટાછેડા માંગે તો પ્રોવીન્શીયલ કાઉન્સીલ જેટલી રકમ નક્કી કરે તેટલી તેની ઘરવાળીને આપવા ફરજ પાડશે. જો ધણી તે નક્કી થયેલી રકમ નહિ આપે તો પ્રોવીન્શીયલ કાઉન્સીલ તે રકમ મજકૂર ઓરતના માટે મેળવવાને હેતુથી ધણીને સજા કરશે.

જો તે નક્કી થયેલી રકમ ધણીયાણી લેવાને ઇન્કાર કરે તો પ્રોવીન્શીયલ કાઉન્સીલ તે રકમ ઓરતના હિતાર્થે ડીપોઝીટ તરીકે રાખશે અને ધણીને મુક્ત કરશે જો કોઈ ઓરત પોતાના

ધણીથી છુટાછેડા કરવા ઇચ્છતી હશે તો પ્રોવીન્શીયલ કાઉન્સીલ તેણીને છુટી કરશે. પણ તેણી "મહોર" અથવા તો બીજી કોઇ રકમ ઉપરનો પોતાનો હક્ક કદાચ ગુમાવશે.

પ્રોવીન્શીયલ કાઉન્શીલનો નિર્ણય બધા પક્ષકારોને બંધનકર્તા રહેશે પરંતુ તેઓને અપીલ કરવાનો હક્ક રહેશે. મજકૂર પક્ષકારોને ઉપર મૂજબ બધી શરતો પૂરી કર્યા બાદજ છૂટાછેડા આપવામાં આવશે.

૧૬. છૂટાછેડા વખતે સગીર બચ્ચાંઓ-જો કોઈ હોય તો- જયાં સુધી તે સાત વર્ષની ઉમરના ન થાય ત્યાં સુધી પ્રોવીન્શીયલ કાઉન્સીલ ઘરવાળીને આપી શકશે. આવા સગીર વયના બચ્ચાઓના ભરણપોષણની રકમ ધણી આપશે.

૧૭. જો ધણી અને ઓરત જૂદા જુદા ગામમાં રહેતાં હોય તો છૂટાછેડાના કેસની સુનાવણી ફેડરલ કાઉન્સીલની સંપુર્ણ મુનસફીથી કોઇપણ ગામમાં રાખવામાં આવશે કે જેમનો નિર્ણય આખેરી અને સંપુર્ણ હશે.

૧૮. છુટાછેડાના કેસોમાં જયાં સુધી અપીલનો નિર્ણય ન આવે ત્યાં સુધી કાઉન્સીલનો નિર્ણય અમલમાં મુકાશે નહિ. જો ધણી અપીલ કરે તો અપીલની મુદત દરમ્યાન તેની ઘરવાળીને તેના અને તેણીના બાળક કે બાળકોના ભરણપોષણ માટે કાઉન્સીલ માસીક રકમ નક્કી કરે તેટલી રકમ આપવામાં આવશે.

૧૯. એ. જો વીધવા પૂર્નલગ્ન કરવા ઈચ્છતી હોય અને તેણીના કબજામાં તેણીના મર્હુમ ધણીના કોઇ દાગીના કે બીજી કોઇ મીલ્કત હોય તો પ્રોવીન્શીયલ કાઉન્સીલની એ ફરજ રહેશે કે સગીર બચ્ચાંઓને તેમના પિતાની મીલ્કત મળે તેનો ખ્યાલ રાખે.

બી. અગરજો કોઇ વિધુર પૂર્નલગ્ન કરવા ઇચ્છતો હોય તો તેણી પોતાની આગલી ઘરવાળીના મરણને લગતી સર્ટીફીકેટ રજૂ કરવી પડશે. તેની મર્હુમ ઘરવાળીનું જે સ્થળે મરણ થયું હોય તે ગામના મુખી કામડીયાનો પત્ર તે સબંધમાં પૂરતો ગણાશે.

૨૦. કોઈપણ ઈસ્માઇલી નીચે જણાવેલા તેના સગાઓની સાથે તે અથવા તેણી સાથે લગ્ન સબંધ જોડી શકાશે નહિ.

"પૂત્રવધુ, સાસુ, સાવકી પુત્રી, સાવકી મા, સાવકી બહેન, બહેન, મા, પૂત્રી, ફોઇ, માસી, ભાણેજી, અને ભત્રીજી, અને બે બહેનો સાથે પણ એકી સાથે લગ્ન સબંધ જોડી શકશે નહિ."

૨૧. ધણી અને ધણીયાણી જેઓ વચ્ચે છૂટાછેડા થયા હોય અને તેઓ પુનઃશાદી કરવા ઇચ્છે તો તેવા પુનર્લગ્ન થઇ શકશે નહિ. સીવાય કે મજકુર છુટાછેડા મેળવેલ ધરવાળીએ અન્ય કોઈપણ પૂરૂષ સાથે શાદી કરેલ હોય અને પાછા તે બીજા ધણી છુટાછેડા મેળવેલ હોય તો.

૨૨. કોઈને પણ ભાંતી અને ઝીયારતના વખતે બોલાવવામાં આવશે નહિ. કપડાં આપતી વખતે અને મીજલસ વખતે જમણની બંધી કરવામાં આવે છે.

૨૩. કોઈએ પણ મરણ અથવા લગ્નની ક્રિયાઓ કે જે ઉપર પ્રમાણે બહુજ સ્પષ્ટાપુર્વક જણાવી

છે તે મુખી કામડીયા તરફથી એ કાર્યો માટે નીમાયેલા શખ્શો સિવાય બીજા કોઇ પાસે કરાવવી નહિ.

૨૪. કોઇપણ શીયા ઈમામી ઈસ્માઈલીને દફનાવવા માટે મુખી કામડીયાની પરવાનગી અવશ્ય મેળવવી જોઇશે.

૨૫. લાગતીવળગતી જમાતના મુખી કામડીયાની રજાથી કોઇપણ દીનદાર કબર બંધાવી શકશે. લાગતી વળગતી કાઉન્સીલ મંજુરી માટેની ફી નક્કી કરશે. મંજુરીની ફી મૂખી કામડીયાને મરણ કેડે એક વર્ષની અંદર આપવામાં આવશે અને મરણની તારીખથી કબર બે વર્ષમાં બંધાવવામાં આવશે ત્યારબાદ જો જગ્યાની શકયતા અને સગવડ હોય તો કાઉન્સીલ કબર બંધાવવા માટે પરવાનગી આપી શકે છે.

૨૬. કોઇપણ ઇસ્માઈલીને, કોઇ દીનદારના મરણની ખબર બહારગામથી આવે તો તેની ફકત સમરની ક્રિયા જમાતખાનામાં કરી શકશે. જો મરણ એવી જગ્યાએ થયેલ હોય કે જયાં ધાર્મિક ક્રિયા થઇ શકેલ ન હોય તો તેવી ક્રિયા જે શખ્શોને મજકૂર ખબર મળે તેઓ કરી શકે છે.

૨૭. મરણ બાદ સોગની ચા આપવાની રસમ બંધ કરવામાં આવે છે.

૨૮. મરણ થયું હોય ત્યાં કપડા આપવા અને તેને લગતી બીજી ક્રિયાઓ વખતે બાઇઓને તેને ઘરે જવાની રસમ બંધ કરવામાં આવે છે. આવી સઘળી ક્રિયાઓ અને જયારતની ક્રિયા માત્ર જમાતખાનામાં કરવામાં આવશે.

૨૯. સોગની પછેડી બદલવાની રસમ બંધ કરવામાં આવે છે.

૩૦. દફન ક્રિયા પછી સમરની ક્રિયા જમાતખાનામાં પતાવવામાં આવશે.

૩૧. સગપણ, લગ્ન અને મરણને લગતી ક્રિયાઓ અને ઉજવણીઓનો જે આ કાયદાઓમાં બહુજ ચોખવટપુર્વક ઉલ્લેખ કરવામાં આવેલ છે તે સિવાયની બીજી કોઇપણ જાત કે પ્રકારની ક્રિયા, ઉજવણી કે ખાણીપીણા કરવામાં આવશે નહિ. કોઈ વ્યકિત આ કાયદાઓનો ભંગ કરશે તો તેના ઉપરે કામ લઈ સજા કરવામાં આવશે.

# પ્રકરણ દસમું

## પરચુરણ

૧. કોઈપણ દીનદાર મૌલાના હાઝર ઈમામ હીઝ હાઇનેસ ધી આગાખાનને અરજી કરવા ઈચ્છતો હશે તો નીચેની પધ્ધતિ અનુસાર કરી શકશે.

એ. (i) જમાતી બાબતોને સ્પર્શતી અરજીઓ તે દીનદાર જે પ્રોવીન્શીયલ કાઉન્સીલની હકુમત નીચે રહેતો હોય તેમના મારફતે કરવાની રહેશે. પ્રોવી–ન્શીયલ કાઉન્સીલ મજકૂર અરજી તેમને મળ્યાના આઠ દીવસની અંદર સુપ્રીમ કાઉન્સીલને પોતાના રદીયા સાથે મોકલાવશે. સુપ્રીમ કાઉન્સીલ ત્યાર-બાદ તે અરજી પોતાના રદીયા સાથે મૌલાના હાઝર ઈમામને ફેડરલ કાઉન્સીલ મારફતે પેશ કરશે.

(ii) ધાર્મીક અને સરકાર સાહેબી બાબતોને સ્પર્શતી અરજીઓ અને બ્રધરહુડોના રીપોર્ટો મરણો વિગેરે સબંધમાં, એકઝીકયુટીવ કાઉન્સીલ મારફતે

પેશ થવા જોઇએ.

બી. બીલ્ડીંગ સોસાયટીઓ, કોરપોરેશનો, કોઓપરેટીવ સોસાયટીઓ વિગેરે જેમણે ડાયમન્ડ જ્યુબીલી ઇન્વેસ્ટમેન્ટ ટ્રસ્ટ લીમીટેડ પાસેથી નાણા ઉછીના લીધા હોય તો તેવી સંસ્થાઓની અરજીઓ ડાયમન્ડ જ્યુબીલી ઈન્વેસ્ટમેન્ટ ટ્રસ્ટ મારફતે મૌલાના હાઝર ઈમામને પેશ થઇ શકશે.

ઇન્વેસ્ટમેન્ટ ટ્રસ્ટ ત્યારબાદ આવી અરજીઓ મૌલાના હાઝર ઇમામને પેશ કરશે. કોઈપણ સંસ્થા જેમણે ઇન્વેસ્ટમેન્ટ ટ્રસ્ટ પાસેથી નાણા ઉછીના લીધા ન હોય તેવી સંસ્થાઓની ઇચ્છા હોય તો તેમના રીપોર્ટો ઉપયુક્ત કલમ એ (i) માં ઉલ્લેખ કર્યા પ્રમાણે પ્રોવીન્શીયલ અને સુપ્રીમ કાઉન્સીલ મારફતે પેશ કરી શકશે.

સી. એજ્યુકેશનને લગતી બાબતો સબંધની અરજીઓ લાગતી વળગતી એજ્યુકેશન બોર્ડ મારફતે પેશ થઈ શકશે. તેવીજ રીતે પોલીટીક્સને સ્પર્શતી બાબતો લાગતી વળગતી પોલીટીકલ કમીટી મારફતે પેશ થઈ શકશે.

૨. કોઇપણ વ્યકિત કાઉન્સીલ અથવા જમાતને સ્પર્શતી બાબતો સબંધમાં સુપ્રીમ કાઉન્સીલને અરજી કરવા ઈચ્છતી હશે તો અસલ અરજી તેની નકલ સાથે જે પ્રોવીન્શીયલ કાઉન્સીલની હકૂમતમાં તે રહેતી હોય તેને મોકલી આપશે અને તેની રસીદ

મેળવશે. પ્રોવીન્શીયલ કાઉન્સીલ તે અસલ અરજી ઉપર તેના પ્રેસીડન્ટની સહી લેશે અને સુપ્રીમ કાઉન્સીલને તે મળ્યાના પંદર દીવસ અંદર તેના રદ્દીયા સહીત મોકલી આપશે.

૩. કોઈપણ શીયા ઈમામી ઈસ્માઈલી તરફથી કાઉન્સીલને ઉદ્દેશીને લખવામાં આવતાં સઘળા પત્રો ટુંકાણમાં અને વિવેકપુરઃસર હોવા જોઈશે. કોઈપણ તરફથી અવિવેક અને અણછાજતા લખાણો આવે તો તે વ્યકત ઉપરે કામ લઈ સજા કરી શકાશે.

૪. મૌલાના હાઝર ઈમામ તરફથી નવાજેશ થયેલ પવિત્ર તાલીકા મુબારકનું વાંચન ફકત જમાતખાનામાંજ કરવામાં આવશે અને તેની નકલ કોઈને પણ આપવામાં આવશે નહિ તેમજ તેને કોઈપણ પ્રકારે પ્રગટ કરવા માટે કોઈને પણ પરવાનગી અપાશે નહિ. પવિત્ર તાલીકાની બધી વિગતો પ્રોવીન્શીયલ કાઉન્સીલો તરફથી સઘળી જમાતોને સરક્યુલરદ્વારા પાઠવવામાં આવશે.

૫. પ્રસંગોપાત જુદી જુદી જરૂરીયાતોને પ્હોંચી

વળવાના આશયસર પ્રોવીન્શીયલ કાઉન્સીલને આએ કાયદાઓ પૈકી કોઈ કાયદાને કશી રીતે બાધકર્તા ન થાય તેવા લોકલ ઠરાવો ઘડવા માટેની સતા આપવામાં આવે છે.

આવા લોકલ ઠરાવો સુપ્રીમ કાઉન્સીલની મંજુરી મેળવ્યા બાદજ અમલમાં મુકાશે. આવા ઠરાવો એક વર્ષ પર્યંત અમલમાં રહેશે સિવાય કે તે ફરીને મંજુર કરવામાં આવ્યા હોય.

૬. ફેડરલ કાઉન્સીલ સિવાય અન્ય કોઇપણ વ્યકિત, અને કાઉન્સીલને આએ કાયદાઓ પૈકી કોઇપણ કાયદા રદ કરવા કે તેમાં ફેરફાર કરવાની સતા નથી

ફેડરલ કાઉન્સીલ હાઝર રહેલા મેમ્બરોમાં $\frac{2}{3}$ મતથી તેમ કરી શકશે. આવા ફેરફાર કે રદ કરેલા કાયદા જયાંસુધી મૌલાના હાઝર ઈમામ હીઝ હાઇનેસ ધી આગાખાનની મંજૂરી મળે નહિ ત્યાં સુધી અમલમાં આવશે નહિ.

૭. જો કોઈપણ નવો કાયદો ઘડવાની જરૂર જણાય તો ફેડરલ કાઉન્સીલ તેના બંધારણની

હદમાં અને સઘળી સુપ્રીમ અને પ્રોવીન્શીયલ કાઉન્સીલોનાં મંતવ્યો અને અભિપ્રાયો મેળવ્યા પછી કરી શકશે. આ અંગેનો રીપોર્ટ મૌલાના હાઝર ઇમામ હીઝ હાઈનેસ ધી આગાખાનને મોકલવામાં આવશે અને મૌલાના હાઝર ઇમામ હીઝ હાઇનેસની મંજૂરી ન મળે ત્યાં સુધી તે અમલમાં આવશે નહિ.

૮. પોતાના ફૂલ્લ મુખત્યારી અને મુનસફી અનુસાર આ કાયદાઓમાં સુધારા વધારા અગર કંઇપણ ફેરફાર કરવા માટે મૌલાના હાઝર ઇમામ હીઝ હાઈનેસ ધી આગાખાનને સંપૂર્ણ અધિકાર છે.

૯. મૌલાના હાઝર ઇમામ હીઝ હાઈનેસ ધી આગાખાનને કોઇ કાઉન્સીલ, સંસ્થા કે મંડળીના મેમ્બર કે મેમ્બરોને બરતરફ કરવા, ઉમેરવા કે નિમણુંક કરવા અથવા તેમાં પડેલી ખાલી જગ્યાની પૂરવણી કરવાની સત્તા છે; તેમ થતાં સબંધકર્તા કોઈપણ કાયદાને હરકત થયેલી ગણવામાં આવશે નહિ.

૧૦. કોઇપણ કાઉન્સીલ આ પવિત્ર કાયદાઓની વિરૂધ્ધ કોઈપણ ઠરાવ પાસ કરશે નહિ. જો

કોઇ કાઉન્સીલ તે પ્રમાણે કરે તો કોઇપણ કાઉન્સીલના સભ્યને અપીલ કરવાનો હક્ક રહેશે. આવો ઠરાવ અપીલનો નિર્ણય આવે ત્યાં સુધી અમલમાં મુકી શકાશે નહિ.

૧૧. જો કોઇ શખ્શ કોઇ ખોટો તાર, કાગળ અથવા લખાણ કોઈ જમાત અથવા કાઉન્સીલના મેમ્બરના નામે અથવા સંસ્થાના નામે કરવા બદલ ગુનેહગાર ઠરશે તો તેને સજા કરવામાં આવશે.

૧૨. આપણું પવિત્ર બંધારણ અગર તો જમાતના સિધ્ધાંતોની વિરૂધ્ધમાં કોઈપણ સ્થળે સભા બોલાવવા માટે કોઇપણ વ્યક્તિ ગુનેહગાર ઠરશે તો તેને સજા કરવામાં આવશે.

૧૩. મૌલાના હાઝર ઇમામ હીઝ હાઈનેસ ધી આગાખાન, કોઈપણ કાઉન્સીલ, સંસ્થાઓ, સોસાયટીઓ અથવા તો કોમની કોઇપણ મંડળીને લાગુ પડતા અથવા સબંધ ધરાવતા, કોઇપણ પ્રકારનો પત્રવહેવાર, જજમેન્ટ, ઠરાવ અથવા તો કોઈપણ બાબત, લાગતી વળગતી કાઉન્સીલની પ્રથમથી મંજુરી

મેળવ્યા શિવાય કોઇપણ વ્યકિત, કોઈપણ પ્રકારે છાપી છપાવી કે પ્રગટ કરી શકશે નહિ.

૧૪. કોઈપણ દીનદાર વ્યકિત ગેરવર્તણુંક ચલાવે કે જેથી ઇસ્માઈલીયા કોમને કોઈપણ રીતે હીણું-કે કલંક લાગે તો કાઉન્સીલ તેવી વ્યકિત, તે અથવા તેણી સામે કામ લઈ સજા કરવાને સતાવાર છે.

૧૫. કોઈપણ વ્યકિત આ કાયદાઓના જુદા જુદા શિર્ષકમાં દર્શાવેલા કલમોનો ભંગ કરશે તો તે કાઉન્સીલ યોગ્ય ધારે તે પ્રમાણે તે સજાને પાત્ર થશે.

૧૬. પ્રોવીન્શીયલ કાઉન્સીલ અથવા સુપ્રીમ કાઉન્સીલનો કોઈપણ મેમ્બર આ પવિત્ર કાયદાઓ પૈકી કોઇપણ કાયદાનો ભંગ કરશે તેમજ તે અથવા તેણી વિરૂધ્ધ કોઇપણ કેસ દાખલ કરવામાં આવેલ હોય તો મજકૂર કેસ ફેડરલ કાઉન્સીલમાં ચલાવવામાં આવશે.

આ કેસ તાત્કાલિક અને કરકસરના મુદ્દાને

દ્રષ્ટિ સમીપે રાખીને ચલાવવાના આશયસર સાક્ષીઓની સગવડતા અર્થે ફેડરલ કાઉન્સીલ તેમની પોતાની મુનસફીથી તેમના મેમ્બરો પૈકી બે અથવા તેથી વધુ મેમ્બરોને નક્કી કરે તે સ્થળે કેસ ચલાવવા સત્તા આપી શકશે.

૧૭ જે કોઈપણ વ્યક્તિ આ પવિત્ર કાયદાઓની કોઈપણ કલમનો અથવા કોઈપણ કાઉન્સીલના હુકમોનો, સુચનાઓનો, કાયદાઓનો, અથવા પેટા કાયદાઓનો ભંગ કરશે અથવા ભંગ કરવા માટે મદદ, સહાયતા કે સાથ આપશે તો તેના ઉપર કામ લેવામાં આવશે અને સજાને પાત્ર થશે.

૧૮. જે કોઈ પ્રોવીન્શીયલ કાઉન્સીલ નક્કી થયેલા કાયદાઓની વિરૂધ્ધ વર્તે તો કોઇપણ શીયા ઇમામી ઇસ્માઈલી, સુપ્રીમ કાઉન્સીલને ફરીયાદ કરી શકશે.

૧૯. જો સુપ્રીમ કાઉન્સીલ નક્કી થયેલા કાયદા—ઓથી અથવા તો આ કાયદાઓ નીચે બનેલા ઠરાવો વિરૂધ્ધ વર્તે તો કોઇપણ શીયા ઇમામી ઈસ્માઇલીને મૌલાના હાઝર ઈમામ હીઝ હાઇનેસ

ધી આગાખાનને ઘટતી સંસ્થા મારફતે અપીલ કરવાનો હક્ક છે. જો ત્રણ મહિનાની અંદર તેનો જવાબ ન ફરી વળે તો અપીલ રદ થયેલી ગણાશે.

૨૦. બધી દુકાનો અથવા વેપારના બીજા મથકો પ્રોવીન્શીયલ કાઉન્સીલે અથવા જે સ્થળોએ કાઉન્સીલો ન હોય ત્યાંના મુખી કામડીયાએ જાહેર કરેલા પ્રસંગોએ બંધ રાખવા.

૨૧. હીઝ હાઈનેસ ધી આગાખાનના શીયા ઈમામી ઈસ્માઈલી મુરીદોની અભિલાષા અને પ્રણાલિકા છે કે જે રાજયમાં તેઓ વસવાટ કરતા હોય તેને વફાદાર રહે અને તે સરકારના કાયદાઓને આધિન રહે તેમજ જે મુજબના પ્રસંગો ઉપસ્થિત થાય તે મુજબ તે રાજય માટે દુઆ માંગે, ખુશીયા મનાવે તેમજ હમદર્દી દાખવે.

શીયા ઈમામી ઇસ્માઇલી કોમનો એ પણ રિવાજ છે કે ખાસ પ્રસંગોએ સરકારને માનપત્રો પેશ કરે (આવા માનપત્રોમાં કાઉન્સીલના બધા મેમ્બરોએ સહી કરવી) કોઈ વખતે, આવું માનપત્ર પેશ કરતી બીજી કોમો સાથે જોડાવાનું જો

સલાહકારક અને જરૂરી જણાય તો તેમના પોતાના હિતોને જોખમમાં મૂકયા સિવાય તેઓ તેમ કરી શકે છે.

૨૨. શીયા ઇમામી ઇસ્માઇલીઓની પ્રણાલીકા મુજબ રાજકર્તાનો જન્મદિવસ સામ્રાજયમાં બધે ઠેકાણે પાળવામાં આવશે અને તે રાજયકર્તાના દિર્ઘાયુષ્ય અને તંદુરસ્તી માટે દુઆગુજારી કરવામાં આવશે તેવીજ રીતે જે પ્રાંતની હકૂમત હેઠળ ઈસ્માઇલીઓ રહેતા હોય તેના સ્વતંત્ર દીનની ઉજવણી યોગ્ય શિષ્ઠાચારથી કરવામાં આવશે.

૨૩. કોઇપણ પ્રોવીન્શીયલ કાઉન્સીલ કે જમાત સુપ્રીમ કાઉન્સીલની પરવાનગી સિવાય કોઈપણ અન્ય કોમ સાથેનો સબંધ તોડશે નહિ.

૨૪ પ્રોવીન્શીયલ કાઉન્સીલે, નિરાધાર વ્યકિતઓ અને વૃદ્ધ માવિત્રોના ભરણપોષણ માટે તેઓના દીકરાઓ, ભાઇઓ અને/અથવા પિતાઓ પાસેથી યોગ્ય રકમ મેળવવા બનતા પ્રયાસો કરવા જોઈએ.

જો કોઇ ગરીબ અને નિરાશ્રીત ઇસ્માઇલીને નિયમીત ગુજરાન માટે

નાણાકિય મદદની જરૂર હોય તો તે અથવા તેણી પ્રોવીન્શીયલ કાઉન્સીલને અરજી કરશે કે જે પ્રોવીન્શીયલ કાઉન્સીલ પોતાની ભલામણ સહિત એકઝીકયુટીવ કાઉન્સીલને મોકલી આપશે.

૨૫. કોઇપણ કાઉન્સીલ અથવા જમાત સિવાય કોઈપણ વ્યકિત ગોલ્ડન જ્યુબીલી ડે, ઇમામત ડે, અથવા તો તેવા પ્રસંગોએ કોઇપણ પ્રકારની પાર્ટી કે રીસેપશન મેલાવડો અથવા તો કોઈપણ પ્રકારનું સંમેલન ગોઠવી શકશે નહિ.

૨૬. મુખી કામડીયા ફકત નોકર ચાકરના પગારો અને ખતી વીગેરે માટે જમાતખાના અંગેના ખર્ચ માટે વ્યાજબી રકમ વાપરશે. એકઝીકયુટીવ કાઉન્સીલ, ઇતમાદી ડીપાર્ટમેન્ટની પ્રથમથી પરવાનગી મેળવ્યા સિવાય બીજો કશો પણ ખર્ચ સરકાર સાહેબી કારસાજીમાંથી તેઓને કરવાની સતા નથી.

૨૭. મૌલાના હાઝર ઇમામના પવિત્ર અને શાનદાર ઈમામત ડેની ઉજવણીની સમગ્ર આફ્રિકામાં પ્રત્યેક વર્ષે ઓગસ્ટ માસની કોઇ એક શનિવારની રાત્રે અને રવિવારના દીવસે કરવામાં આવશે. આ

તારીખો પ્રત્યેક વર્ષે ફેડરલ કાઉન્સીલ તરફથી નક્કી કરી બહાર પાડવામાં આવશે. આ ફકત એકજ પ્રસંગ છે કે જે વખતે જમાતી સઘરીઘામ જમણુ કરવાની છૂટ છે.

૨૮. સઘળા સ્થળોએ, પ્રોવીન્શીયલ કાઉન્સીલો અગર જમાતો, કોમની ઉન્નતી, ગ્રહસંસારિક, કરકસર અને બાનુઓનો સાદો પોષાક વિગેરે વિષયો ઉપર ભાષણો કરશે અને વિવેચનો ગોઠ– વશે. આવા સાપ્તાહિકો નિયમિતપણે જમાતખાનામાં ગોઠવવામાં આવશે પ્રોવીન્શીયલ કાઉન્સીલે બાજી કોમના ભણેલી બાઈઓને બાળ હિતને લગતા વિષયો ઉપર ભાષણો આપવા નિમંત્રણો પાઠવવા. બાળ હિત માટે સઘળી પ્રોવીન્શીયલ કાઉન્સીલો અને જમાતોની કાયમના માટે પ્રબંધ કરવાની ફરજ રહેશે.

૨૯. બધી કાઉન્સીલો અને જમાતો વર્ષમાં ઓછામાં ઓછા એક વખત "બેબી શો" કહેતાં કે બાળ પ્રદર્શન ગોઠવશે. આવા પ્રદર્શનોમાં ઉતીર્ણ થયેલા બાળકોને ઈનામો વિગેરે આપી જેટલું બની શકે તેટલું વધુ ઉતેજન આપવામાં આવશે

૩૦. ફકત માન્ય રાખેલા પીરોના ગીનાનો અને મૌલાના હાઝર ઈમામના સતાવાર ફરમાનો જમાતખાનામાં બોલવામાં અને વાંચવામાં આવશે.

૩૧. જો આફ્રિકામાં કોઈપણ ઠેકાણે નવી કાઉન્સીલ સ્થાપવાની જરૂર જણાય તો લાગતી વળગતી જમાત, પ્રોવીન્શીયલ કાઉન્સીલ મારફતે સુપ્રીમ કાઉન્સીલને અરજી કરશે. સુપ્રીમ કાઉન્સીલ પોતાના અભિપ્રાય સહિત મંજુર અરજી મૌલાના હાઝર ઈમામ હીઝ હાઇનેસ ધી આગાખાનને પેશ કરશે.

૩૨. કોઇપણ સંસ્થા અથવા વ્યકિત, 'ઇસ્માઈલી', ઇસ્માઈલીઆ અને/અથવા મૌલાના હાઝર ઇમામના નામનો તેમના પોતાના અંગત અથવા વેપારના નામ સાથે અથવા સંસ્થાના નામ સાથે, લાગતી વળગતી પ્રોવીન્શીયલ કાઉન્સીલની પ્રથમથી પરવાનગી મેળવ્યા સિવાય જોડી કે વાપરી શકશે નહિ.

૩૩. પવિત્ર કાયદાઓનું વાંચન વર્ષમાં ઓછામાં ઓછા એક વખત જાહેર રીતે જમાતખાનામાં કરવામાં આવશે.

૩૪. કોઇપણ ઇસ્માઇલી કોઇ સંસ્થાના નામે

અથવા તો વ્યકિતગત મૌલાના હાઝર ઈમામ અથવા જમાત સબંધી કોઈપણ પ્રકારનું નીવેદન આપશે નહિ કે પ્રસીધ્ધ કરશે નહિ.

૩૫. કાયદાઓ અક્ષરશ: અને તેજ પ્રમાણે તેનો હાર્દ અને તાત્પર્ય સમજી તેનું પાલન કરવામાં આવશે. જો આ કાયદાઓ પૈકી કોઈપણ કાયદાનાઅર્થ સબંધી મતભેદ ઉભો થાય તો ફેડરલ કાઉન્સીલે નક્કી કરેલ અર્થ મંજુર રાખવામાં આવશે, પરંતુ તે ઉપર મૌલાના હાઝર ઈમામ હીઝ હાઈનેશ ધી આગાખાન સમક્ષ અપીલ કરવાની છુટ રહેશે.

૩૬. આ કાયદાઓ સતાધિકારીઓ સમક્ષ જયારે જરૂર પડે ત્યારે લેશ પણ અચકાયા વગર રજુ કરવામાં આવશે.

૩૭. અંગ્રેજીમાં છપાએલા કાયદાઓ ફકત કાયદેસર અને સતાવાર ગણાશે અને માન્ય રાખવામાં આવશે. ગુજરાતીમાં છપાએલા કાયદાઓના અંગ્રેજી કાયદાઓના ભાષાંતર તરીકે ગણવામાં આવશે.

૩૮. આ પવિત્ર કાયદાઓનું પુસ્તક આખા આફ્રિકામાં બધી કાઉન્સીલોની ઓફીસમાં નકલના શીલીંગ ૪-૦૦ ભરવાથી મેળવી શકાશે.

૩૯. સઘળા શીયા ઇમામી ઈસ્માઈલીઓ, છોકરાઓ ૧૮ વર્ષની ઉમરના અને છોકરીઓ ૧૬ વર્ષની ઉમરની થાય અથવા તે ઉમર થઈ જવા પામી હોય તો તેમણે નક્કી કરેલ મૌલાના હાઝર ઇમામને વફાદારી પ્રદર્શીત કરતા ફોર્મમાં અવશ્ય સહી કરવી પડશે. જો કોઇ આ કાયદાનું ઉલ્લંઘન કરશે તો તે અથવા તેણીને એક નોટીસ મોકલાવી મજકૂર વફાદારીના ફોર્મમાં ૩૦ દિવસની અંદર સહી કરવા જણાવવામાં આવશે, અને અગરજો તે અથવા તેણી તરફથી જવાબ ન મળે તો તે અથવા તેણીને નોન ઇસ્માઇલી તરીકે જાહેર કરવામાં આવશે. અને તેવા નોન ઇસ્માઈલીને લગતી મરણક્રિયાને લગતી બધી બાબતોમાં તે અથવા તેણીને સીસીડરોની માફક ગણવામાં આવશે.

૪૦. અગર જો બન્ને માવિત્રો સોગનવિધિના ફોર્મમાં સહી ન કરે તો તેમના સગીર વયના બાળકોને પણ (જો તે હોય તો) ઉપયુકત કલમમાં ઉલ્લેખ કર્યા પ્રમાણે નોન ઇસ્માઇલી તરીકે ગણવામાં આવશે.